
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર

# કચ્છશ્રુતિ


❖ વર્ષ : ૨૭
❖ અંક : ૧૧
❖ ૧૫ મે, ૨૦૧૪
❖ કિંમત : રૂા. ૩/-

❖ પાના નં. ૧ ❖ કુલ પેજ ૪૦
❖ પ્રસિદ્ધ કર્યા તા. : ૧૦-૫-૨૦૧૪

❖ તંત્રી : ભરત ઓઝા

તસ્વીર સૌજન્ય : જયસુખ પારેખ 'સુમન' - ભુજ


Let's Move towards Nature...
All things will be destroyed with
time but time never just like...
शाश्वत
Green
Plots & Farmhouse
ACTUAL SITE PHOTOGRAPHS
CLUB HOUSE
CHILDREN PLAY AREA
RESTROOM IN CLUBHOUSE
INDOOR GAMES
SWIMMING POOL
JOGGING TRACK
READY
POSSESSION
N.A. PLOTS
Located in just 10 minutes away
from TATA NANO, FORD, P. & G., PEUGEOT, HITACHI.
20 Minutes Drive From Ahmedabad.
Developer:
Shashwat Realtors
Hasmukh Patel: 9879608051,
Vinod Patel: 9879608054,
Anupam Patel: 9879608057.
Site Address:-
Shashwat Green
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanand - Nalsarovar Road, Dist.: Ahmedabad.

વર્ષ-૨૭ ◆ અંક-૧૧
૧૫ મે, ૨૦૧૪

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**શ્રી ભરત ઓઝા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૭૧૪૮૩૩
Email : ozabvo@gmail.com
**શ્રી દિનેશ માંકડ - સહ તંત્રી**
મો. ૯૪૨૭૯૬૦૯૭૯
Email : mankaddinesh1952@gmail.com

**વ્યવસ્થાપક સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડીયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨૭૫૦૭૮
**ડો. મુકેશ ચૌહાણ - સહ કન્વીનર**
મો. ૯૯૨૫૪૭૮૭૯૨

★ **વિભાગીય સંપાદન** ★
**મહિલા વિશ્વ** - રેખાબેન શુક્લ
**ગાંધીનગર ગાથા** - વર્ષાબેન મહેતા
**શબ્દ શોધ** - પ્રદિપ જોષી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૬.
ફોન : (કચ્છી સમાજ) ૦૭૯-૨૬૫૭૬૧૮૪
Email : kutchshruti@yahoo.com

**Kutchshruti Available on www.asanjokutch.com**

**કચ્છશ્રુતિ લવાજમ**
૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન - રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ - અમદાવાદ' ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' સંપાદન મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

## આ અંકમાં...

❖ તંત્રી સ્થાનેથી ........ ૪
❖ શ્રી કચ્છી સમાજ-અમદાવાદ-ટ્રસ્ટ મંડળની મીટીંગનો અહેવાલ ........ ૫
❖ કચ્છ શ્રુતિના કલમકારો (૪) *(હંસરાજ કંસારા)* ........ ૮
❖ સિધ્ધ સદ્‌ગુરૂજનોની દિવ્ય શક્તિઓ *(પ્રા.સૂર્યકાન્ત ભટ્ટ-ભુજ)* ........ ૯
❖ ખીચડીમાં ઘી *(બલવીરસિંહ જાડેજા)* ........ ૧૦
❖ ચારણી અને લોકસાહિત્યના અનન્ય ઉપાસક *(ભરત'કુમાર' પ્રા. ઠાકર)* ........ ૧૨
❖ મામૈદેવ પંડિત *(કાનજી જે. મહેશ્વરી)* ........ ૧૩
❖ ગૌવંશ : આપણી સંસ્કૃતિની ધરોહર *(ડૉ. વિધિ શુકલ)* ........ ૧૪
❖ વિટામીન્સ (૬) *(દિલીપ વૈશ્નવ)* ........ ૧૫
❖ સંસ્થા સમાચાર ........ ૧૭
❖ શબ્દોની કમ્પ્યૂગ્રાફી (૩) *(તુલસીદાસ કંસારા)* ........ ૨૩
❖ અતિતના ઝરુખે કચ્છ *(નરેશ અંતાણી)* ........ ૨૪
❖ વતનના વાવડ સંકલીત ........ ૨૬
❖ કલરવ *(દિનેશ માંકડ)* ........ ૨૯
❖ મહિલા વિશ્વ *(રેખાબેન શુકલ-અમદાવાદ)* ........ ૩૧
❖ ગાંધીનગર - ગાથા *(શ્રીમતી વર્ષા જે. મહેતા)* ........ ૩૩
❖ શબ્દશોધ *(પ્રદીપ જોશી-આદિપુર)* ........ ૩૪

# તંત્રી સ્થાનેથી...

• ભરત ઓઝા •

## વેકેશન કે બંધન...?

જયાં સુધી બાળક શાળામાં અભ્યાસ કરતું હોય ત્યાં સુધી શૈક્ષણિક વર્ષ દરમિયાન બે વૅકેશન પડતા હોય છે. એક નાનું વૅકેશન (દિવાળી) અને બીજું મોટું વૅકેશન (ઉનાળુ વૅકેશન). વૅકેશનનો અર્થ થાય છે લાંબો અવકાશ...પરંતુ આપણે ત્યાં કોણ જાણે કેમ, પણ વૅકેશન દરમિયાન પણ બાળક કંઈક શીખી લે એ માટે માત્ર વૅકેશન પૂરતા ચાલતા કોર્સમાં બાળકને લગાડી દેવામાં આવે છે. જેને પરિણામે વૅકેશન એ રજા કે હરવા ફરવાના દિવસોને બદલે બંધન બની જાય છે. ક્યાંય પણ જવા માટે આ કોર્સ અંતે બાધા રૂપ બને છે. પછી ભલે આ કોર્સ દિવસનાં માત્ર એકાદ કલાક માટે ના હોય, બાળક માટે તો આખાય વૅકેશનનો આનંદ જતો રહે છે અને અધૂરા માં, મા-બાપને લેવા મૂકવાનું બંધન આવી પડે છે. ટૂંકમાં વૅકેશન જેવું કંઈ રહેતું નથી. આપણે ત્યાં વૅકેશન કોર્સની ભરમાર એટલી બધી હોય છે કે દરેક મા-બાપને એક પ્રકારનું દબાણ રહેતું થઈ જાય છે કે મારું બાળક કંઈક નવું શીખવામાંથી બાકાત રહી જશે અને આ માનસિક દબાણ છેવટે બાળકનું વૅકેશન છીનવી લેતું હોય છે, અને આખું વૅકેશન દોડાદોડમાં પૂરું થઈ જતું હોય છે.

વળી, આ વૅકેશન કોર્સ કંઈ સસ્તાં નથી હોતા. ૫-૧૦ હજાર તો સહેજે થઈ જતાં હોય છે. આ વૅકેશન કોર્સવાળાઓ પણ જાણતા હોય છે કે મોટા વૅકેશનમાં મોટું કમાવા મળતું હોય છે. આવી તક કોણ જવા દે ?

ખરેખર તો પહેલાના સમયમાં જે પ્રથા હતી કે વૅકેશન પડે એટલે બાળકો મામાને ત્યાં પહોંચી જાય, વૅકેશનમાં મોસાળમાં રહેવા જેવો આનંદ બીજો કોઈ જ નથી. એક તો આપણા સમાજમાં મામા-ભાણેજનાં સંબંધો વડીલ કરતાં મિત્રતા ભર્યા વધારે હોય છે, વૅકેશન દરમિયાનમાં ખરી તાલીમ તો મોસાળથી જ મળતી હોય છે. બાળક ઘર કરતાં કંઈક અલગ વાતાવરણમાં જાય, નવી રહેણી-કરણી શીખે-જાણે, અને એમાંય જો મોસાળ કોઈ નાના શહેરમાં કે ગામડામાં હોય તો એનો આનંદ જ જુદો હોય છે. એક તો આપણા બાળકો ગામડાને ભૂલી જ ગયા છે. ૨૪ કલાક ઈન્ટરનેટ, મોબાઈલ, ટી.વી.માં રચ્યા પચ્યા રહેતા આજના બાળકોનો વિકાસ ખરેખર રૂંધાઈ જાય છે. મા-બાપ તરીકે આપણી ફરજ બને કે કમ સે કમ વેકેશન પૂરતા બાળકોને કોઈ બંધનમાં રાખ્યા વિના ઘરથી કોઈ અલગ વાતાવરણમાં, કુદરતનાં સાન્નિધ્યમાં રાખવાથી બાળક કંઈક નવું શીખશે, જાણશે અને સમજણમાં ચોક્કસથી સુધારો થશે. આ અંક આપના હાથમાં આવશે ત્યારે અડધું વેકેશન પૂરૂં પણ થઈ ગયું હશે. બાકીનાં સમયનો સદુપયોગ થાય તેવી શુભેચ્છાઓ સહ...સૌને હેપી વેકેશન...

અસ્તુ...

જય હિન્દ...જય કચ્છ

ભરત ઓઝા
મુખ્ય તંત્રી

# શ્રી કચ્છી સમાજ-અમદાવાદ-ટ્રસ્ટ મંડળની મીટીંગનો અહેવાલ

શ્રી કચ્છી સમાજ-અમદાવાદની ટ્રસ્ટ બોર્ડની મિટીંગ તા.૪-૫-૨૦૧૪ના રવિવારના રોજ સંસ્થાના પાલડી ખાતેના કાર્યાલય પર સંસ્થાના પ્રમુખ શ્રી કૈલાસદાન ગઢવીના પ્રમુખ સ્થાને મળેલ હતી. આ સભામાં સર્વશ્રી મનુભાઈ શાહ, મનુભાઈ કોટડીયા, અતુલ સોની, હિમાંશુ ઠક્કર, ભરત ઓઝા, અશોક મહેતા, જગદીશ ઠક્કર, નરેન્દ્રભાઈ શાહ વિ. ટ્રસ્ટીશ્રીઓ હાજર રહેલ હતા.

સભાની કાર્યવાહીની શરૂઆતમાં નિયમ મુજબ ટ્રસ્ટ મંડળમાં નીચે મુજબના ત્રણની કો-ઓપ્ટ ટ્રસ્ટી તરીકે નિમણૂંક કરવામાં આવેલ હતી :-

(૧) શ્રી અશોક ધોળકીયા (૨) શ્રી ભાઈલાલભાઈ પટેલ (૩) શ્રી હસમુખ નાનજીભાઈ પટેલ

મેનેજિંગ ટ્રસ્ટ તરીકે શ્રી અશોક મહેતાના નામની દરખાસ્ત વર્તમાન પ્રમુખ શ્રી કૈલાસદાન ગઢવી દ્વારા કરવામાં આવેલ, જેને શ્રી મનુભાઈ કોટડીયા તથા અન્ય સભ્યો દ્વારા ટેકો આપતા શ્રી અશોકભાઈ મહેતાની સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવેલ હતી. હાજર રહેલા સર્વે સભ્યોએ આ નિમણૂંકને હર્ષભેર વધાવી લેવામાં આવેલ હતી.

ત્યારબાદ નીચે મુજબનાં પાંચ ટ્રસ્ટીઓને કારોબારી સમિતિમાં મોકલાવવામાં આવેલ હતા.

(૧) શ્રી જગદીશભાઈ ઠક્કર (૨) શ્રી મનુભાઈ શાહ (૩) શ્રી ભરત ઓઝા (૪) શ્રી મનુભાઈ કોટડીયા (૫) શ્રી કૈલાસદાન ગઢવી.

ત્યારબાદ એજન્ડા મુજબની અન્ય કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. જેમાં ખાસ કરીને આગામી સમયમાં સંસ્થાની જુદી જુદી પ્રવૃત્તિઓ બાબતે જનરલ ચર્ચાઓ કરવામાં આવેલ હતી. ટ્રસ્ટ મંડળ દ્વારા વર્તમાન પ્રમુખ શ્રી કૈલાસદાન ગઢવી તેમજ માનદ્ મંત્રી શ્રી અતુલ સોની દ્વારા ગત વર્ષોમાં કરવામાં આવેલ કામગીરીની નોંધ લઈને એમને બિરદાવવામાં આવેલ હતા. ત્યારબાદ ટ્રસ્ટ મંડળની સભા પૂર્ણ થયેલ હતી.

## કારોબારી મીટીંગ

ટ્રસ્ટ બોર્ડની મીટીંગ બાદ કારોબારીની બેઠકનો પ્રારંભ થયો હતો. જેમાં વર્ષ ૨૦૧૪-૧૫ માટેનાં હોદ્દેદારોની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવેલ હતી.

| | |
|---|---|
| ઉપપ્રમુખ-૧ | - શ્રી જગદીશભાઈ ઠક્કર |
| ઉપપ્રમુખ-૨ | - શ્રી મનુભાઈ શાહ |
| ઉપપ્રમુખ-૩ | - શ્રી રઘુરામભાઈ ઠક્કર |
| માનદ્ મંત્રી | - શ્રી ભરત ઓઝા |
| સહમંત્રી-૧ | - શ્રી સંજય રાઠોડ |
| સહમંત્રી-૨ | - શ્રી સુનીલ દાવડા |
| ખજાનચી | - શ્રી મનુભાઈ કોટડીયા |
| સહખજાનચી | - શ્રી હરસુખ પટેલ |

સંસ્થામાં સરળ સંચાલન હેતુસર અન્ય ફેરફારો પણ આ મુજબનાં કરવામાં આવ્યા હતાં.

### ★ કચ્છશ્રુતિ તંત્રી મંડળ ★

શ્રી ભરત ઓઝા (મુખ્ય તંત્રી), શ્રી દિનેશ માંકડ

### ★ કચ્છશ્રુતિ વ્યવસ્થાપક સમિતિ ★

શ્રી મનુભાઈ કોટડીયા - કન્વીનર

શ્રી ડો. મુકેશ ચૌહાણ


| | |
|---|---|
| શૈક્ષણિક વિકાસ સમિતિ | - શ્રી હિમાંશુ ઠક્કર-કન્વીનર |
| સરસ્વતિ સન્માન સમિતિ | - શ્રી દિપક નાનાલાલ ચૌહાણ |
| યુવા વિકાસ સમિતિ | - શ્રી સુનીલ દાવડા |
| મહિલા ઉત્કર્ષ સમિતિ | - શ્રીમતિ શિલ્પી શાહ |
| સભ્યપદ સમિતિ | - શ્રી પરબતભાઈ પટેલ |
| વયસ્ક સમિતિ | - શ્રી રજનીકાન્ત પારેખ |
| બંધારણ સમિતિ | - શ્રી અતુલ સોની |
| નવા પ્રોજેક્ટ સમિતિ | - શ્રી કૈલાસદાન ગઢવી |
| કચ્છી ખબરપત્રીકા સમિતિ | - શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર |
| શૈક્ષણિક લોન સમિતિ | - શ્રી કૈલાસદાન ગઢવી |
| સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ | - શ્રી અતુલ સોની |
| વેબસાઈટ સમિતિ | - શ્રી હિમાંશુ ઠક્કર |

ઉપરોક્ત સમિતિના કન્વીનરશ્રીઓ જે તે સમિતિ માટે જરૂરિયાત મુજબ સમિતિના સભ્યોની નિમણૂંક કરી શકશે. આ ઉપરાંત એજ્યુકેશન હેલ્પ લાઈન, અમદાવાદમાં વિદ્યાર્થીઓને રહેવા બાબતે જરૂરી માર્ગદર્શન આપવા બાબતે પણ યોગ્ય કાર્યવાહી કરવા સૂચનો થયા હતા.

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદના નવા નિમાયેલા હોદ્દેદારો...




પ્રમુખ - મેનેજીંગ ટ્રસ્ટી
**શ્રી અશોક મહેતા**
કચ્છમાં - ભુજપુર (મુન્દ્રા)
વ્યવસાય સામાજીક સેવા
હાલ પ્રમુખશ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ
(મો) ૯૮૨૫૩૨૨૬૮૯



ઉપપ્રમુખ-૧
**શ્રી જગદીશભાઈ ઠક્કર**
કચ્છમાં-જીંજાય (નખત્રાણા)
(વ્યવસાય-કંફેકશનરી ઈન્ડસ્ટ્રીઝ)
મો. ૯૮૨૫૦૦૫૯૦૧



ઉપપ્રમુખ-૨
**શ્રી મનુભાઈ શાહ**
કચ્છમાં ફતેહગઢ (રાપર) વ્યવસાય
શ્રી ગુર્જર ગ્રંથ સાહિત્ય પ્રકાશન
મો. ૯૮૨૫૦૩૧૫૨૮



ઉપપ્રમુખ-૩
**શ્રી રઘુરામભાઈ ઠક્કર**
કચ્છમાં - ચાંદ્રોડી (ભચાઉ)
વ્યવસાય : બિલ્ડર્સ - ડેવલોપર્સ
મો. ૯૪૨૭૩૦૨૯૧૫




માનદ્‌મંત્રી
**શ્રી ભરત ઓઝા**
કચ્છમાં - ભુજ,
વ્યવસાય : એલઆઈસીમાં વિકાસ અધિકારી
મો. ૯૮૨૫૭૧૪૮૩૩



સહમંત્રી-૧
**શ્રી સંજય રાઠોડ**
કચ્છમાં ખંભરા
વ્યવસાય-એજ્યુડીલ ઈન્જી.
મો. ૯૮૯૮૯૧૪૯૮૪



સહમંત્રી-૨
**શ્રી સુનીલ દાવડા**
કચ્છમાં - અંજાર
વ્યવસાય - પ્લાસ્ટીક જંબો બોરા બારદાનના વેપારી
મો. ૯૮૨૫૦૨૧૪૨૩



ખજાનચી
**શ્રી મનુભાઈ કોટડીયા**
કચ્છમાં માંડવી વ્યવસાય-નિવૃત્ત
મો.૯૬૦૧૨૭૫૦૭૮



સહખજાનચી
**શ્રી સી.એ.હરસુખ પટેલ**
કચ્છમાં - નખત્રાણા
વ્યવસાય : સી.એ.
મો.૯૮૨૫૦૭૦૩૮૪

## કચ્છશ્રુતિ તંત્રી મંડળ




**ભરત ઓઝા** (મુખ્ય તંત્રી)
મો. ૯૮૨૫૭૧૪૮૩૩



**શ્રી દિનેશ માંકડ** (સહતંત્રી)
કચ્છમાં - ભુજ
વ્યવસાય-નિવૃત્ત આચાર્ય
મો. ૯૪૨૭૯૬૦૯૭૯

## 'કચ્છશ્રુતિ' વ્યવસ્થાપક સમિતિ



**શ્રી મનુભાઈ કોટડીયા**
(કન્વીનર)
મો.૯૬૦૧૨૭૫૦૭૮



**ડો. મુકેશ ચૌહાણ**
કચ્છમાં-રેહા
વ્યવસાય ડોકટર
મો. ૯૯૨૫૪૭૮૭૯૨

# એવમ્ અમદાવાદ

## શ્રી કૈલાસદાન ગઢવી : બે વર્ષ પ્રમુખ પદ સમયના લેખાજોખા



જાન્યુઆરી-૨૦૧૨માં તત્કાલીન પ્રમુખ શ્રી મનસુખભાઈ પટેલે પ્રમુખપદ તરીકે ચાલુ રહેવાની અનિચ્છા વ્યકત કરતાં સૌની મીટ સંસ્થામાં અગાઉ ખજાનચી તરીકે રહી ચુકેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી કૈલાસદાન ગઢવી પર ઠરી. તેમના નામની દરખાસ્ત થઈ અને સર્વાનુમત સૌએ પ્રમુખ તરીકે સ્વીકાર્યા. કચ્છી સમાજના ઇતિહાસમાં શ્રી ગઢવી સૌથી યુવાન વયના પ્રમુખ હતા.

પ્રમુખ તરીકેની પડકાર જનક ભૂમિકા સ્વીકાર્યા બાદ સમાજનું મુખપત્ર કચ્છ શ્રુતિ સૌ પ્રથમવાર રંગીન મુખપૃષ્ઠ સાથે નિયમિત રીતે પ્રગટ થયું. સાથે કચ્છડો કામણગારો નામના વિભાગની શરૂઆત એમણે કરાવી અને કચ્છ શ્રુતિમાં કંઈક નવીન શરૂઆત થઈ. આ વિભાગે આજે પણ સારી નામના મેળવી છે. આ વિભાગનાં વાચકો પણ ઘણા છે. છેલ્લા બે વર્ષથી આ વિભાગ નિયમિત રીતે આવે છે. કચ્છશ્રુતિ-ઓનલાઈન પણ આ ગાળા દરમિયાન જ મુકાયું. શ્રી કચ્છી સમાજનું કાર્યાલય પણ એમણે આધુનિક ઉપકરણો જેવા કે કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, સ્કેનર વિ. થી સજ્જ કરાવ્યું.

શ્રી ગઢવીનાં કાર્યકાળ દરમિયાન કચ્છી સમાજનાં વિવિધ ઘટક સમાજનો યુવા વર્ગ ઘણો સક્રિય થયો એ એક એમના સમયનું જમા પાસું રહ્યું. સોમનાથ દર્શન પ્રવાસ, મુન્દ્રા અદાણી પોર્ટનો ઔદ્યોગિક પ્રવાસ વિ.આયોજનો પ્રશંસા પામ્યા.

એજ્યુકેશન હેલ્પ લાઈન બાબતે તેમણે સારી રુચિ દાખવીને હેલ્પ લાઈન શરૂ કરાવી જે એક નોંધનીય કાર્ય કહી શકાય. એજ્યુકેશન સેમિનારનું પણ સફળ આયોજન કરેલ હતું. ગત વર્ષનો અષાઢીબીજનો કચ્છી સમાજનો સ્નેહ મિલન તેમજ ડાયરા કાર્યક્રમમાં અમદાવાદ સ્થિત સમસ્ત કચ્છી સમાજને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રાખવામાં એમની સારી એવી જહેમત રંગ લાવી હતી. લગભગ તમામ ઘટક સમાજોનાં પ્રતિનિધિઓને એક મંચ પર ઉપસ્થિત રાખીને મિની કચ્છનું વાતાવરણ ખડું કર્યું હતું. ટૂંકમાં, સમગ્ર કચ્છી સમાજને એક્જુટ રાખવાના એમના પ્રયત્નો સંપૂર્ણ નિષ્ઠા ભર્યા કહી શકાય.

સતત કાર્યશીલ રહેવામાં માનતા શ્રી ગઢવી તેમનાં અંગત કાર્યોમાં પણ ખૂબ વ્યસ્ત રહેતા હોઈ છેલ્લા ઘણા સમયથી સમાજ માટે ઓછો સમય ફાળવી શકતા હતા, આથી એમણે જાતે પ્રમુખપદેથી હાલ પૂરતા નિવૃત્ત થવાની વાત સમાજનાં મોવડીઓ સમક્ષ કરી. અને ત્યારબાદ મિટીંગનાં દોર ચાલ્યા અને નવાં હોદ્દેદારોની પસંદગી થઈ. શ્રી કૈલાસદાન ગઢવી માટે એટલું તો જરૂરથી કહી શકાય કે છેલ્લા ઘણા સમયથી એમની નિવૃત્તિ લેવાનો નિર્ણય નક્કી હોવા છતાં છેલ્લા મહિનાંમાં પણ સમાજની ઓફિસને ફર્નીચર, રંગરોગાન તેમજ એ.સી.થી સજ્જ કરાવવામાં પણ કોઈ કસર ન છોડી. કોઈપણ સમાજનાં પ્રમુખ પદ માટે બે વર્ષનો ગાળો એ ખૂબ ટૂંકો ગાળો કહી શકાય. એમની અંગત વ્યસ્તતાને કારણે હાલ પૂરતા નિવૃત્ત થવાનાં નિર્ણય સાથે સૌ મને-કમને સંમત થયા. આમ છતાં પણ એમણે સમાજ માટે તન-મન અને ધનથી હંમેશા હાજર રહેશે એવી ખાતરી આપેલ છે. આપણે સૌ શ્રી કચ્છી સમાજ-અમદાવાદ તેમજ કચ્છશ્રુતિ પરિવાર શ્રી કૈલાસદાન ગઢવીને હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

*(**નોંધ :** કચ્છશ્રુતિ પરિવાર એમનું વિશેષ આભારી એટલા માટે છે કે થોડા સમય અગાઉ જ્યારે કચ્છશ્રુતિનાં પોસ્ટીંગ લાયસંસની રદ કરવાની નોબત આવી ત્યારે શ્રી કૈલાસદાન ગઢવીએ એમના ધર્મપત્ની શ્રીમતિ નયનાબેન કે જેઓ હાઈકોર્ટમાં એડવોકેટ છે. તેમના મારફતે તેમણે નિશુલ્ક સેવાઓ આપીને આપણને હાઈકોર્ટમાંથી મનાઈ હુકમ મેળવી અપાવ્યો.)*

## શ્રધ્ધાંજલિ

ગત દિનાંક તા. ૨૦-૪-૨૦૧૪ને રોજ, અંજાર મધ્યે, શ્રી કચ્છી સમાજ અમદાવાદના માનદ્ મંત્રીશ્રી અતુલ સોનીના માતુશ્રી કસ્તુરબેન શંકરલાલ સોનીનું ૮૦ વર્ષની જૈફ વયે અવસાન થયું. શ્રી કચ્છી સમાજ અમદાવાદ સદ્‌ગતના દુઃખદ અવસાનની સખેદ નોંધ લે છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના પરમ આત્માને પરમ શાંતિ અર્પે અને એમના પરિવારને એમની ખોટ સહન કરવાની શક્તિ આપે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે.

**અમદાવાદ**
**૪-૫-૧૪**

**પ્રમુખશ્રી**
**શ્રી કચ્છી સમાજ, અમદાવાદ**

# કચ્છશ્રુતિના કલમકારો (૪)

## શ્રી ભરત'કુમાર' પ્રા. ઠાકર

● હંસરાજ કંસારા ●



ગુજરાતના ખ્યાતનામ સાહિત્ય સર્જક શ્રી રાધેશ્યામ શર્માની અમદાવાદથી પ્રકાશીત જનસત્તા દૈનિક અખબારમાં ગુજરાતી લેખકોની પરિચયાત્મક કટાર 'સાક્ષર જન તો તેને રે કહીએ...' માં ૩૦-૬-'૧૩ને રોજ, જેમનો પરિચય પ્રસ્તુત થયો છે, તેવા જાણીતા કચ્છી લેખક શ્રી ભરત ઠાકરનું નામ 'કચ્છ શ્રુતિ'ના વાચકો માટે લગીરે અજાણ્યું નથી.

કચ્છથી બહાર બૃહદ અમદાવાદ તેમજ અન્યત્ર વસતા કચ્છી - પરિવારોની સાહિત્ય-રસ રૂચિને લક્ષમાં રાખી, કોઈ વિશેષ વ્યક્તિ કે વિશિષ્ટ વિરાસતનો સંક્ષિપ્ત પરિચય આપતા કચ્છી લેખકોમાં ના એક શ્રી ભરત'કુમાર' ઠાકર છેલ્લા આઠ વર્ષથી 'કચ્છશ્રુતિ' માટે નિયમીત લખે છે.

કચ્છના ગત પેઢીના કર્મઠ કેળવણીકાર માર્કંડરાય મહેતા, મશહુર સામયિક 'ચક્રમ'ના સ્થાપક સંપાદક એન. જે. ગોલીબાર, મુંબઈના ગત પેઢીના શ્રેષ્ઠી વર્ય સ્વ.લખમશી નપ્પુ, રાજાશાહી સમયના કચ્છના ચલણી સિક્કા સંગ્રાહક શ્રી વાલજી કરશનજી ઠક્કર, ગુજરાતના નામી પત્રકાર ડો.રતન માર્શલ, સમાજ સેવીકા, ચારૂમતી યોધ્ધા, તેમજ દુર્ગા ભાગવત અને મણીબેન પટેલ જેવી ઓછી જાણીતી પરંતુ સમાજને જેમનું અણમોલ યોગદાન પ્રાપ્ત થયું છે તેવી પચાસથી વધુ વ્યક્તિઓનો શ્રી ભરત'કુમાર' એ કચ્છશ્રુતિના વાચકોને એમની 'શતાબ્દી વંદના' શ્રેણી અંતર્ગત પરિચય કરાવ્યો છે. તદુપરાંત અંજારના માધવરાય મંદિર જેવી ઓછી જાણીતી પરંતુ અદકેરૂં સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી વિરાસતની રસપ્રદ વિગતો પણ એમણે પ્રસ્તુત કરી છે.

શ્રી ભરત'કુમાર' કચ્છમાં મૂળ મુન્દ્રાના વતની છે. એમનો જન્મ ૧૭મી ડિસેમ્બર ૧૯૫૨ને રોજ કેરા મધ્યે થયો. મેટ્રીક સુધીનું શિક્ષણ મુંદ્રામાં જ પુરૂં કરી એમણે કચ્છના કેટલાક ગામડાઓમાં પ્રાથમિક શિક્ષક તરીકે કાર્ય કર્યું. સાથે સાથે સમાજશાસ્ત્રમાં ગ્રેજ્યુએશન સુધીનો અભ્યાસ પૂરો કર્યો. ત્યારબાદ ૧૯૭૬માં ફુડ કોર્પોરેશન ઈન્ડીયામાં વિવિધ સ્થળોએ કાર્યરત રહ્યા. ૨૦૧૨માં સેવા નિવૃત્ત થયા.

શ્રી ઠાકરની લેખન પ્રવૃત્તિનો પ્રારંભ શાળા અભ્યાસ દરમ્યાન હસ્તલિખિત અંકોથી થયો, જે છેલ્લા ચાર દાયકાથી અવિરત છે. કચ્છમિત્રની સાપ્તાહિક પૂર્તિમાં 'ભ્રમણ ભૂમિ કચ્છ' (૧૯૯૨-૯૫) અને શતાબ્દી વંદના (૧૯૯૯-૨૦૦૦) શ્રેણી થકી તેઓશ્રીએ એમની સંશોધક લેખક તરીકેની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. 'ભ્રમણ ભૂમિ કચ્છ' લેખ શ્રેણીમાં અંતર્ગત તેઓશ્રીએ કચ્છના ૨૯૦ જેટલા નાના મોટા ધાર્મિક ઐતિહાસિક, સાંસ્કૃતિક અને પ્રાકૃતિક સ્થળોનો વિશદ અને રસપ્રદ પરિચય આપ્યો છે. મુંબઈથી પ્રકાશિત 'સ્વબળ' સામયિક ના (૧) આપણો કચ્છ જિલ્લો (૧૯૭૪); અને (૨) 'કચ્છ દર્શન' - પ્રવાસન, વિશેષાંકોનું સંપાદન કર્યુ છે. શ્રી ઠાકરના 'અંજારના જગત્મંદિર માધવરાય' (સંશોધન) ૨૦૦૫ અને 'પિતાના પત્રો....પુત્રીને નામ' (અનુવાદ) એમ બે પુસ્તકો પણ પ્રકાશિત થયા છે.

શ્રી ઠાકરને એમના સંશોધનાત્મક લખાણો બદલ ૧૯૭૬માં જૈન દર્પણ (માસિક) ગાંધીધામમાં વિદ્યાર્થી જગત સંપાદન માટે રજત પદક (૧૯૯૪); ઈન્સ્ટીટ્યુટ ઓફ યુથ ડેવલપમેન્ટ કચ્છ; ફૂલશંકર પટ્ટણી એવોર્ડ (૧૯૯૬) રોટરી કલબ મુન્દ્રા (૧૯૯૮); જિલ્લા મધ્યસ્થ પુસ્તકાલય અને જીનામ કૃપા સામયિક (૧૯૯૮); કચ્છ જિલ્લા સમસ્ત ઔદિચ્ય બ્રહ્મ સમાજ યુવા પાંખ (૨૦૦૧); જૈન સાહિત્ય સમારોહ લાયજાની અનુમોદના (૨૦૦૩); સૌરાષ્ટ્ર કચ્છ ઈતિહાસ પરિષદ 'કામદાર રૌપ્ય ચંદ્રક' (૨૦૦૪); આર્યસમાજ ગાંધીધામ (૨૦૦૫) અને સીતારામ પરિવાર ટ્રસ્ટ અંજાઢ (૨૦૧૨); 'કચ્છ ઉમંગ' માસિકનું 'કચ્છ ગૌરવ' એ મુંબઈ શક્તિ એવોર્ડ (૧૯૯૯)માં આદિ એવોર્ડોથી સન્માનિત થયા છે.

શ્રી ઠાકરની એક અન્ય ઉલ્લેખનીય સિધ્ધિ એમનો 'સામયિકોની સૃષ્ટિ'ના અનેરા સંગ્રહની છે. એમની આ વિશિષ્ટ સેવાની નોંધ કચ્છમિત્ર અખબાર રવિપૂર્તિની કોલમ 'કચ્છડો કામણગારો' તેમજ જન્મભુમિ પ્રવાસીની રવિપૂર્તિ કોલમ 'કથા નિરાળી કચ્છની' (૭-૧-૧૯૯૬)માં ખાસ નોંધ લેવાઈ છે. કચ્છના મૂર્ધન્ય લોક સંસ્કૃતિ સંશોધક લેખક સ્વ.રામસિંહજી રાઠોડે પણ કચ્છમિત્ર સાપ્તાહિકમાં એમની કોલમ 'તવારીખી તણખા'માં શ્રી ઠાકરની સંશોધન લેખન પ્રવૃત્તિને બિરદાવી છે.

સંશોધન લેખન ઉપરાંત ફોટોગ્રાફી, ફિલાટેલીક પ્રવૃત્તિ અને ફિલ્મ સંગીત શ્રી ઠાકરના શોખના વિષયો રહ્યા છે.

શ્રી ભરત'કુમાર' ઠાકરના સંશોધન લેખને અંતે આધાર સંદર્ભો તેમજ માહિતી સ્ત્રોત જણાવવાની ચિવટ એમના લેખનની ખાસ વિશેષતા છે.

છેલ્લા નવ વર્ષ દરમ્યાન શ્રી 'ભરત'કુમાર ઠાકરે અંદાજે ૫૦-૬૦ જેટલા કચ્છની વિશિષ્ટતાઓ ઉજાગર કરતા રસપ્રદ માહિતી સભર લેખો આપ્યા છે. તેઓશ્રી એમનો 'કચ્છી ભાડરું પ્રત્યેનો આ 'ભાવ' - સદૈવ સક્રિય રાખી હજૂ પણ કચ્છ વિષે રસપ્રદ વિગતો આપતા રહેશે તેવો અમને વિશ્વાસ છે.

# સિધ્ધ સદ્‌ગુરૂજનોની દિવ્ય શક્તિઓ

● પ્રા. સૂર્યકાંત ભટ્ટ-ભુજ ●

પરમાત્માને પામવા માટેજ આપણને આ મનુષ્ય જન્મ, ૮૪ લાખ જન્મો બાદ મળ્યો છે. એમ શાસ્ત્રકારો વદતા રહ્યા છે. આપણા આ મનુષ્ય દેહમાં અદ્‌ભૂત દિવ્ય, પ્રકાશમય પ્રાણશક્તિ રહેલી છે. પરંતુ તેને નિરખવા આત્માની આંખો જોઈએ. એક સમયે આદિ શંકરાચાર્યજીને સંતોએ પૂછ્યું કે ભગવન ! આ સંસાર શું છે ? શંકરાચાર્યજીએ સત્વરે ઉત્તર આપ્યો કે "આ સંસાર ભવરોગ છે." સંતોએ પૂછ્યું કે, "આ ભવરોગ કેમ ટળે ? એ વાત ભગવન્ આપશ્રી કૃપા કરીને સમજાવો."

સંતોની જીજ્ઞાષા નિહાળી શંકરાચાર્યજીએ કહ્યું કે, "આ ભવરોગ તો માત્ર ભગવાનના સાધર્મ્યપણાને પામેલા કોઈ સંત કે ગુરુજનની આ મૃત્યુલોકમાં જીવને પ્રાપ્તિ થઈ જાય તો તેમના સંપર્ક, સત્સંગ કથા વાર્તા, સામિપ્ય, સાનિધ્યથી અવશ્ય ટળી જાય એટલું જ નહિં, જીવ તો મોક્ષભાગી બની જાય અર્થાત્ તેનો છેલ્લો જન્મ થઈ જાય."

વાસ્તવમાં આવા સમર્થ સંતો ભગવાનની ગુણ-શક્તિઓના સમાન ધર્મને પામેલા હોય છે. તેમની પ્રાણ શક્તિ, યોગ શક્તિ, દિવ્ય શક્તિઓ અલૌકિક ઐશ્વર્ય સભર અજોડ હોય છે. જેમ રીમોટ-કન્ટ્રોલને હાથમાં રાખી દૂરથી ટી.વી.ચેનલો બદલાવી શકાય છે તેવી રીતે આવા મહાન યોગી સંતો પોતાના સ્થુળ શરીરમાંથી નીકળી સુક્ષ્મ શરીરે બ્રહ્માંડમાં વિચરી શકે છે. એ સમયે તેમનો સ્થૂળદેહ એક 'સીલ્વરકોડ'થી જોડાયેલો રહે છે. તેઓ લાખો માઈલ દૂરની વાત સાંભળી શકે, અનેકાનેક અંતરેથી વસ્તુ લાવી શકે, કે રોગ, દુઃખ મટાડી શકે, દર્શન આપી શકે.

આવા સિધ્ધ સંતોના ઐશ્વર્યોની વાત 'વચનામૃત' ગ્રંથમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને કરતાં વર્ણવ્યું છે કે ''આવા સંતોને આવરણ ભેદ્યાની ગતિ છે.'' યોગીઓની આત્મ-શક્તિનો પ્રવાહ શરીરમાંથી બહાર ફેલાતો રહે છે. એ વાતને વૈજ્ઞાનિકો હસી કાઢતા. પરંતુ રેડિયો એન્જીનિયરીંગ એન્ડ ઈલેક્ટ્રોનિક નામની સંસ્થાના રશિયન વૈજ્ઞાનિક ડો. યુરીગુલપાયને પ્રયોગ કરીને સાબિતી આપી કે મનુષ્ય શરીરમાંથી સાત પ્રકારના રેડિયેશનના ચુંબકીય તરંગો નીકળે છે. જે સતત નીકળતા રહે છે. આ તરંગોમાં સુક્ષ્મદેહ તરંગો, અવાજના સ્પંદનો, જડ-ચેતનાને આકર્ષતા તરંગો, વિદ્યુત તરંગો આદિ જે રેડિયેશનો મનુષ્ય દેહમાંથી નીકળે છે તેની રેઈન્જ ૦.૧ અને સેકંડ દીઠ ૧ લાખ ચોરસ સેન્ટીમીટર ફોટોન્સની વચ્ચેની હોય છે. આ બાબત સેન્કોઈની ટોહાંક યુનિવર્સિટીના વૈજ્ઞાનિક હમીચા ઈનાબાએ આપેલી છે. આમ જે કંઈ અપ્રગટ જણાય છે તેમાં પણ વિજ્ઞાન છે.

મનુષ્યના દેહમાંથી પ્રકાશ પ્રસરતો રહે છે. એ દિવ્ય પ્રકાશ તે તેની પ્રાણ શક્તિ છે. અંગ્રેજીમાં તેને ''એનીમલ મેગ્નેટીઝમ, હ્યુમન ઓરા, હ્યુમન મેગ્નેટીઝમ કહે છે. પુષ્પની સુગંધની જેમ આ પ્રાણ શક્તિ ચોમેર પ્રસરે છે. બાળકો તથા નિર્દોષ મનુષ્યોમાં આ પ્રાણ શક્તિ વિશેષ હોય છે. બુધ્ધ, મહાવીર, મહમદ પયગંબર, ઈસુ ખ્રિસ્ત આદિ મહાપુરૂષોમાં આવી શક્તિ વિશેષ સ્વરૂપે હતી.

અવાજ કે નાદ શક્તિ માટે આજે આપણી પાસે ''મ્યુઝિક થેરપી'' ડેવલપ થતી જાય છે. વિવિધ રોગોને મટાડવા વિવિધ રાગો ઉપયોગી બને છે. વનસ્પતિઓની વૃધ્ધિ માટે પણ આ થેરપીના પ્રયોગો કરવામાં આવી રહ્યા છે. વિદ્યુત બલ્બ કે બેટરીમાં વિદ્યુત શક્તિ ભરેલી છે. તેમ માનવ દેહમાં અનેક ચેતના સભર દિવ્ય પ્રાણ શક્તિ ભરેલી છે. જડ અને ચેતન સ્થૂળ અને સુક્ષ્મ એવાજે ભેદો છે તે અજ્ઞાનને કારણે જણાય છે. ખરી રીતે જે જડ છે તે ચેતનનું ધનત્ત્વ પામેલું સ્વરૂપ છે. તેવું વૈજ્ઞાનિકો સાબિત કરીને બતાવે છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના અવતારી લીલાના અનેક પ્રસંગો સમાધિ પ્રકરણમાં વર્ણવાયેલા છે. તેમની ચાકડીઓના ચટકા દ્વારા અનેક જીવો સમાધિસ્થ થઈ જતા. તેઓશ્રીની પ્રબળ પ્રાણશક્તિના અનેક દાખલા છે. આજે પણ તેઓએ સ્થાપેલી મૂર્તિઓમાં દિવ્યશક્તિ સામર્થ્યના દર્શન ભક્તોને થઈ રહ્યા છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું છે કે, ''વિજ્ઞાન વગરનો ધર્મ લૂલો છે અને ધર્મ વગરનું વિજ્ઞાન અંધ છે.''

**માણસ ને જ્યારે પોતાનો દોષ દેખાવા લાગે પોતાની ભૂલ સમજવા લાગે ત્યારે સમજવું કે તેની પ્રગતિની શરૂઆત થઈ ગઈ છે.**

વાર્તા

# ખીચડીમાં ઘી

• બલવીરસિંહ જાડેજા •

એ-રામ-રામ, બારોટજી રામ-રામ.

મૂળ આ ગામના પણ અર્થોપાર્જન માટે બીજા દૂરના ગામે વસેલા હરિરામ ઉર્ફે હરિ બારોટ, જેવા બસમાંથી ઉતર્યા કે બસ સ્ટેન્ડ પાસેના ઝાડના ઓટલે બેઠેલા નાના-મોટા સૌએ ઉભા થઈ બુઝર્ગ હરિ બારોટને, રામ-રામ કરી અભિવાદન કર્યું. દરેકના મોંઢા ઉપર ખુશીની લહેરખી ફરી વળી. કારણ કે, આજે રાત્રે ફરી એકવાર બારોટજી ડાયરો જમાવશે. અલક-મલકની વાતો, ટૂચકા, ભજન ને વાર્તાની રંગત જામશે અને બધાય ને હેય...ને ટેસડો પડી જશે.

વરસમાં બે થી ત્રણ વખત વતનના આ ગામે આવતા બારોટ હરિરામનો ક્રમ બની ગયો હતો કે, જ્યારે-જ્યારે આવે ત્યારે, ડાયરાની જમાવટ કરી, લોકોને ખુશ-ખુશાલ કરી પોતાની સુવાસ છોડતા જાય.

આજે પણ ગામના, કોઈના પણ ઘરે મહેમાન બની, વાળુ-પાણી કરી લીધા પછી, ગામના યુવાનોએ, બારોટજીની સંમતિ લઈને, ગામના ગરબી ચોકમાં, ગામના સાજીંદાઓ સાથે, પેટ્રોમેક્ષના અજવાળે, પેટી, (હારમોનીયમ), તબલા, એક તારો મંજીરા જેવા સંગીતના સાધનો ગોઠવીને ડાયરાનું આયોજન કરી દીધું.

ગામના હિન્દુ-મુસલમાન, જેમાં ખેતી તથા ખેત મજૂરી કરતા, પટેલો, હરિજનો, મુસલમાનો, બકરા કે ઢોર ચારતા મુસલમાનો કે હિન્દુ ગોવાળો, સેવા-પૂજા કરતા બ્રાહ્મણો કે ગોસ્વામીઓ, સૌ નાના-મોટા, સ્ત્રી-પુરૂષોની ભીડ જોત-જોતામાં તો હકડે-ઠઠ્ઠ જામી ગઈ હો-ભાઈ. ગામના ઘરડા-બુઢ્ઢાઓ. ડોસા-ડોશીઓ, જે આંખે ઓછી નજરવાળા, કાને ઓછું સાંભળતા વડીલો એવા સૌને આગળ બેસવાની વ્યવસ્થા કરાવી બારોટજીએ ઉંચા ઓટલા ઉપર બેસીને મંચ સંભાળ્યું.

“આજે તો બારોટજી એવી રંગત જમાવો, એવી વાર્તા સંભળાવો કે, કોઈએ કદી સાંભળી ન હોય.” એક જુવાને બારોટજીને વિનંતી કરી.

“ભલે બાપ ભલે. આજે જે વાત કરીશ એ તમે જુવાનીયાઓ કદાચ. કોઈએ જ સાંભળી નહી હોય.”

ગણપતિ અને માતા સરસ્વતીની પ્રાર્થના પછી મા ભગવતીના શક્રાદય સ્તોત સંભળાવી. સતી પાનબાઈના ભજનની રંગતમાં સૌને ડોલાવી, બારોટજીએ વાત માંડી.

આપણા કચ્છનું એક જાગીરદારી ગામ હતું અને આજે પણ છે. ગામનો વસવાટ પાઘડી પને, નહી ને કાંઠે-કાંઠે ઉંચાણવાળા ભાગમાં ટેકરા ઉપર જાગીરદારનો દરબાર ગઢ અને નીચેની તરફ દરેક કોમની વસ્તી, અલગ-અલગ વાસ.

ભગવાનની મહેરબાની અને લોકો સુખી. ખેતીના વ્યવસાયમાં મોટાભાગની વસ્તીની આજીવિકા.

આપણો કચ્છડો બારો માસ. એ કહેવત પ્રમાણે, બધા ભલા માણસો, સૌ સંપીને એક બીજાના દુઃખ અને સુખમાં ભાગીદાર બની રહેવાવાળા. પાટીદારોની સાથે-સાથે મુસલમાન હરિજન, લોહાણા એવી બધી કોમના માણસો ખેતી કરે.

જીવન સાવ સાદા, એ વખતે આજની જેમ વિજળીની બત્તીઓ તો ક્યાંથી હોય, કેરોસીન ના દિવા કે ફાનસ પણ સુખી ઘરોમાં જ જોવા મળે બાકી તો એરંડીયા તેલના દિવા થી ઘરે-ઘરે અજવાળા થાય.

ગામનો મલુકચંદ લુવાણો કહેતાં ઠકુર, ભાગે આવેલી ખેતી કરે. ૧૨ થી ૧૫ વિઘા જમીનનો માલિક અને કૂવાને પાણી વાળી વાડી ઘરમાં પોતે, ઘરવાળીને ૧૦-૧૨ વરસનો દિકરો.

રાતનું વાળુ એટલે મોટે ભાગે, પેટ ભરાઉ મગ કે મઠ (કોરડ)ની ખીચડી, સુખી ઘરે, ઘરની ગાય કે ભેંસનું ઘી હોય, આવું જ વાળુ લગભગ બધાના ઘરે, હોય જ.

વાત જાણે એમ હતી કે, મલુકચંદે ઉનાળુ બાજરી સાત કે આઠ વીઘામાં પાણી પહોંચે એટલી વાવી હતી.

બાજરી એટલે બાજરી હોં-ભાઈ ઊંટ પણ માંડ ડોક દેખાય અને ઉંચો આદમી હાથ ઊંચો કરે તોય બાજરીનું ડૂંડું એક વાંભ ઉંચું રહે એવો કચ્છી દેશી બાજરો.

વાહ-બારોટજી વાહ રંગ છે તમને ને કચ્છી બાજરાને, બાપ-દિકરો ગાડુ જોડીને સાંજે ઘરે આવ્યા બીજે દિ બાજરો વાઢવા મજૂર કરવા ઘરવાળીને, આઠ-દસ મજૂર નક્કી કરવા મોકલી. મલુકચંદને હૈયે મોટી હામ કે, ઓણ સાલ બાજરો તો જાણે સારો છે એટલે જો ભાવ સારા મળે તો દિકરાનું સારા ઘરની કન્યા શોધીને સગપણ કરી નાખું. ઘરવાળી મજૂર નક્કી કરવા જતાં-જતાં કહેતી ગઈ, કે, “મારે વહેલું મોડું થાય તો, બાપ-દિકરો વિયારૂ (વાળુ-કચ્છીમાં વિયારૂ) કરી લેજો” (કોઠલો-એટલે માટીમાંથી બનાવેલ પાયાવાળુ-જમીનથી ઉંચે, હવા-ઉજાસ માટે કાણા તથા બિલાડી-ઉંદરથી ખાવાનું બચાવવા, બારણાવાળું રસોડાનું સાધન)

બાઈ તો મજૂર નક્કી કરવા ગઈ. બાપે દિકરાને કહ્યું,

પુતર (પોતર)-ઊભો થા અને ઘીનો પાટીયો લઈ આવ. તારી મા કાયમ ખીચડીમાં ઘી નાખવામાં કંજૂસાઈ કરે છે આજે તો ધરાઈને ઘી ખાઈશું. બાપ દિકરો ખીચડી ખાવા બેઠા. દરરોજથી વધારે ઘી લઈ પાટીયો-દિકરો મૂકી આવ્યો.

"એલા-લાલજી, આજ ખીચડીનો સવાદ કાંઈક જુદો કેમ લાગે છે, હેં ! તારી મા, ગાયને દોવા બેઠી હશે ને, ખીચડી દાઝી ગઈ લાગે છે હોં. કાંઈ વાંધો નહીં. તું તારે ઝાપટીને ખાઈ લે, થાક્યા-પાક્યા નિંદર આવી જશે."

બાપ-દિકરાએ ખીચડી ખાઈને, ફળીયામાં ઢાળેલા ખાટલા ઉપર લાંબા થઈ ગયા હોભાઈને નસકોરા બોલવા મંડ્યા. લાલજીની મા મજૂરો નક્કી કરીને ઘરે આવી. વાળુ કરવા બેઠીને ઘીનો પાટીયો ઉપાડ્યો તો હતો એટલો જ ભારે. માંય નજર કરી તો ઘી તો જરાય ઓછું ન્હોતું થ્યું. "હાય-હાય-બાપ-દિકરાએ લૂખી ખીચડી ખાઈ લીધી કે શું ?" "એલા-લાલજી વિચારૂ માં ઘી લીધું તું કે નહીં." લાલજીતો ઘોરતો હતો. લાલજીનો બાપ અવાજથી જાગી ગયો. "હા લીધું તેને તું આપશ એનાથી આજ તો વધુ લીધું તું. બાપે બીતા-બીતા અડધા-ઉંઘમાં જવાબ આપ્યો. લાલજીની મા આજ તો, "આટલું બધું ઘી લઈ લીધું" કહીને કકળાટ કરશે જ.

"એલા-પણ ઘીનો પાટીયો તો એટલોજ ભરેલો પડ્યો છે ને ?" અરેરે - કોઠલામાં ઘીના પાટીયા ભેગો, એના જેવો જ દિવા કરવા, બળદના શીંગડે ચોપડ્યા, ગાડું ઉંજવા. વિગેરે કામ માટે, એરંડીયાનો પાટીયો પડ્યો તો. બાઈએ નજર કરી તો એરંડીયાનો પાટીઓ અડધો ખાલી.

શ્રોતાઓમાં રમૂજનું મોજું ફરી વળ્યું.

"તમારી ભલી થાય. લાલજીના બાપા આ શું કર્યું ઘીને બદલે ખીચડીમાં એરંડીયું નાખીને ખાઈ ગીઆ. અને એ પણ અડધો પાટીઓ."

લાલજીનો બાપ, સાંભળતાં જ ખાટલામાંથી ઉભો થઈ ગયો. હવે...આ તો ભારે થઈ - હવે શું કરવું ?

"લાલજી ઉઠ ઉભો થા." લાલજીની મા, મજૂર માટે, બાજરી વાઢવા દાંતરડા સજાવી રાખ્યા છે ઇલઇલો અને હાલો વાડીએ."

"હેં-વાડીએ અટાણે ?" હા-અમે બાપ-દિકરો એરંડીયું (કચ્છીમાં હઢીયું ખાઈ ગયા છીએ. પચાવવું પડશે નહીં તો સવારે-બાપ દિકરો, રામ શરણ થઈ જાશું. અજવળી રાત છે કાંઈક તો કરવું પડે."

સાંભળનારા-હાસ્ય રસમાંથી કરૂણરસની અસરમાં આવી ગમગીન થઈ ગયા. હવે-શું થાશે.

કંઈ નહીં થાય. બેય-બાપદિકરો ગાડુ જોડી. ભેગી લાલજીની માને લઈને, આવ્યા વાડીએ.

"લાલજીની માં તું આ ગાડા ઉપર આડે-પડખે થા, અને હું ને લાલજી બાજરી વાઢવા મંડીએ છીએ. વહેલી પડે સવાર."

ચાંદની રાત હતી. દી જેવું અજવાળું હતું. બાપ-દિકરા એ પેરણ નાખ્યા કાઢીને ચોપણી રહેવા દઈ મંડ્યા બાજરી વાઢવા. પોરો ખાતા જાય. પાણી પીતા જાય ને પરસેવે ન્હાતા જાય. પરોઢનું ભળ-ભાખળું થયું ત્યાં તો બાપ દિકરે આઠ વીઘાનું બાજરીનું ખેતર વાઢીને ઉથલાવી નાખ્યું.

સવારે-સવારે કોસ જોડી, પાણી કાઢીને બાપ-દિકરો ખૂબ ન્હાયા-ખૂબ ન્હાયા.

સવારના પ્હોરમાં, બાજરી વાઢવા રાખેલા મજૂર ગામમાંથી વ્હેલા-વ્હેલા પહોંચી ગયા. પણ બાજરી તો વઢાઈ ગઈ'તી.

"ક્યાં છે - બાજરી ?" "બાજરી તો વઢાઈ ગઈ ભાઈ. તમને વાઢવાની મજૂરી તો હું આપી દઈશ પણ ઘરે પાછા જાઓ."

"પણ હેં મા, બાજરી ક્યા મજૂરોએ રાત-વરત વાઢી નાખી હેં ?"

"મારા બાપ બાજરીતો ઘરના મજૂરો એ જ વાઢી નાખી. જુઓ બેય જણા નાહીને, લાંબા થઈ છાંયડે સૂતા છે."

"શું ક્યો છો માડી ? બે જણા એ આખું ખેતર વાઢી નાખ્યું ?" વારતા સાંભળનારા હસવા મંડ્યા. પણ એકબીજાને પૂછવા પણ મંડ્યા કે, "આઠ-દસ મજૂરનું કામ બે જણા કરી શકે ? નક્કી બારોટજીએ આપણને ખુશ કરવા વારતા જોડી કાઢી છે."

"હેં-બારોટજી આ વાત કરી એ સાચી ?"

"મારા બાપ હાચી એટલે સો ટકા નહીં પણ બસો ટકા હાચી !" અને એનો પૂરાવો જોઈએ છે તમને ?"

હરિ બારોટે આગળના ખાટલે બેઠેલા, આંખ અને કાન લગભગ ગુમાવી ચૂકેલા પણ થોડું-થોડું સાંભળીને મરક-મરક હસતા લાલજી ઠક્કરને હાથ પકડી ઉભા કર્યા.

"આ રહ્યો એનો જીવતો જાગતો પૂરાવો, જે છોકરો હતો તેઆ ૯૫ વરસનો લાલજી પોતે, અને ખોટી વાત હોય તો પૂછો આ લાલજી બાપાને"

વાત સાંભળતા જ નાના-મોટા સૌ. લાલજી બાપાને ઘેરી વળ્યા કે વાહ બાપા વાહ રંગ છે તમને ને રંગ છે તમારી હિંમત અને બહાદુરીને." અમારા ગામમાં તમારા જેવા ભડવીર પાક્યા જાણીને અમારી છાતી ગજ-ગજ ફૂલે છે.

વાહ-બારોટજી વાહ આજ તો વારતા બાકી ભલી કરી. કહી સૌ લાલજી બાપા તા પરાક્રમને વાગોળતા છૂટા પડયા.

આંબે આવ્યો મોર ને બારોટજી વારતા કહેશે પોર.

**(સત્ય ઘટના પર આધારિત)**

ચારણી અને લોકસાહિત્યના અનન્ય ઉપાસક

# ટપુદાનભાઈ આપાભાઈ ગઢવી

● ભરત'કુમાર' પ્રા. ઠાકર ●

સાહિત્યની પરિભાષામાં પૂર્ણાંક સંખ્યા માટે ખાસ આલંકારિક શબ્દો પ્રયોજાય છે. તેમાં 'નેવું' ની સંખ્યા માટે 'યુરેનિયમ જ્યુબિલી' શબ્દપ્રયોગ થાય છે. આવતા મહિને કચ્છના સાહિત્યોપાસક ટપુદાનભાઈ ગઢવીની ૯૦મી જન્મજયંતી (૧૧/૬) અને ૧૧મી સંવત્સરી (૨૧/૬)ના બેવડા અવસરે એમના પ્રેરક જીવનકવનની અહીં આછેરી રૂપરેખા ઉપસાવી છે....

**સેના અને પોલીસમાં ફરજ :** સમાજમાં આદરથી 'ટપુભાબાપુ' તરીકે ઓળખાતા ટપુભાઈ ગઢવી મા સરસ્વતીના ઉપાસક, ચારણી અને લોકસાહિત્યના મરમી, ઈતિહાસરસિક અને સંસ્કારી સાહિત્યના પ્રસારક હતા. પૂર્વાધે કચ્છ સ્ટેટ ફોર્સમાં અને ઉત્તરાર્ધે પોલીસ ખાતામાં નોકરી કરનાર ટપુભાઈ ખુદ પણ શિસ્તભર્યું જીવન જીવ્યા અને શિસ્તાગ્રહી પણ રહ્યા. નિરાભિમાની છતાં સ્વમાની, સરળ હૃદયી, પરોપકારી, નિજાનંદી અને પ્રકૃતિપ્રેમી હતા.

એમના પૂર્વજોનું મૂળ વતન બોરાણા (તા.સાયલા, જિ.સુરેન્દ્રનગર) હતું. પિતાજીએ સ્થળાંતર કરી કચ્છમાં વાગડ ખાતે વસવાટ આરંભેલો. પિતા આપાભાઈ (ઉર્ફે દાદાભા) રામભાઈ રાબા અને માતા રાધાબાના મોટા પુત્ર તરીકે ટપુભાઈનો જન્મ તારીખ ૧૧મી જૂન, ૧૯૨૪ (બુધવાર) અને સંવત ૧૯૮૦ ના જેઠ સુદ-૧૧ (ભીમ અગિયારસ, નિર્જળા એકાદશી, ગાયત્રી જયંતી)ના પવિત્ર દિવસે થયો હતો. સંતાનોમાં એમના પછી બે ભાઈઓ બાલુભા અને નારાણભાઈ હતા. ઉછેર સુખપર (શારદાનગર), તા. ભચાઉ ખાતે થયેલો.

લગભગ ૧૯૪૩માં તઓ કચ્છરાજના લશ્કરમાં જોડાયા, ભાગલા પછી પોલીસ ખાતાના બિનતારી સંદેશાવ્યવહાર વિભાગમાં જોડાયા અને ૧૯૮૨માં પોલીસ સબ ઈન્સ્પેક્ટર પદેથી નિવૃત્ત થયા. પોલીસ ખાતાની સેવા દરમ્યાન ખાવડા સરહદ, આધોઈ અને છેલ્લે રાપર ફરજ બજાવેલી. ૧૯૭૧ના યુદ્ધ સમયે તેઓ આધોઈ પોલીસ મથકમાં વાયરલેસ ઑપરેટર હતા. ત્યારે એમની પરિશ્રમભરી કામગીરી બદલ જિલ્લા પોલીસ વડા તરફથી 'ગુડ સર્વિસ ટિકિટ' (૧૯૭૨) એનાયત થઈ હતી.

**સાહિત્યપ્રેમ અને સેવા :** પોલીસ ખાતા સાથે સંકળાયેલ વ્યક્તિ સાહિત્યપ્રિય પણ હોય એવું ઓછું બનતું હોય છે. ટપુભાઈ આવા એક અપવાદ હતા. સદ્દભાગ્યે શાંતિભર્યા વાયરલેસ વિભાગમાં નોકરી કરી. તેથી સાહિત્યના લગાવને થોડી મોકળાશ મળી હતી. સાહિત્યપ્રેમના કારણે ઈતિહાસ અને લોકસાહિત્યના વિદ્વાનોના અનેક દુર્લભ ગ્રંથો એમણે વસાવ્યા, વાંચ્યા અને પચાવ્યા પણ ખરા ! વળી, કઈ માહિતી ક્યા સંદર્ભમાં મળશે તે પણ બરાબર યાદ રાખે, પાંચ-છ દાયકાથી વસાવાતું રહેલું સાહિત્ય એમણે જીવની જેમ જાળવ્યું.

તે સાથે સાહિત્યજગતની સેવા પણ કરતા રહેલા. ચારણી,શિષ્ટ અને લોકસાહિત્ય તથા ઈતિહાસનાં ઉત્તમ પુસ્તકોના ઉપાર્જન સાથે સંવર્ધન પણ કરતા. પોતાની પાસેના જ્ઞાનભંડારમાંથી જરૂરી માહિતીઓ કેટલાય સંશોધકો અને જિજ્ઞાસુઓને ઘરબેઠાં ટપાલથી પહોંચાડ્યાના અનેક દાખલા છે ! ઉપરાંત, પાત્ર વ્યક્તિઓને અમુક પુસ્તકો ભેટ સ્વરૂપે પણ આફતા. ખાસ કરીને ભક્તકવિ ઈસરદાસજી (૧૫મી સદી) કૃત હરિરસ અને દેવિયાણ, રણકાંઠાના રક્ષક રવેચી જેવા સદ્ગ્રંથોની અનેક પ્રતો જિજ્ઞાસુ જીવોને આપેલી. તો, 'કચ્છ તારી અસ્મિતા' (૧૯૯૬) ગ્રંથની નકલો બૃહદ કચ્છના સાક્ષરોને પહોંચાડી હતી.

છેલ્લે રાપરમાંથી નિવૃત્ત થયા પછી રાપરને જ એમણે નિવાસભૂમિ બનાવી હતી. ત્યાંના ગેલીવાડી વિસ્તારમાં તેઓ રહેતા. આજીવન અપરિણીત રહેલા આ દેવીપુત્ર પોતાની મસ્તી અને સાહિત્યરસમાં રત રહેતા. સાથે એવા જ વૃક્ષપ્રેમી પણ હતા. ફરજપાલનનાં સ્થળોએ ચોમાસામાં જાતમહેનતે વૃક્ષો વાવતાં અને ઉછેરતાં. વાર્ધક્ય અને એકલજીવનના કારણે ૨૦૦૦ થી તેઓ અંજારમાં પોતાના ભત્રીજા (ભરત બાલુભા ગઢવી)ને ત્યાં કાયમી રહેવા આવ્યા.

**જ્ઞાનના ચલિત ભંડાર :** તે સાથે મારો એમની સાથે પરિચય શરૂ થયો અને વધ્યો. લોકસાહિત્યનું અગાધ જ્ઞાન ધરાવતા આ સરસ્વતીપુત્ર પાસે બેસી એમને સાંભળવા એ પણ લ્હાવો હતો, જે મને અનેક વખત પરસ્પરના ઘેર મળતો રહેલો. ઉપરાંત, ૨૦૦૨માં યોજિત સૌરાષ્ટ્ર-કચ્છ ઈતિહાસ પરિષદના ૧૪માં અધિવેશન (વઢવાણ) તથા ૧૩મા જ્ઞાનસત્ર (ભુજોડી-કચ્છ)માં એમના સાહચર્ય અને વક્તવ્યનો લાભ મને મળેલો.

સાહિત્ય, ઈતિહાસ અને ધર્મગ્રંથોની વાતોના તેઓ હાલતાચાલતા ખજાના સમાન હતા ! રાપરના શિક્ષક-લેખક સૂર્યશંકર ગોરને એક વખત ટપુભાઈએ કહેલું : 'મારી સાચી મૂડી આ સાહિત્ય તો છે જ ; પણ દુલેરાય કારાણી (૧૮૯૬-૧૯૮૯), રામનારાયણ ના. પાઠક (૧૯૦૫-૮૮), ઠાકરસી કંસારા (૧૯૦૮-૯૬), કંચનપ્રસાદ છાયા (૧૯૦૮-૯૮), શંભુદાન ગઢવી (૧૯૧૦-૮૪), જયમલ્લ પરમાર (૧૯૧૦-૯૧), શંભુપ્રસાદ દેસાઈ જેવા અનેક વિદ્વાનોના મારા પર લખાયેલા પત્રો પણ મારી મૂડી છે.'

રવિશંકર મહારાજ (૧૮૮૪-૧૯૮૪)ના શબ્દોમાં કહીએ તો ટપુદાનજી 'ઘસાઈને ઉજળા થનાર' માયાળુ માનવી હતા. સમગ્ર જીવનમાં શારદા અને સાહિત્યની ઉપાસનામાં જ પસાર કર્યું. સ્ફૂર્તિલું શરીર, પ્રભાવક છતાં વિવેકી વાણી અને અદ્દભુત યાદશક્તિ છેવટ લગી જળવાઈ રહેલાં. આવા ઉજળા હૈયાના દેવીપુત્ર અને ઉમદા ગુણીજન એવા ટપુદાનભાઈ ગઢવીનું તારીખ ૨૧મી જૂન, ૨૦૦૩ અને સંવત ૨૦૫૯ના જેઠ વદ-૭ (શનિવાર) ના અવસાન થયું. ૯૦મી જન્મજયંતીએ યાદાંજલિ...

ભવિષ્ય વેતા

# મામૈદેવ પંડિત

● કાનજી જે. મહેશ્વરી-ગાંધીધામ ●

ભારતીય ધર્મ સંસ્કૃતિ કહે છે : 'સૌ જીવો ઈશ્વરના અંશ છે.' ઈસ્લામ ધર્મ કહે છે : 'સર્વનો માલિક, આધાર એક ખુદા છે.' માનવની ઉન્નતિ - વિકાસ માટે ધર્મ એક આસ્થાની ધરી રહી છે. પરોપકારની ભાવના જ માણસની સાચી ઓળખ કહેવાઈ છે. પરંતુ જ્યારે સ્વાર્થ અને મમત્વની વિકૃતિ માણસના રોજિંદા જીવનમાં વણાઈ જાય, ત્યારે મારું - તારું એવી ભેદની દિવાલ ખડી થઈ છે. અને પછી સામસામે ઘુરકિયાં કરતાં કરતાં એક બીજાને ખત્મ કરવા સુધીનો જંગ મંડાઈ જાય છે. અહીં માણસને 'ધર્મ' જાગૃત કરે છે. માર્ગ ભૂલેલાને સત્યના માર્ગે ચડાવે છે.

ભારતીય લોક સંસ્કૃતિમાં 'વર્ણાશ્રમ'નો દુરુપયોગ થયો. માણસાઈ ભૂલાઈ અને જાતિ-પાતિનું મહત્વ વધ્યું. ગુણકર્મનો આધાર ભૂલાયો. ઇ.સ.૧૩૦૦માં ગુજરાતના રાજવી કરણ ઘેલાનું પતન થતાં, સર્વત્ર મુસ્લિમ શાસન આવ્યું. મુસ્લિમ ધર્મગુરૂઓએ આર્થિક નબળા અમુક હિન્દુ કોમને ધર્માન્તરિત કરી, તો તલવાર-બળના જોર-જુલ્મે રાજધુરા જેના હાથમાં હતી, તેની પાસેથી રાજસત્તા ઝૂંટવી લીધી. રાજવંશને પણ મુસ્લિમ બનાવ્યા.

ઈતિહાસની એક ઘટના ન ભૂલવી જોઈએ કે : ઇ.સ.૧૪૧૧માં અહમદશાહે હિન્દુઓને ઈસ્લામ સ્વીકારવા માટેની કાનૂની જોગવાઈ પણ કરી હતી. ઇ.સ.૧૪૬૦માં મહમૂદ બેગડા દ્વારા ધર્માન્તરના કાયદા બનેલા. આ રાજસત્તાના ધર્મગુરૂઓ (સૈયદો) હિન્દુ ધર્મના ગ્રંથોનો અભ્યાસ કરી, પોતાના હિત માટે સ્વરચિત ગિનાન્-કાવ્યો બનાવ્યા. સુફીઝમની વાતોમાં લોકોને આકર્ષ્યા. ''ઈસ્લામમાં સર્વે એક છે. કોઈ ભેદ નથી, જે ભેદ છે તે અધર્મ છે.'' આવી લોભામણી વાણીથી વર્ણભેદથી પીડાતા લોકો સુફી-સંતોના શરણે ગયા. ત્યાં હિન્દુત્વ છોડવું પડ્યું. ઈસ્લામનો સ્વીકાર કરવો પડ્યો. આજે સૌરાષ્ટ્ર-કચ્છમાં સમા, સુમરા, સંઘાર, વાઘેલા, ચાવડા, સોલંકી જેવી હિન્દુ ધર્મ રક્ષક પ્રજા મોટે ભાગે 'મુસ્લિમ ધર્મ'માં રૂપાન્તર-પરિવર્તન થઈ ગયેલ છે. આ બધું કહેવાતા 'ઈસ્લામ ધર્મના પીર ઓલિયા'નું મુસ્લિમ ધર્મ માટે પ્રદાન છે. હિન્દુ ધર્મમાં ફક્ત જાવકનો સિધ્ધાંત હોતાં, જે ગયા તેની ખોટ પુરાતી નથી. કડવી છતાં સત્ય ઐતિહાસિક ઘટનાની વાત ઈતિહાસકારો સમક્ષ રજુ ન કરૂં તો 'નગુણો' કહેવાઉં. મુસ્લિમ ધર્મ પરિવર્તનની લહેરને રોકવા ૧૪મી સદીમાં કચ્છના પંડિત મામૈદેવે કમર કસી. વેદધર્મના રક્ષણ માટે પૂ.મામૈદેવશ્રીએ વટલી ગયેલા હિન્દુઓને ફરી પાછા વૈદિક ધર્મમાં પરત લાવવા પોતાનાં પૂર્વજોને સ્થાપેલ 'બારમતિ ધર્મ સંપ્રદાય'માં પરત લીધા. પણ આશ્ચર્યની એ વાત છે કે : પંડિત મામૈદેવને જ વર્ણાશ્રમના ધર્મગુરૂઓ ઉચ્ચ બ્રાહ્મણ વર્ગે તરછોડી તિરસ્કૃત કર્યા. આપને નવાઈ લાગશે કે : માતંગદેવશ્રીએ કદમ્બગિરિ (પાલિતાણા) પર્વત ઉપર વેદધર્મમાં શ્રધ્ધા ધરાવતા લોકોને એકત્રિત કર્યા હતા. રૂઢિવાદી-વર્ણાશ્રમની ભેદાભેદ નીતિથી હિન્દુઓની થતી ઈસ્લામમાં ભરતીને રોકવી હતી. અને તે માટે કોઈ ધર્મ સંપ્રદાયની જરૂરિયાત જણાઈ હતી. તેથી દલિત, સીમડીયા, કામડીયા, અને જે હિન્દુ ધર્મ છોડી ગયા હતા તેવા લોકોને એકત્રિત કર્યા હતા. પરિણામ સારૂં આવ્યું. 'બારમતિ ધર્મ સંપ્રદાય'ની આગવી ઓળખ ઊભી થઈ. અને આ નવા સ્થાપિત સંપ્રદાયથી દલિત-અસ્પૃશ્ય-લોકો જોડાઈ ગયા. મુસ્લિમ થતા અટકી ગયા. એટલું જ નહિ, જે હિન્દુ ઈસ્લામમાં ગયા હતા, તેવા લોકોમાંથી અમુક પાછા આવી ગયા. માતંગદેવશ્રીએ તેમની વેદોક્ત વિધિ અનુસાર સંસ્કાર વિધિ કરી તેમને હિન્દુત્વ તરીકે સ્વીકાર્યું. પરંતુ ઉચ્ચ બ્રાહ્મણ રૂઢિવાદે આ પ્રક્રિયાને ખોટી ગણી માન્યતા ન આપી. તેથી માતંગદેવશ્રીએ પોતાના બારમતિ ધર્મ સંપ્રદાયમાં નીમ (કાંકણ વિધિ) લેનારાનો એક અલગ સમાજની સ્થાપના કરી. આ સમાજને ''મહેશ્વરી (મેઘવંશ) સમાજ.''

પૂ. માતંગદેવશ્રીની ચોથી પેઢીએ અવતાર ધારણ કરેલ તે હતા ભવિષ્યવેતા : મામૈદેવ પંડિત ! કચ્છના ગુરપધર (રાયધણપર) ગામ તેમની જન્મભૂમિ. ૧૪મી સદીના પંડિત મામૈદેવ અને તેમનાં પૂર્વજો વડીલો કચ્છના રાજા જાડેજાના રાજતિલક કરનારા રાજગુરૂ હતા. રાજસત્તાનો ખોટો ઉપયોગ કદી માતંગવંશ કે પૂ.મામૈદેવે કર્યો નથી. અહીં કહેવાનો ભાવ એટલો જ છે કે : દરેક બુધ્ધિવંતાએ ચિંતન કરવાનું છે કે : વિધર્મી મુસ્લિમ ઓલિયા અહીં આવીને આપણા વેદધર્મનું રક્ષણ કર્યું છે ખરૂં ? જે કંઈ કર્યું તે માનવતાને નાતે ઈસ્લામ માટે ભરતીનું કામ કર્યું છે તેમાં બી મત નથી, તો બીજી તરફ હિન્દુ વેદધર્મને સાચવવા પૂ.માતંગદેવ, મામૈદેવશ્રીએ જે પૂરૂષાર્થ કર્યો, તેનો તિરસ્કાર કરવો તે શું યોગ્ય હતું ?

ચાલો ! ચિંતન કરી સત્યને ઉજાગર કરીએ, સત્યનો જયજયકાર કરીએ.

# ગૌવંશ : આપણી સંસ્કૃતિની ધરોહર

• ડૉ. વિધિ શુક્લ •

રખડતા ગૌવંશીની વધતી સમસ્યા અને ગૌવંશ હત્યાની વધતી જતી અને પ્રકાશમાં આવતા બનાવોથી અનેક જીવદયાપ્રેમીઓની લાગણી દુભાતી હોય છે પરંતુ આ સમસ્યાઓ પાછળ મહદ અંશે આપણે પણ જવાબદાર છીએ. જો કે, ગૌવંશીની કત્લ થતી અટકાવવા લોકોમાં જાગૃતિ વધી રહી છે તે સારી બાબત છે પણ આપણે પોતે જ સ્વને પૂછીએ તો અંતરાત્માંથી ખ્યાલ આવશે કે ગૌમાતાને બચાવવા આપણે કેટલા જાગૃત છીએ.

૩૩ કરોડ દેવતાને પોતામાં સમાવી બેઠેલી ગાયને વિશ્વની માતાનું સ્થાન અપાયું છે ત્યારે આ 'માતા' રસ્તે રઝળતી, પ્લાસ્ટિકના ઝભલા સાથે ખોરાક આરોગતી, કોઈકના હાથે લાકડી કે શાકભાજીવાળાની ત્રાજવાથી માર ખાતી નજરે પડે છે. શું આ બધી બાબતો માટે આપણે જવાબદાર નથી ? જો આપણે ગૌવંશીને પાળવા સક્ષમ ન હોઈએ અને તેને રખડતા છોડી મૂકતા હોઈએ તો ફક્ત તેના દૂધમાંથી કમાણી કરવાની આપણે કોઈ હક્ક નથી.

આજ આ માધ્યમથી વિશ્વની માતાને બચાવવા પ્રત્યેની જાગૃતિ વધારવા અને ગાયની જીવનમાં જરૂરિયાત ઉપયોગિતાથી વાકેફ કરવા નાની એવી પ્રયાસ કરવી છે.

ઢોરોનો ત્રાસ પણ તેના નિમિત્ત કોણ ? સૌ પ્રથમ તો ટ્રાફિકને અડચણરૂપ ગૌવંશીને ગણવામાં આવે છે પણ હકીકતથી મોઢું ફેરવાતું હોય તેમ લાગી રહ્યું છે. ગ્રામ્ય સંસ્કૃતિ અનેરી હતી જેમાં ગાયોને સવાર-સાંજ સીમમાં ચરવા મોકલાતી અને કુદરતી ઘાસ આરોગી દૂધ પણ ઉત્તમ ગુણવત્તાવાળું આપતી. પરંતુ શહેરી સંસ્કૃતિ વિસ્તરતાં અને જમીનોના વધતા જતા ભાવે ગૌવંશીની ચરિયાણું જમીની અને રહેઠાણ (વાડા) છીનવી લીધા. મોટા માર્ગો બન્યા, શહેરનો વિકાસ થયો એ બધુ સાચુ પણ આપણે પ્રાણીઓને બેઘર-અનાથ કરી રસ્તા પર છોડી મૂક્યા અને છતાં પણ કહીએ છીએ કે ઢોરોનો ત્રાસ વધ્યો છે.

**પ્લાસ્ટિકની થેલીઓ કેટલે અંશે યોગ્ય :** આપણે પ્લાસ્ટિકની થેલીઓમાં બચેલા શાકભાજી કે એઠવાડ ફેંકવાનું બંધ કરીએ. જરા વિચારો કે આ ઝભલા ગાયના પેટમાં પહોંચી કેટલી હદે નુકસાન કરતા હશે. આ ઝભલા આપણા સ્વાસ્થ્યને પણ હાનિકર્તા છે. રિસાઈકલ અને વેસ્ટ પ્લાસ્ટિકમાંથી બનેલી થેલીમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાથી ઉત્પાદક થયેલા શાકભાજી રાખવાથી તેના પોષક તત્ત્વો નાશ પામે છે અને તેનાં પરિણામે રોજબરોજ વધતા જતા રોગ આપણી સમક્ષ છે. ક્યારેક બી-૧૨, આર્યન તો ક્યારે વિટામિન ડી અને કેલ્શિયમના ઝભલા સસ્તા હોવાથી તે વાપરો તેવો ખ્યાલ લોકમાનસ પરથી દૂર કરવો જ પડશે. વડીલો કપડાંની થેલી વાપરતા જેને અત્યારે 'આઉટ ઓફ ફેશન' ગણાય છે પણ તે પાછળના ફાયદા નથી જોવાતા. હકીકત તો એ છે કે, મનુષ્ય સ્વાર્થી થતો જાય છે. જે ગાય દૂધ આપવા અસમર્થ હોય છે કે વૃદ્ધ કે માંદી થઈ જાય છે તેને પાળવી માલિકો બોજ સમાન માની રખડતી છોડી મૂકે છે અને આવી ગાયોને નજરાવતા અસામાજિક તત્ત્વો કતલખાને પહોંચાડી દે છે. ફક્ત દૂધ પૂરતું જ નહીં પણ ગાય આપણા માટે અનેક રીતે ઉપયોગી બની શકે છે. પણ તેનાથી આપણે અજાણ છીએ. આખી દુનિયા આપણી સંસ્કૃતિ અપનાવે છે અને આપણે પશ્ચિમી સંસ્કૃતિ તરફ દોટ મૂકી રહ્યા છીએ.

**એક નજર ફાયદાઓ પર :** ગૌમૂત્ર અતિ ઉત્તમ ઔષધ છે અને તેના પર બહુ મોટા પાયે સંસોધનો પણ થઈ રહ્યા છે. મોટામાં મોટો ફાયદો એ છે કે, ગૌમૂત્રની કોઈ આડઅસર નથી થતી. ડાયાબિટીસ, કેન્સર, બ્લડપ્રેશર વિ. જેવા રોગમાં તે ઉપયોગી બની શકે તેમ છે. અરે, આ ગૌમૂત્રમાંથી ફિનાઈલ, શેમ્પુ વિ. પણ બની શકે છે. છાણના લીંપણ શીખવા અને તેના ફાયદા વિશે પણ સંશોધન થઈ રહ્યા છે. છાણથી લીંપણ કરેલી દીવાલોમાંથી અણુરેખાઓ પસાર નથી થઈ શકતી. પશ્ચિમના લોકો લીંપણ પદ્ધતિ અપનાવી રહ્યા છે. છાણમાંથી ગોબરગેસ મળે છે જે વધતા જતા રાંધણગેસના ભાવમાં રાહત આપી શકે છે. તેમાંથી વધેલો કચરો ઉત્તમ ખાતર છે. કડવી લીંબડી અને ગૌમૂત્ર વિ.માંથી ઉત્તમ જંતુનાશક બનાવી શકાય છે.

પંચમવ્યમાંથી બનાવાતા ક્રીમ ચામડીની ચમક વધારે છે. ચર્મરોગ મટાડે છે. મોંઢુ ગૌમૂત્રથી ધોવાય તો તેનું તેજ અને ચમક વધે છે. આમ ગાય આરોગ્યની સાથોસાથ સુંદરતા પણ અર્પે છે. એક ગાયને પાળવાનો ખર્ચો અને તેના દૂધ, છાણ, મૂત્રમાંથી આપણે કેટલું મેળવી શકીએ છીએ તે ક્યારેય કોઈ વિચારતું જ નથી.

વ્યવસાયિક રીતે નહીં ધાર્મિક રીતે મૂલવો : ધાર્મિક રીતે જોઈએ તો ગાયના ઘી, છાણ વેદ વિના પણ ન થાય. સૃષ્ટિનું સર્જન જ પણ દ્વારા થયું છે. પણ નહીં તો સૃષ્ નહીં. તીર્થોની માત્રા નહીં થાય તો વાંધો નહીં માત્ર ગાયની સેવા કરવાથી તમામ તીર્થોની યાત્રા થઈ જાય છે. ગાયના પગની ધૂળ માથે ચડાવીએ છીએ કારણ કે, શાસ્ત્ર મુજબ તેના ચારેય પગમાં વેદોની વાસ છે. 'આવી લોકસ્ય માતરઃ' અર્થાત ગાય બધાની માતા છે. ***(કચ્છમિત્રમાંથી સાભાર)***

# વિટામીન્સ-૬

• દિલીપ વૈશ્નવ-અમદાવાદ •

**(ગતાંકથી ચાલુ)...**

વિટામીન B-કોમ્પ્લેક્ષ શ્રેણીના અગત્યના બધા જ, આઠ વિટામીનો પાણીમાં દ્રાવ્ય છે, આ વિટામીનો ખાદ્યપદાર્થોમાંથી સુક્ષ્મ માત્રામાં આપણને મળે છે, જેની દૈનિક આવશ્યકતા પણ ઓછી માત્રામાં છે. શરીર માટે ખૂબજ અગત્યના છે. શરીરમાં આ B શ્રેણીના વિટામીનો સ્ટોર થતા નથી, એટલે રોજીંદા ખોરાક દ્વારા શરીરને મળતા રહે તેની કાળજી લેવી જરૂરી છે, કારણ કે શરીરને જરૂરિયાત મુજબના વિટામીનો મળ્યા બાદ, વધ્યા સધ્યા વિટામીનોનો જથ્થો પેશાબ દ્વારા બહાર ફેંકાઈ જાય છે. બધા જ વિટામીનો શરીરને ઊર્જા આપે છે. B શ્રેણીના વિટામીનોથી આપણી ચામડી, વાળ, આંખ, લીવર વિ. તંદુરસ્ત રહે છે. આપણું ચેતાતંત્ર સારી રીતે કામ કરી શકે તે માટે બી કોમ્પલેક્ષી વિટામીનો અગત્યના છે.

આપણે વિટામીન B-1 (થાયામીન), વિટામીન B-2 (રિબોફ્લેવીન), B-3 (નિખાસીન)ની વિગતથી આપણે વાકેફ થયા. આ અંકમાં આપણે વિટામીન B-5 (પેન્ટોથેનીક એસીડ) અને B-6 (પાયરોડોકસીન) વિશે વાત કરીએ- પેન્ટોથેનીક એસીડ

વિટામીન B-5 (પેન્ટોથેનીક એસીડ) બીજા નામ પેન્ટોથેનેટ તરીકે પણ ઓળખાય છે. ૧૯૩૩માં વિજ્ઞાની રોજર જે વિલીયમ્સે આ વિટામીનની શોધ કરી છે. પેન્ટોથેનીક નામ ગ્રીકભાષામાંથી આવેલ છે, જેનો અર્થ Everywhere-સાર્વત્રિક થાય; ટૂંકમાં કરીએ તો મોટાભાગના તમામ ખાદ્ય પદાર્થોમાં B-5 વિટામીન રહેલું છે. આ વિટામીન ખોરાકમાંથી ઊર્જા પ્રાપ્ત કરીને માનવ શરીરને કાર્યશીલ બનાવે છે, અર્થાત્ એનર્જી શરીરને પ્રદાન કરે છે. B કોમ્પલેક્ષ શ્રેણીના અન્ય વિટામીનોની જેમ અનેક જૈવિક કાર્યોથી શરીર માટે ઉપયોગી બને છે. રક્તકણો, જાતીય આવેગો સર્જવા માટેના જવાબદાર હોર્મોન્સ તેમજ એડ્રીનલ ગ્રંથીમાંથી ઉત્પન્ન થતા સ્ટ્રેસ નાબૂદ કરતા હોર્મોન્સનાં નિર્માણ કાર્ય કરે છે. આપણે શરીર વિટામીનોનો, ખાસ કરીને રિબોફલેવીન (B-2 વિટામીન)નો ઉપયોગ સરળતાથી કરી શકે તે માટે પેન્ટોથેનીક એસીડ મદદરૂપ છે.

પાચનતંત્ર સ્વસ્થતાથી કામ આ વિટામીનને કારણે કરી શકે છે. આપણુ શરીર કોલેસ્ટેરોલ બનાવે છે, તે માટે પણ આ વિટામીનની જરૂર પડે છે. અનેક બીમારીઓમાંથી બચાવે છે. ઉદાહરણ તરીકે, પેન્ટોથેનીક એસીડ લોહીમાં રહેલ કોલેસ્ટેરોલના પ્રમાણને કંટ્રોલ રાખે છે. ખરાબ ચરબી એટલે ટ્રાઈગ્લીસીટાઈડસ, એલડીએલનું પ્રમાણ ઘટાડે અને સારા કોલેસ્ટેરોલ, એચડીએલ વધારે છે, આમ હૃદયની સંભાળ રાખે છે. દવા સ્વરૂપે આ વિટામીન ઘણી બીમારી મટાડવા માટે વપરાય છે. દાખલા તરીકે ઈજાગ્રસ્ત વ્યક્તિના કે ઓપરેશન દરમ્યાન થયેલ વાઢકાપના ઘાને રુઝાવા માટે પેન્ટોથેનીક એસીડ તેમજ એસ્કોરબીક એસીડ (વિટામીન-સી)નો ઉપયોગ થાય છે. કેટલીક બીમારીઓને કારણે માનવ શરીરમાં વિટામીન, મિનરલ્સ વિ.ની ઉણપ સર્જાય છે, ત્યારે આ ઉણપ પુરવા ડૉક્ટર દર્દીને મલ્ટી વિટામીન અને મિનરલ્સ દવા સ્વરૂપે સારવાર અર્થે આપે છે.

ખાદ્યચીજ વસ્તુ-શાકભાજી, અનાજ, ફળો, દૂધ, દહીં વિ.દરરોજ નિયમિત રીતે પૌષ્ટિક ખોરાક લઈએ તો વિટામીન મિનરલ્સની ઉણપ રહે જ નહી. વિટામીન B-5, પેન્ટોથેનીક એસીડની ઉણપ સામાન્યતઃ જોવા નથી મળતી, તેમ છતાં નીચેના કારણોસર કેટલાક લોકોમાં આ વિટામીનની ઉણપ રહે છે, જેમકે-કુપોષણ, અતિ મદ્યપાન, પેટ, આંતરડા વિગેરેમાં સ્વસ્થતા જોખમાય, સગર્ભા મહિલાઓ વિગેરે ઉણપના કારણે કેટલીક બીમારીઓનો સામનો કરવો પડે. લીપીડ પ્રોફાઈલ પ્રમાણસર ન જળવાય, એટલે કે સારું કોલેસ્ટેરોલનું પ્રમાણ લોહીમાં ઘટે, અને ખરાબ ચરબીના તત્વોનું (ટ્રાઈગ્લીસીરાઇડ, એલડીએલ, વીએલડીએસ વિ.)પ્રમાણ વધે ત્યારે બ્રેઈન સ્ટ્રોક કે હાર્ટફેલની સંભાવના રહે, લોહીમાં ખાંડની ઉણપ સર્જાય, આર્થરાઈટીસ, અનિદ્રા, માનસીક-શારીરિક સ્ટ્રેસ, પગમાં ઝણઝણી, પગ ખોટા પડી જવાની લાગણી (Numbness of Legs) થાક વિ. આ આપત્તિ વખતે વિટામીન B-5ની ઉણપ દૂર કરવા વખતે આ વિટામીન દવા સ્વરૂપે લેવાથી ઉક્ત શારીરિક સમસ્યા દૂર કરી શકાય. વિટામીનની ઉણપ શરીરને બીમાર પાડી શકે છે, તેમ દવા સ્વરૂપ લેવામાં આવતા ઓવરડોઝ પણ શરીરમાં કેટલીક આડઅસરો જોવા મળે છે.

ડૉક્ટરની સુચના અનુસાર પુરક રીતે વિટામીનની સારવાર લેવી જોઈએ, જેથી ટોક્ષીસીટી ન ઉદ્ભવે.

પેન્ટોથેનીક એસીડ, **વિટામીન B-5ના ખાદ્ય સ્રોતઃ**

**માંસાહાર પદાર્થોમાં :-** લીવર, ઇંડા, માછલીઓ વિ.

**દૂધ યુક્ત પદાર્થો :-** દૂધ, દહીં, છાસ, લસ્સી, માખણ વિ.

**વનસ્પતિજન્ય પદાર્થો :-** છોડાવાળા ધાન, અનાજ, મશરુમ્સ, નાસપતિ, સુકાવેલા ટમેટા, બટાટા, ભાજીઓ, પાત્રા, મેથી, બ્રોકોલી, સૂર્યમુખીના બીજ, બોરીજ, ફણગાયેલા મગ, ચણા, વટાણા, ઓટ ઘઉંના દલીયા આંતરડામાં બેક્ટેરીયા દ્વારા આ વિટામીન B-5 પણ બને છે તેથી સામાન્ય રીતે તેની ઉણપ રહે નહીં પણ જો આંતરડાને બિમારી થઈ હોય તો બેક્ટેરીયા બને નહીં, અને શોષણ પ્રક્રિયા ધીમી પડી જાય ત્યારે ખોરાક દ્વારા મળતું વિટામીન B-5 શરીરમાં શોષાય નહીં તેથી ઉણપ થઇ શકે છે.

**B-6 - પાયરોડોક્ષીન :-**

વિટામીન B-6 (પાયરોડોક્ષીન) ૧૯૩૪માં હંગેરિયન ફીઝીશિયન ડૉક્ટર પૉલ ગ્લોર્ગીને ઉંદરોની ચામડીને લગતી એક રોગ (dermitits aerognial) પર સારવાર અર્થે કેટલાક ખાદ્યચીજો ખવડાવતા એક તત્વથી ઉંદરોની ચામડીની બીમારી મટવા લાગી, આ તત્ત્વને વિટામીન B-6, પાયરોડોક્ષીન. આ જ વિટામીન રાઈસ બ્રાનમાં છે, તે ૧૯૩૮માં અન્ય એક વિજ્ઞાની સેમ્યુઅલ લીકોવોસ્કીએ શોધ્યું. સ્ટ્રક્ચરલ ફોર્મ્યુલા નક્કી કરી, તે અંગેનું પૃથક્કરણ વિ.ના સંશોધન ૧૯૩૮-૧૯૩૯ દરમ્યાન વિજ્ઞાનીઓ રિચાર્ડ પટેલ (નોબેલ પ્રાઈઝ-૧૯૩૮), તેમજ હેરીસ અને ફોલ્કેર્સ કર્યા. ૧૯૪૫માં સ્વેલ નામના રસાયણશાસ્ત્રીએ આ વિટામીન જે ખોરાક ખાઈએ છીએ તેમાં ફેરફાર થઈ પાયરીડોક્સલ અને પાઈરીડોલ્લામાઈન નામ ધરાવતા ઉણપ વિટામીનોમાં ફેરવાઈ જાય છે, તે અંગેની શોધ કરી.

**વિટામીન B-6ના કાર્યો તેમજ ફાયદા સમજીએ -**

- ખોરાકમાંથી શક્તિ પ્રાપ્ત કરવાનું કામ અન્ય વિટામીનોની જેમ આ પાયરોડોક્ષીન કરે છે, તેથી શરીરની ઊર્જા પ્રાપ્ત થાય છે.
- નિયાસીન નામનું વિટામીન તૈયાર કરવાં મદદરૂપ છે.
- એન્ટી બોડીસ તૈયાર કરી રોગને દૂર કરવામાં ઉપયોગી છે.
- એડ્રીનલ ગ્રંથીમાંથી ઉત્પન્ન થતા સ્ટ્રેસ વિરોધી હોર્મોન્સને મુડ જાળવવા કાર્યાન્વિત કરે છે, તેમજ આપણા શરીરના બોડી ક્લોક નિયમિત રાખે છે.
- આ B-6 વિટામીન પાચનતંત્રની, મગજ તેમજ ચેતાતંત્રની કામગીરીને સક્રીય કરે છે
- હિમોગ્લોબીન તૈયાર કરે છે, રક્તકણમાં હિમોગ્લોબીન હોય છે. આ એચબી ઓક્સીજનને લઈ જઈ દરેક કોમને પુરું પાડે છે.
- બ્લડ સુગરને નોર્મલ રાખે છે.

ખોરાક દ્વારા પ્રાપ્ત થતું આ વિટામીન ઉક્ત કામગીરી ઉપરાંત બીજી ઘણી જૈવિક કામગીરી કરે છે, જે શરીર માટે ખૂબ જ ઉપયોગી છે.

ઔષધરૂપે (લોગન્જીસ, ટીકડી, કેપસુલ્સ, સિરપ, ઇન્જેકશન) પ્રાપ્ત થતું B-5 વિટામીન ઘણી બીમારીમાં સારવાર અર્થે ઉપયોગમાં લેવામાં આવે છે. વિટામીન Bની ઉણપને કારણે શરીરને થતી બીમારીનું ડૉક્ટર નિદાન કરી B-6 દવા રૂપે દર્દીને આપે છે, ઉણપ દૂર થતા બીમારી પણ મટી જાય છે.

બાળકો તેમજ વૃદ્ધો ૫૦-૫૫ વરસથી ઉપરની વ્યક્તિઓમાં વિટામીન B-6ની ઉણપ શક્ય બને છે. નોર્મલ તેમજ તંદુરસ્ત વ્યક્તિઓમાં સામાન્યતઃ ઉણપ જોવા મળતી નથી. ઉણપ દરમ્યાનના લક્ષણો છે -

+ સ્નાયુમાં અશક્તિ + નર્વસનેસ + મુડ બરાબર ન રહે + સ્મૃતિ ઓછી થાય + ડીપ્રેશન + મોની અંદર, જીભ હોઠ પર ચાંદા પડે + મુંઝવણ.

**વિટામીન B-6ના સ્રોતઃ** વિટામીન્સ ઉમેરાયલા (ફોર્ટીફાઈડ) ખાદ્ય પદાર્થો - દૂધ, માખણ, લીલી ભાજી - પાંદડાવાળી, કઠોળ, રાઈસ બ્રાન, ઘઉંની બ્રેડ, સીંગદાણા-સનફ્લાવર સીડસ-અનાજના હોલ ગ્રેઇન ફ્લોર - ગાજર - નાસપતી-કેળા તેમજ કેટલાક માંસાહારી ખાદ્યચીજો, ઇંડા વિ.વિ.

**દૈનિક આવશ્યકતા :-** પુખ્ત વયની વ્યક્તિઓ માટે દરરોજની માત્રા ૧ થી ૨ મિ.ગ્રામ/દિવસ સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રી માતાઓ માટે ૨.૫ મિ ગ્રામ/દિવસ.

કૃપયા યાદ રહે કે વિટામીનો/અન્ય દવાઓનો આડેધડ ઓવરડૉઝ કદી ન કરવો. ડૉક્ટરના સંપર્ક બાદ તેની સુચના અનુસાર વિટામીનો લેવા ઓવર ડોઝથી શરીરને નુકશાન થશે. B કોમ્પલેક્ષના અન્ય વિટામીનોની વાત આવતે મહીને કરીશું..

(ક્રમશઃ)

# સંસ્થા સમાચાર

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત

શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર કાર્યરત થઇ ગયેલ છે.
સ્થળ : શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.
ફોન : સંપર્ક (૦૭૯) ૨૨૮૮૪૫૪૭, ૨૨૮૬૧૫૩૯

- ઉપરોક્ત ડાયાલિસિસ - સારવારનો લાભ કોઈ પણ પ્રજાજન લઈ શકે છે.
- એક વખત ડાયાલિસિસ માટેનો ચાર્જ માત્ર રૂા. ૪૦૦/-
- આ સારવાર માટે પ્રથમ વખત તેમજ સમયાંતરે નીચે જણાવેલ કોઈપણ નેફ્રોલોજીસ્ટ સાથે કન્સલ્ટ કરવાનું જરૂરી છે.
- ઉપરોક્ત ડાયાલિસિસ પ્રક્રિયા માટે, ડાયાલિસિસ સાથે વપરાશમાં લેવાતા ડાયાલાઈઝર તેમજ કોઈ સંજોગોમાં ઈમરજન્સી સેવાના ચાર્જિસ અલગથી રહેશે.
- ડૉક્ટર કન્સલ્ટેશન તેમજ કોઈ પણ પ્રકારના પરીક્ષણના ચાર્જિસ સંબંધિત ડૉક્ટરને ભરપાઈ કરવાના રહેશે.

**નેફ્રોલોજીસ્ટ**

(૧) **ડૉ. જગદીપ શાહ**
ગુજરાત કીડની ફાઉન્ડેશન, શૈવલ કોમ્પલેક્ષ, ફલોર નંબર -૪-૫, સુવિધા શોપિંગ સેન્ટર પાસે, પરિમલ ક્રોસિંગ અને મહાલક્ષ્મી ચાર રસ્તાની વચ્ચે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭ સોમવાર થી શનિવાર : સાંજે ૦૫-૩૦ થી ૦૭-૩૦ ફોન : (૦૭૯)૨૬૬૫૨૨૨૦, ૨૬૬૨૨૨૨૨

(૨) **ડૉ. સુબ્રમણિયમ અય્યર**
૨૪, પામ સ્પ્રિંગ, કોલેજિયન રેસ્ટોરન્ટની સામે, ડૉ.હાઉસની બાજુમાં, પરિમલ ગાર્ડન પાસે, અમદાવાદ-૩૮૦૦૦૭ સોમવાર થી શનિવાર : સાંજે ૦૫-૩૦ થી ૦૭-૩૦ મો. ૯૮૨૪૦૪૦૧૦૫

(૩) **ડૉ. મંથન કંસારા**
૪થે માળે, શુભમ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, સરદાર પટેલના બાવલા પાસે, સરદાર પટેલ કોલોની, નારણપુરા, અમદાવાદ મો.૯૮૭૯૨ ૯૨૫૬૭

## અમદાવાદ-ગાંધીનગર વિસ્તારની કચ્છી બિઝનેસ ડિરેક્ટરી-૨૦૧૪

**પ્રયોજક : શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદ**

ઉપરોક્ત ડિરેક્ટરીનું તા.૨૦-૪-૨૦૧૪ના રોજ વિમોચન થયા બાદ તેનું વિતરણ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે ચાલુ છે.

- કુલ પૃષ્ઠ-૩૫૦, જેમાં કચ્છી સમાજની ધંધાદારી વ્યક્તિ, ઉદ્યોગપતિ, નાના-મોટા કામ સાથે સંકળાયેલ, પ્રોફેશનલ વ્યક્તિ, સરકારી, અર્ધ સરકારી કચેરીઓ, કોર્પોરેટ સેક્ટર વગેરેમાં કાર્યરત વ્યક્તિઓ સંબંધી લગભગ ૩૦૦૦ જેટલી વિવિધ પ્રકારની માહિતીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. આ કારણે તે દરેક વ્યક્તિ, પરિવારજનો તેમજ વિવિધ પ્રતિષ્ઠાનો માટે ખૂબ ઉપયોગી છે.
- ઉપરોક્ત ડિરેકટીમાં જેમની એન્ટ્રી છે - તેઓનું ડિરેક્ટરીનું વિતરણ વિના મૂલ્યે થઈ રહ્યું છે.
- તેવી રીતે બોટમ પટ્ટી જાહેરાત સિવાયની જેમની જાહેરાતો હોય તેમને પણ વિના મૂલ્યે વિતરણ કરવામાં આવી રહેલ છે.
- તે સિવાય જેમને આ ડિરેક્ટરીની જરૂરિયાત હોય તેમને રૂા.૧૦૦ પ્રતિ નકલના ચાર્જથી આપવામાં આવી રહેલ છે.

ઉપર મુજબ ડિરેક્ટરી વહેલાસર મેળવી લેવા સહુ કોઈને અનુરોધ છે.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### તબીબી સાધનો ભાડેથી આપવાની યોજના

કોઈપણ દર્દીને તબીબી ક્ષેત્રે ઉપયોગી થાય તેવા સાધનો શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતેથી આપવાની એક યોજના સમાજ દ્વારા અમલમાં છે.

- **સાધનોની વિગત નીચે મુજબ છે.**

| **ક્રમ** | **તબીબી સાધનનું નામ** | **ડિપોઝીટની રકમ** | **દૈનિક ભાડું** |
|---|---|---|---|
| ૧. | એર બેડ | ૨૦૦૦/- | ૧૦/- |
| ૨. | વ્હીલ ચેર | ૩૫૦૦/- | ૩/- |
| ૩. | ઓક્સિજન સિલિન્ડર (નાનો) | ૩૫૦૦/- | ૫/- |
| ૪. | નેબ્યુલાઈઝર | ૧૫૦૦/- | ૫/- |
| ૫. | વોકર | ૧૦૦૦/- | ૨/- |
| ૬. | વોકિંગ સ્ટીક | ૫૦૦/- | ૧/- |
| ૭. | કમોડ ચેર | ૨૫૦૦/- | ૩/- |
| ૮. | સેલાઈન સ્ટેન્ડ | ૫૦૦/- | ૨/- |
| ૯. | બેડ પાન | ૫૦૦/- | ૨/- |
| ૧૦. | ફાઉલર બેડ | ૩૫૦૦/- | ૧૦/- |
| ૧૧. | ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | ૧૫૦૦/- | ૨/- |
| ૧૨. | બેક રેસ્ટ | ૭૦૦/- | ૨/- |

- ઓક્સિજન ગેસનો ચાર્જ રૂા.૧૫૦/- અલગથી આપવાનો રહેશે.
- સાધનો લેવા - પરત કરવાનો સમય સોમવારથી શનિવાર સવારે ૧૦.૦૦ થી સાંજે ૦૫.૩૦ સુધીનો રહેશે.
  ફોન નંબર - (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧ (એક્ષ્ટેન્શન-૧૦૭)
- કોઈ પણ સાધનો વ્યક્તિએ પોતાના ખર્ચે શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતેથી લેવાના રહેશે તેમજ તેજ સ્થળે પરત કરવાના રહેશે.


અન્ય વિગત માટે ભવન-કાર્યાલયનો ઉપરોક્ત ફોન નંબર પર સંપર્ક કરી શકાશે.


## શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન - માઉન્ટ આબુ પ્રવાસ

શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદના કારોબારી સભ્યોની મિટિંગ તથા સહકુટુંબ પ્રવાસનું તા. ૨૬ અને ૨૭ એપ્રિલ, ૨૦૧૪ના રોજ માઉન્ટ આબુ ખાતે આયોજન કરવામાં આવ્યું. તા.૨૬ને એપ્રિલને શનિવારે સવારે ૬-૩૦ કલાકે ઈસ્કોન ચાર રસ્તાથી લકઝરી બસ તથા અન્ય ગાડીઓ રવાના થઈ. લગભગ ૯-૦૦ કલાકે પાલનપુર ચા-નાસ્તો કર્યા બાદ ૧૨-૦૦ કલાકે માઉન્ટ આબુ પહોંચ્યા તથા ત્યારબાદ ભોજન કરી સૌ પોતપોતાની રૂમોમાં આરામ કર્યો. લગભગ સાંજે ૫-૦૦ થી રાત્રિના ૧૦-૦૦ વાગ્યા સુધી સાઈટ-સીન કરી શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે દેશી ભોજન ગ્રહણ કરી સૌ પોતપોતાની રૂમોમાં પરત ફર્યા હતા. બીજા દિવસે સવારે ૯-૦૦ કલાકે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે ચા નાસ્તો કર્યા બાદ સૌ ગુરૂ દત્તાત્રેય, દેલવાડા, અધરદેવી વિગેરે સ્થળોએ ફર્યા પછી ભોજન માટે તે જ સ્થળે પરત ફર્યા હતા. ભોજન બાદ સૌ સભ્યો પ્રાર્થના હોલમાં એકઠા થયા હતા. જ્યાં મિટિંગની કાર્યવાહી પૂર્ણ કરી વિવિધ રમત રમી મનોરંજન માણ્યું હતું. ત્યારબાદ લગભગ ૩-૦૦ કલાકે સૌ મીઠી યાદોને સાથે લઈ અંબાજી જવા રવાના થયા હતા.

લગભગ સાંજે ૫-૦૦ કલાકે સૌએ ગબ્બર, તથા ૫૧ શક્તિપીઠનાં દર્શન કર્યા હતાં. ૭-૩૦ કલાકે સૌએ મા અંબાના દર્શન કર્યા હતા. લગભગ રાત્રે ૯-૦૦ કલાકે ઈસ્કોન અંબે વેલી ખાતે રાત્રિ ભોજન લઈ અમદાવાદ પાછા ફરવા પ્રયાણ કર્યું હતું.

આ આખાયે આયોજનમાં શ્રી સંજયભાઈ ડી. ઠક્કર, શ્રી વી.આર. ગોપાણી, શ્રી વિનિતભાઈ મજીઠિયા, શ્રી રઘુરામભાઈ રાચ્છ, શ્રી પ્રબોધભાઈ ઠક્કર, શ્રી ચીનુભાઈ મજીઠિયા, શ્રી જગદીશભાઈ મજીઠિયા, શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા શ્રી મહેશભાઈ ઠક્કરે વિશેષ યોગદાન આપ્યું હતું. આ પછી આ જ રીતે આગામી મિટિંગનું આયોજન કેવડીયા કોલોની, નર્મદા ખાતે કરવાનું નક્કી કરાયું હતું. **સંકલન - હિમાંશુ ઠક્કર**


|| જય માતાજી ||
P
પ્રતાપસિંહ
પેંડાવાલા
(બાપુ પેંડાવાલા)
કચ્છી પેંડા અને કચ્છી ગુલાબપાકના સ્પેશ્યાલીસ્ટ
શિયાળાની સિઝનમાં કચ્છી અડદીયા, ગુંદરપાક, અંજીરપાક મળશે.
શુદ્ધ દેશી ઘીની મિઠાઈ, દુધની મિઠાઈ, કાજુકતરી-ડ્રાયફ્રુટની મિઠાઈ
નમકીન્સ તથા ચેવડા
સુકીર્તિ ટાવર, શ્રેય સોસાયટીની બાજુમાં, આગમન એવન્યુની સામે, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, સેટેલાઈટ, અમદાવાદ. મો. ૯૮૨૫૭ ૧૯૬૭૮, ૯૪૦૯૦ ૪૦૬૭૬


FOOD'S REGENT
મણિનગરના અસલી
કર્ણાવતી
દાબેલી મસાલો
Net Weight 250g
૧, રાધામંદિર કોમ્પલેક્ષ, હીરાભાઈ ટાવર સામે, ઉત્તમનગર, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.
ફોન : (ઓ) ૨૫૪૭ ૦૦૮૬, (રહે) ૩૦૪૨૫૪૦૧, મો. ૯૪૨૬૦ ૬૦૨૭૭


ROOPALEE CHASMAGHAR
all branded white contact lenses and colour contact lenses
Alcon
CIBA VISION
AIR OPTIX
FRESHLOOK
BAUSCH + LOMB
See better. Live better.
Shop No.2, Hirak Centre, Opp Sardar Patel Statue,
Nehru Park, Vastrapur, Ahmedabad.
26765000, 9879750000


|| જય જલારામ ||
With Best Compliments from ....
મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન, કર્ણાવતી દાબેલીથી જ શોભે...
મીક્ષફ્રુટ દાબેલી
વડાપાઉં
નકલી નામથી સાવધાન
કર્ણાવતી
દાબેલી સેન્ટર
(મણીનગર-ઉત્તમનગરના પ્રખ્યાત)
૧, રાધામંદિર કોમ્પલેક્ષ, હીરાભાઈ ટાવર સામે,
ઉત્તમનગર, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.
ફોન : (ઓ) ૨૫૪૭ ૦૦૮૬, (રહે) ૩૦૪૨૫૪૦૧
મો. ૯૪૨૬૦ ૬૦૨૭૭

# કચ્છડો કામણગારો

## કચ્છ નામનું ગામ કચ્છમાં નથી...અબડાસા તાલુકો છે ગામ નથી
## મુખ્ય મથક છે નલિયા તેથી જ કચ્છ-ભુજની જેમ બહારના લોકો નલિયા-અબડાસા એક સાથે બોલે છે !

Out of the12 sanctuaries in the country with and about 1,000 Great Indian Bustard, only about 30 birds had last been counted within the sanctuary, second only to the Rajasthan's Desert national Park which reportedly had about 70-75 birds.






કચ્છ બસ્ટાર્ડ સેંક્ચ્યૂઅરી

એન્ડેનજર્ડ : રાષ્ટ્રિય ધોરી માર્ગ નં-૮-અ પર આવેલ નલિયા થી ૧૫ કિ.મી.ના અંતરે છે. કચ્છને રાષ્ટ્રીય કક્ષાએ નામઅપાવનાર હેરીટેજ વિલેજ તેરા, તો અબડાસામાં જખૌ પાસે આવેલ છે કચ્છ બસ્ટાર્ડ સેંક્ચ્યૂઅરી જેમાં આખી દુનિયાના બસ્ટાર્ડ પક્ષીઓની ૨૩ જાતોમાંની એક અહીં છે. તેમની ઘટતી સંખ્યા છે માત્ર ૩૦-૩૫, આથી તે ક્રિટીકલી એન્ડેનજર્ડ-વિનાશ તરફ ધસી રહેલ સ્પેશી કહેવાય છે. માત્ર બે ચો.કી.ના વિસ્તારમાં પથરાયેલ હિન્દુસ્તાનનું આ સૌથી નાનું અભયારણ્ય, જે કદાચ લાલા-પારજન સેંક્ચ્યૂઅરી તરીકે પણ ઓળખાય છે. ગુજરાતમાં આવી બે રાષ્ટ્રીય સેંક્ચ્યૂઅરીમાંની બીજી જામનગરમાં છે. આખા ભારતમાં બાર સેન્કચ્યુરીમાં ફેલાયેલ એકાદ હજારની સંખ્યામાંથી ૭૦ થી ૮૦ ઇન્ડીયન ગ્રેટ બસ્ટાર્ડ રાજસ્થાનમાં છે અને બીજા નંબરે આવે છે કચ્છ ગ્રેઇટ ઇન્ડીયન બસ્ટાર્ડ. મારા કોલેજ સમયના મિત્ર રાયસીંહજી રાઠોડનું માનવું છે કે આ સેંકચ્યૂઅરીના પાંચ કી.મી.ના પરીઘમાં આવતા વિસ્તારમાં આવેલ પવનચક્કીઓનો અવાજ પણ તેમની પ્રજનન પ્રોસેસમાં ખલેલ પહોંચાડે જે તેમના વિનાશ માટેનું એક કારણ હોઈ શકે.



આ સિવાય અબડાસામાં જૈનોની પવિત્ર મોટી પંચતિર્થી તરીકે ઓળખાતા પાંચ સ્થાપત્ય કળાને કારણે ખ્યાતિ પામેલ છે. આ સ્થળો છે નલિયા, કોઠારા, સુઘરી, તેરા અને જખૌ. જખૌ તો કચ્છમાં પૂજાતા યક્ષ સિવાય માછીમારો માટેનું સ્વર્ગ છે, જ્યાં પુષ્કળ પ્રમાણમાં માછલીઓ પકડવા માટે કાઠીયાવાડના કિનારાઓથી માછીમારો આવે છે અને નજદિકથી આવતા પાકિસ્તાનીઓ તેમને પકડી જાય છે. સુઘરી એ સ્થળ છે જ્યાં ગુજરાતના બીજા ચીફ મીનીસ્ટર શ્રી બળવંતરાય મહેતાનું બ્રીચક્રાફટ એરક્રાફટ પાકિસ્તાની એરફોર્સ ૨૦ સપ્ટેમ્બર ૧૯૬૫ને દિવસે તોડી પાડેલ અને ગાંધીવાદી મહેતા તેમના પત્ની તેમજ એક પત્રકાર અને બે ક્રૂ મેમ્બર સાથે અહીં સમાધિસ્થ થયેલ. સુઘરી-જખૌના દરિયા કિનારે નયનરમ્ય સ્થળ છે પિંગલેશ્વર. જ્યારે તેરાની તો વાતજ ન્યારી છે. (આધાર : વિકીપડીયા અને અન્ય સાઈટો)




પિંગલેશ્વર નો બીચ જાણે કોવાલમનો ગોલ્ડન બીચ

(સૌજન્ય : હરીશ રંગવાલા rangwala.harish@gmail.com)
(સંકલન : તુલસી કંસારા tulsi_66@yahoo.in)

# કચ્છડો કામણગારો


## અબડાસા તાલુકો છે ગામ નથી, તેરા અબડાસાનું ગામ છે તેરા કચ્છ કમાગરશૈલીની વિરાસત છે




કચ્છ રાજ્યે ભાયાતને આપેલ એકતાલીસ ગામો ધરાવતી મોટામાં મોટી જાગીર એટલે તેરા. દેશળજી પહેલા (૧૭૧૮-૧૭૪૧)ના વખતમાં રા'રાયઘણ-પહેલા (૧૬૬૬-૧૬૯૮)ના પુત્રને આ જાગીર આપવામાં આવેલ.

અઢારમી સદીના પાંચમાં દશકાની શરૂઆતમાં રા'લખપતજીના સમયમાં તેરાના ઠાકોરે બળવો કરેલ અને રા'ની સેના તેના પાદરે આવેલ ત્યારે તેરા-ગઢને નૂકશાન પહોંચેલ અને ત્યારબાદ ગઢનેવધારે હાની થયેલ ૧૮૧૯ના ભૂકંપમાં.

રા'દેશલજી બીજા (૧૮૧૯-૬૦)ના સમયમાં તેરાની ચડતી થયેલ હશે, કારણ કે ત્યારે ભાટીયા સોદાગરોની હવેલી તેમજ અન્ય બાંધકામો થયાનું કહેવાય છે. તેરાના દરબારગઢના



શયનખંડમાં ચારે દિવાલો થઈને ૭૨ ફૂટ લંબાઈ ધરાવતા મૌલિક કમાગર શૈલીના ચોસઠ જેટલા રામાયણના પ્રસંગો દર્શાવતા ભીંત ચિત્રો અત્યાર સુધી સચવાઈ રહેલ છે. આ કસબીઓએ તે સમયે અપનાવેલ કૌશલ્ય અને રંગોના કસબની અનુપમતા અજોડ છે. આમતેરાને હેરિટેજનો દરજ્જો અપાવવામાં આ કસબીઓનો ફાળો તેમને ઉત્તેજન આપનાર તે સમયના ભાયાત જેટલોજ કહી શકાય.

તેરાના અન્ય આકર્ષણોમાં આવે છે. ૧૭મી સદીમાં બંધાયેલ જૈન દેરાસર,





જેમાં કાળા આરસમાંથી કંડારાયેલ ભગવાન પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરેલ છે અને કાચનો ઉપયોગ કરીને બનાવેલ ચિત્રોને કારણે તે કાચના મંદજિર તરીકે પણ ઓળખાય છે. આ સિવાય રા'દેશલજી બીજાના સમયમાં સમારકામકરીને ફરીથી બાંધવામાં આવેલ તેરાનો ગઢ કચ્છના મિસ્ત્રીકોમના સ્થપતિઓની બાંધકામશૈલીની યાદ અકબંધ રાખે છે. . (આધાર : વિકીપડીયા અને અન્ય સાઈટો)

(સૌજન્ય : હરીશ રંગવાલા rangwala.harish@gmail.com)
(સંકલન : તુલસી કંસારા tulsi_66@yahoo.in)



Wide Range of Colours
WHITE
IVORY
GREY
BLUE
RED
GREEN
Anti-capillary groove system
Bajrang
corrugated
roofing
sheets
Gadhpat Technofab Pvt. Ltd.
Mfg. of All Types colour Corrugated Roofing Sheets
Address : Plot No. 404, Road No. 10, Phase-II, Kathvada
G.I.D.C.-Odav, Ahmedabad-382430.
Ph. 079-65106666 M. 9978470000
E-mail : gadhpat.technofab@yahoo.com
Website : www.gadhpatroofing.com

# શબ્દોની કમ્પ્યૂગ્રાફી (૩)



● તુલસીદાસ કંસારા ●

**હાર્ડવેર ડિવાઈસીસ : Mouse-માઉસ=ઉંદર**



કમ્પ્યૂટરમાં માહિતી દાખલ કરવા માટે ઉપયોગમાં લેવાતા સાધનોને ઇન-પુટ ડિવાઈસ કહેવામાં આવે છે, જેમાં કી-બોર્ડ ઉપરાંત જોયસ્ટીક, માઉસ, સ્કેનર, પેન કે પોઈન્ટર, ટચ સ્ક્રીન, માઈક, ઇત્યાદિ અનેક સાધનોનો સમાવેશ થાય.

તમારા ડેસ્ક પરની આ માઉસ નામની પોઈન્ટીંગ ડિવાઈસ થોડી ખસેડો, ચલાવો કે મૂવ કરો એટલે સ્ક્રીન પર દેખાતું તીર જેવું પોઈન્ટર ધારી જગ્યાએ પહોંચે, જ્યાં આવ્યા બાદ કિલક કરો એટલે તે જગ્યા સિલેક્ટ થઈ. તેની આ ખૂબીને કારણે તેને પોઈન્ટીંગ ડિવાઈસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ માઉસ નામનું વાહન તમને કમ્પ્યુટરના સ્ક્રીન ઉપરની હકિકતોને કન્ટ્રોલ કરવા સમર્થ બનાવે છે. આપણે ત્યાં બુદ્ધિના દેવ ગજાનનનું વાહન પણ આ માઉસ જ ને !

બીજા વિશ્વયુદ્ધના સમય પછી પ્લોટીંગ માટે આ ટ્રેકબોલ કે કોમ્પ્રીહેન્સીવ ડીસપ્લે (સીડીએસ)ની શોધ બ્રીટીશ રોયલ નેવીની સાયન્ટીફીક સર્વીસમાં કામ કરતા રાલ્ફ બેન્જામિને ૧૯૪૬માં કરી જે એનેલોગ કમ્પ્યૂટરમાં વાપરી શકાય તેવું હતું. છ વરસ બાદ ૧૯૫૨માં આવુંજ ટ્રેકબોલ ટોમ ક્રેન્સટન, ફ્રેડ લોન્ગસ્ટફ અને કેન્યલ ટેલરે રોયલ કેનેડીયન નેવી માટે દાતાર (ડીજીટલ ઓટોમેટેડ ટ્રેકીંગ - એન્ડ રીઝોલ્વીંગ - DATAR)ના નામથી બનાવ્યું જે એનેલોગને બદલે ડીજીટલ કમ્પ્યૂટરને ઉપયોગ કરતું હતું. સ્ટેનફોર્ડ રીસર્ચ ઇન્ટીટ્યુટના ડગ્લાસ એન્જેલબાર્ટે તેના લીડ એન્જીનીયર બીલ ઇંગ્લીશની મદદથી વ્યક્તિગત રીતે માઉસનું પ્રથમ પ્રોટોટાઈપ ૧૯૬૩માં બનાવ્યું અને તેના ઉંદરની પૂંછડી જેવા દેખાતા વાયરના જોડાણને કારણે નામ આપ્યું માઉસ.


**સોફ્ટવેર : Bitcoin**



કમ્પ્યૂટર ભાષાના બેઝીક એકમ બીટ પરથી નામાભીધાન એટલે આ બીટકોઈન કે ડીજીટલ કરન્સી પરસ્પરના નાણાકીય વ્યવહાર માટે સોફટવેર ડેવલપર સટોશી નાકામોટોએ ૨૦૦૯માં ઓપન સોર્સ સોફટવેર તરીકે બજારમાં મૂકી. નાકામોટો ખરેખર એક વ્યક્તિ છે કે વ્યક્તિઓનું ગ્રુપ, તેમજ તેનું નામ પણ ખરું છે કે હુલામણું, ઉપનામ કે તખલ્લુસ તે હજુ સુધી બહાર આવ્યું નથી.

બીટકોઈન કરન્સી એ કોઈ બજારમાં સામાન્ય વપરાશ માટે ચાલતું કે સત્તાવાર નાણું નથી. હા તમે તેને પરચૂરણની તંગીને કારણ દુધવાળાના કુપન કે કોર્પોરેટ્સ દ્વારા તેમના નોકરીયાતોને આપવામાં આવતા ફુડ કુપનની જેમ મર્યાદિત નાણાકીય વ્યવહારો માટેનું એકમ કહી શકો. આમ છતાં પણ આ એક બહોળા પ્રમાણમાં સ્વિકારવામાં આવતું વૈશ્વિક સ્તરનું ગણતરી માટેનું એકમ છે. ૨૦૧૪માં યુએસ આઈઆરએસે રૂલીંગ આપેલ છે કે બીટકોઈન ને એક નાણા તરીકે નહીં પરંતુ મિલ્કત તરીકે લેખવી જોઈએ. ચાઈના તો આ ડીજીટલ કરન્સીના વ્યવહારોને કાયદેસર લેખતુંજ નથી. નાણા ના મુખ્ય ત્રણ કાર્યો - વસ્તુઓ સામે ચૂકવણીનું માધ્યમ (મિડીયમ ઓફ એક્ષ્ચેન્જ), મૂલ્યની સાચવણી (સ્ટોર ઓફ વેલ્યુ) અને હિસાબ માટેનું એકમ (યુનીટ ઓફ એકાઉન્ટ), જેમાંથી પ્રથમને સંબંધ છે વિશ્વનિયતા સાથે, બીજાને બચત સાથે જ્યારે ત્રીજાનું કામ છે હિસાબો રાખવાનું. કહેવાય છે કે જેમને નાના હિસાબોની પડી ના હોય તેવા લોકો સ્વિઝબેંક કે અન્ય દેશોમાં કદાચ નાણા ન રાખે તો આવી મિલ્કતોમાં પણ ફેરવી શકે.

**ઇન્ટરનેટ : Web-વેબ = કરોળિયાનું જાળું**



વર્લ્ડ વાઈડ વેબ, અંગ્રેજીમાં www કે ડબલ્યુ૩ તરીકે ઓળખાતી સિસ્ટમને ટૂંકમાં વેબ કહેવાય છે. કરોળીયાના જાળાની જેમ આખી દુનિયા ઉપર પથરાયેલ એક વિશાળ તાણા-વાણાની કલ્પના ઉપરથી ઉતરી આવેલ આ શબ્દ સમજવા જેવો છે. વેબ એટલે ઇન્ટરનેટ નહીં. ઇન્ટરનેટમાં વેબ સાથે હાર્ડવેર, સોફ્ટવેર અને ઇન્ટરનેટ થકી જોડાતા અનેક સાધનોનો સમાવેશ થાય જેમાં વેબ સર્વરો મુખ્ય છે, જે એક જગાએ રાખવામાં આવેલ કમ્પ્યૂટરજ છે. તેનો ઉપયગ મુખ્યત્વે ઇન્ટરનેટના જોડાણ થકી વિવિધ માહિતીઓની આપ-લે કરવાનું હોય છે અને તેની સમગ્રહ ક્ષમતા સારી એવી વિશાળ હોય છે. હાયપરટેક્સ્ટ (કમ્પ્યુટરની ભાષા) સાથેના બનાવાયેલ દસ્તાવેજોને ઇન્ટરનેટ થકી જોવા માટેની એક સિસ્ટમ એટલે વેબ. પરંતુ આ વેબ સાથે સંકળાયેલ વેબ-સાઈટ અને વેબ-પેઈજ પર દેખાતા લખાણ, ઇમેજો, એનીમેશન, વિડીયો કે અન્ય મલ્ટીમીડીયા સાથેના દસ્તાવેજો ઇન્ટરનેટના જોડાણ વગર જોઈ શકાય નહીં.

હેલ્થ ફસ્ટ : *Before starting to work at your computer, adjust the height, seat pan, seat till and back of your chair to your comfort. Wish you safe computing.*

# અતિતના ઝરુખે કચ્છ...

● નરેશ અંતાણી ●

## મોરબી રાજ્યનું : આધોઈ મહાલ

૨૬મી જાન્યુઆરી-૨૦૦૧ શુક્રવારનો દિવસ ગુજરાત અને ખાસ કરીને કચ્છ માટે ગોઝારો હતો. આ દિવસે આવેલ વિનાશક ધરતીકંપે કચ્છને છિન્ન ભિન્ન કરી નાખ્યું હતું. હજારો માનવીઓનો ભોગ લેનાર આ ધરતીકંપની અસરમાંથી કચ્છ હવે બેઠું થયું છે. ચારે તરફ પુનઃ જીવન અને પુનઃ વસવાટનો ખુશીનો માહોલ દેખાય છે. ત્યારે વિનાશક ધરતીકંપમાં વ્યાપક રીતે ક્ષતિગ્રસ્ત થયેલ ભચાઉ તાલુકાના આધોઇ ગામને ધરતીકંપ પછીની તાત્કાલીક જે હાલતમાં હતું તે જ હાલતમાં રહેવા દઈ એક જીવંત સંગ્રહાલય તૈયાર કરવાની એક સુંદર યોજના રાજ્ય સરકાર દ્વારા આકાર લઈ રહી હોવાની જાણકારી મળી છે.

આવનારા ભવિષ્યમાં આપણી આગામી પેઢીને ધરતીકંપ સમયની ભયાનક પરિસ્થિતિ અને થયેલ નુકસાનીનો અંદાજ આવી શકે, કચ્છના જન જીવન પર એ સમયે કેવી અસર થઈ હતી તેનો જીવંત ખ્યાલ આવી શકે, ધરતીકંપનો તાદૃશ ચિતાર નજરો નજર આવી શકે અને તે દ્વારા આવી કુદરતી આપત્તિ સમયે કેવાં પગલાં ભરવા અને કેવી રીતે તેનો સામનો કરવો તેનું શિક્ષણ પણ મળી શકે એ માટે ઐતિહાસિક આધોઈ ગામને જેમની તેમ પરિસ્થતિમાં રહેવા દઈ તેને સંગ્રહાલય તરીકે જાળવી રાખવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે તે ઉચિત અને સમય સરનો છે. વળી આધોઈનો ઈતિહાસ પણ રસપ્રદ છે. આધોઈનો જન્મ મોરબી રાજ્યના એક મહત્વના મહાલ તરીકે થયો છે. હાલે સૌરાષ્ટ્રનું એક મહત્વનું શહેર મોરબી પણ એક સમયે કચ્છનો એક ભાગ હતું, મોરબીમાં કચ્છી થાણું હતું.

આરંભમાં મોરબીએ અનેક ઉતાર ચડાવ જોયા છે. પોરબંદરના રાજવી સંગજી જેઠવા, કુત્બુદીન ઐબક અને સુલતાન ધોરીએ વિવિધ સમયે એ સમયનું 'મયૂરધ્વજપુરી' કે 'મોરબો' પર ચઢાઈઓ કરી તેને પોતાના કબજામાં લીધું હતું. પરંતુ કચ્છના રાવશ્રી ખેંગારજી બીજાને મોરબીનો વિસ્તાર યુદ્ધ માટે વ્યુહાત્મક સ્થળ તરીકે મહત્વનું સ્થળ જણાતાં મહમદ બેગડાની મદદથી મોરબી કબજે કર્યું અને કચ્છ રાજ્યનો વિસ્તાર વધાર્યો. મોરબીના વહીવટ માટે ખેંગારજી બીજાએ પોતાના અશ્વપાલ રાવત રણસિંહને મોરબી બક્ષિસમાં આપી ત્યાં કચ્છી થાણું સ્થાપ્યું. મોરબીએ એ સમયે 'મોરબો' તરીકે ઓળખાતું. રાવત રણસિંહે તેનું નામ બદલીને 'ગઢ ઢેલડી' રાખ્યું.

## વાગડ અને મોરબી કચ્છથી સ્વતંત્ર થયા :

કચ્છના રાવશ્રી રાયધણજીનું અવસાન આસો સુદ ૧૧, સંવત ૧૭૫૪નાં રોજ થયું. તેમના પછી યુવરાજ રવાજી ગાદી વારસ હતા પરંતુ રાયધણજીના અવસાનના બે દિવસ અગાઉ જ થરના સોઢા ભોજરાજજીએ આસો સુદ-૯, સં.૧૭૫૪ના તેમનું ખૂન કર્યું. આથી રવાજીના નાનાભાઈ પ્રાગમલજી પહેલા કચ્છના ગાદી પતિ બન્યા. આ સમયે રવાજીનો પુત્ર કાંયાજી કચ્છના વાગડ પંથકમાં લૂંટારૂઓથી પ્રજાનું રક્ષણ કરવા કટારીયામાં હતા. ભુજમાં બનેલી ઘટનાથી વાગડના જમીનદારોએ કાંયાજીનું રક્ષણ કરવાની હૈયાધારણ આપી અને કાંયાજીને પોતાના રાજા તરીકે જાહેર કર્યા. વાગડની પ્રજાની મદદથી કાંયાજીને પોતાના પિતા સાથે થયેલ અન્યાય અને ખૂનનો બદલો લેવાની ઉત્કંઠા થઈ. આથી તેમણે વાગડના કીડીયાનગરના તેના મોસાળ પક્ષના વાઘેલા રજપુતોની મદદથી વાગડ પાસેના મોરબીમાં રહેલાં કચ્છુ થાણા પર યુદ્ધ કરી કચ્છી થાણેદારને હાંકી કાઢી ઈ.સ.૧૬૯૮માં મોરબીમાં પોતાની ગાદી સ્થાપી અને વાગડ અને મોરબીને કચ્છથી સ્વતંત્ર્ય ઘોષિત કર્યા.

## મોરબી અને કચ્છના યુદ્ધો :

કાંયાજી મોરબી અને વાગડાના કટારીયા એમ બન્ને સ્થળો રહેતા. કચ્છની ગાદીના હકદાર તરીકે એમણે કચ્છ રાજ્ય સાથે વેર બાંધતા કચ્છ અને મોરબી વચ્ચે અવાર નવાર નાની મોટી લડાઈઓ થતી રહેતી હતી.

કાંયાજીએ મોરબી અને વાગડને કચ્છથી સ્વતંત્ર્ય ઘોષિત કરતાં કચ્છના રાવશ્રીએ સંવત ૧૭૭૨માં કટારીયામાં રહેતા કાંયાજી પર હુમલો કર્યો પણ તેમાં મોરબી રાજ્યનો વિજય થયો. આ પછી સં.૧૭૭૪માં પણ કચ્છ અને મોરબી વચ્ચે થયેલ લડાઈમાં પણ મોરબીનો વિજય થયેલો.

કચ્છના રાવશ્રી દેશળજીના સમયમાં ફરી સંવત ૧૭૮૨માં મોરબીના ઠાકોર કાંયાજીએ અમદાવાદના સુબા

શેર બુલંદખાનની મદદથી માધાપર પાસે છાવણી નાખી ભુજીયા કિલ્લા પર હુમલો કર્યો આથી કચ્છ અને મોરબી વચ્ચે તુમુલ યુદ્ધ થયું અને બન્ને પક્ષે ભારે ખાના ખરાબી થવા લાગી આથી દુઃખી થઈ કાંયાજીના વૃદ્ધ કાકા મોડજી ગુંદાલાવાળા જે કચ્છ રાજ્ય તરફે લડતા હતા તેમણે લવાદ થઈ બંને પક્ષે સુલેહ કરાવી અને યુદ્ધનો અંત આણ્યો. સુલેહમાં વાગડના બે ભાગ કરી અમૂક કિસ્સો મોરબી પાસે રહે અને અમૂક હિસ્સો કચ્છ પાસે રહે તેવું નક્કી કરાયું.

## કાંયાજીનું અવસાન :

મોરબીના સ્થાપક ઠાકોર કાંયાજી સંવત ૧૭૯૦ માગશર વદ સાતમ ઈ.સ.૧૭૩૪માં અવસાન પામ્યા. આ પછી મોરબીની ગાદી પર કાંયાજીના નાના પુત્ર અલીયાજીનો રાજ્યાભિષેક પોષ સુદ, બીજ સં.૧૭૯૦નાં રોજ કરવામાં આવ્યો.

## આધોઈનું તોરણ બંધાયું :

મોરબીના ગાદીપતિ અલીયાજીએ સંવત ૧૭૯૫ના આધોઈ નગરનું તોરણ બાંધ્યું હતું. આ નવ સ્થાપિત આધોઈમાં અલીયાજી લાંબા સમય રહ્યા હતા. ત્યારથી ભારત દેશની આઝાદી સુધી આધોઈ મોરબી રાજ્યની હકુમત નીચે રહેલું હતું. આધોઈ ઉપરાંત વવાણીયા બંદરની સ્થાપના પણ તેમણે કરી હતી.

આધોઈનો તમામ વહીવટ મોરબી રાજ્ય કરતું હતું. અને આ માટે ખાસ આધોઈ માટે અલગ બજેટની ફાળવણી પણ કરવામાં આવતી હતી. આ અંગેના વિવિધ રસપ્રદ આંકડાઓ પણ મોરબી રાજવી પરિવાર પાસેથી મેળવી શકાયા છે.

આધોઈ માટે મોરબી રાજ્ય દ્વારા કરવામાં આવતી બજેટની ફાળવણીના ઈ.સ.૧૯૩૪-૩૫ના વર્ષની બજેટની નકલ મેળવી શકાઈ છે. જેનાથી વર્ષ ઈ.સ.૧૯૩૨-૩૩, ૩૩-૩૪માં આધોઈ માટે કરવામાં આવેલ ખર્ચ અને ૧૯૩૪-૩૫નાં વર્ષમાં ફાળવવામાં આવેલ નાણાની વિગતો મળે છે તે મુજબ વર્ષ ૧૯૩૨-૩૩ માટે રૂા.૪૩૯૩/-નો ખર્ચ કરાયો હતો. વર્ષ ૩૩-૩૪માં ૪૬૨૬ રૂપિયાનો ખર્ચ કરાયો હતો જ્યારે વર્ષ ૩૪-૩૫ માટે રૂા.૫૨૫૩/-નો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો. આ બજેટ મોરબીના મહારાજા લખધીરજીની સહીથી મંજૂર કરવામાં આવ્યું હતું.

અંદાજ પત્રમાંથી જાણવા મળતી કેટલીક રસપ્રદ વિગતો મુજબ આધોઈ તિજોરીમાં રહેલ જોખમ સાચવવા માટે અંજાર મોકલવામાં આવતું. આ માટેના ખાસ ખર્ચની પણ ફાળવણી કરવામાં આવતી. ફાનસ, બત્તી વગેરેની ખરીદી તથા મરામત પણ અંજારમાં જ કરવામાં આવતી. આધોઈને મોરબી રાજ્યના મહાલ તરીકેનો ખાસ દરજ્જો મળ્યો હતો અને તેનો વિસ્તાર ૭૦ ચોરસ માઈલ હતો.

મોરબી રાજ્યમાં ઈ.સ.૧૯૨૨ સુધી માત્ર બે જ કન્યાશાળાઓ હતી જે પૈકી એક મોરબીમાં અને બીજી આધોઈમાં હતી. આ કન્યાશાળા પણ એ સમયે અદ્યતન હતી પુસ્તકાલય, રમતગમતના સાધનો, બગીચા અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના જરૂરી એવા તમામ સાધનો એ સમયે શાળામાં મોજુદ હતા. ઈ.સ.૧૯૪૦માં મોરબી રાજ્યે આધોઈમાં ખાસ વાયરલેશ સ્ટેશનની સ્થાપના પણ કરી હતી.

આધોઈ ગામની ભાગોળે આવેલ પ્રાથમિક શાળાનું જુનું નામ 'મોરબી સ્ટેટ સ્કૂલ (ગુજરાતી-અંગ્રેજી નિશાળ)' એ મુજબનું હતું. જુનું નામ આજે પણ જોઈ શકાય છે. સાળાના મકાનમાં લગાવવામાં આવેલ તકતીમાં દર્શાવ્યા મુજબ સંવત ૧૯૯૬ ઈ.સ.૧૯૪૦માં મોરબીના મહારાજા લખધીરજીના શાસન દરમ્યાન શાળાનું મકાન બાંધવામાં આવ્યું છે.

## આધોઈ પાછું કચ્છમાં :

કચ્છ અને મોરબી રાજ્ય વચ્ચે નાના મોટા ઝઘડાઓ થયા જ કરતા હતા પરિણામે આઝાદી મળ્યા પછી આધોઈને કચ્છમાં સમાવવા હુકમો થયા હોવા છતાં મોરબી પાસેથી આધોઈને મેળવવા માટે કચ્છના વહીવટી તંત્રને અનેક મુશ્કલીઓ પડી હતી. હિંદ સરકારે આધોઈનો કબજો કચ્છને સોંપવા હુકમ કર્યો હતો. કચ્છના એ સમયના નાયબ કલેકટર શ્રી હરિભાઈ છાયાએ પોતાના પુસ્તકમાં આ અંગે વર્ણન કરેલ છે. તેમણે 'ક' વર્ગના કચ્છ રાજ્ય વતી આધોઈનો કબજો લીધો હતો. મોરબી રાજ્યના અમલદારો મોરબીની તિજોરીમાં એ સમયે રહેલ આવક પોતાના હસ્તક લઈ ખાલી તિજોરીનો કબજો આપવાની મુરાદ સેવતા હતા પરંતુ હરિભાઈએ કુનેહ વાપરીને મોરબીના અમલદારો કચ્છને કબજો સોંપવા આવે તે પહેલાં જ વરસતા વરસાદે રાતોરાત આધોઈ પહોંચીને આધોઈનો કબજો લીધો હતો. જેને પરિણામે એ સમયે તિજોરીમાં રહેલા રૂા.આઠ હજારની રોકડ રકમનો કબજો કચ્છને મળ્યો હતો.

૨૬૭ વર્ષ જુનું આધોઈ ધરતીકંપમાં ધ્વસ્ત થયા પછી હાલે ગામની બહાર નવા આધોઈનું નવ નિર્માણ કરાયું છે. જુના ગામમાં હજી ૫૦ જેટલા પરિવારો નિવાસ કરે છે. આધોઈની હાલે કુલ વસતી ૧૦,૦૦૦ વ્યક્તિઓની છે.

(અનુસંધાન પાન-૩૨ ઉપર)

# વતનના વાવડ

● સંકલીત ●

## સામાજિક અને સેવાકીય ક્ષેત્રમાં પ્રદાન માટે સુખપરના ઉદ્યોગકારને એવોર્ડ

વ્યક્તિગત રીતે સામાજિક, સેવાકીય અને આર્થિક ક્ષેત્રમાં ઉત્થાન બદલ તાલુકાના સુખપર ગામના ઉદ્યોગકાર વાયુદળના નિવૃત્ત અધિકારી કુલદિપસીંગ સંધાને રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરાયો હતો.

ઈકોનોમિક ગ્રોથ સોસાયટી ઓફ ઈન્ડીયા સંસ્થા દ્વારા પણજી (ગોવા) ખાતે યોજાયેલા રાષ્ટ્રીય સેમિનાર પ્રસંગે ગોવાના નાયબ મુખ્યમંત્રી ઉપરાંત કેન્દ્રીય મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં શ્રી સંધાને 'જવેલ ઓફ ઈન્ડીયા' નામનો આ લાઈફ ટાઈમ એચિવમેન્ટ રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરાયો હતો. વ્યક્તિગત રીતે સામાજિક અને આર્થિક તથા સેવાકીય ક્ષેત્રમાં ઉત્થાન બદલ આ એવોર્ડ અપાયો હતો.

મૂળ અમૃતસર (પંજાબ)ના વતની એવા કુલદિપસીંગ વાયુદળના નિવૃત્ત વોરન્ટ અધિકારી છે. વાયુદળમાં ૩૨ વર્ષ ફરજ બજાવનારા તેમનું ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધ સમયે સક્રિય યોગદાન રહ્યું હતું. નિવૃત્તિ બાદ કચ્છને કર્મભૂમિ બનાવનારા તેમણે ટ્રેક્ટરની ટ્રોલી અને ખેતીના ઓજારો બનાવવાનો ઉદ્યોગ સૌપ્રથમ શરૂ કર્યા હતો. વ્યવસાયિક અને સેવાકીય ક્ષેત્રમાં 'ઉત્તમ પ્રદાન બદલ શ્રી સંધાને વર્ષ ૨૦૧૧માં બે રાષ્ટ્રીય એવોર્ડથી નવાજાયા હતા. તો વર્ષ ૨૦૦૯માં વિજ્ઞાનક્ષેત્રમાં જાગૃતિ બદલ તેમને ગેલીલીયો એવોર્ડ અપાયો હતો. હાલે તેઓ રોટરી કલબ સહિતની સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે.

## કચ્છના લોકપ્રિય ભજનિકનું યુવાનવયે અવસાન

અખિલ કચ્છ મારૂ વણકર સમાજના એકમાત્ર કામણગરા કલાકાર શંકરભાઈ મારવાડાનું યુવાવયે હૃદયરોગ હુમલાના કારણે અવસાન થતાં ભજનિકો તથા કચ્છ જિલ્લા મારૂ વણકર સમાજમાં શોક વ્યાપ્યો છે.

ગરીબીમાં ઉછરેલા અને સ્વ.નારાયણ સ્વામી જેવો મીઠો કંઠ ધરાવતા આ કલાકારના જવાથી કલાજગત તેમજ કચ્છ જિલ્લાના મારૂ વણકર સમાજને ન પૂરાય તેવી ખોટ પડી હોવાનું સમાજના અગ્રણીઓ પચાણ વીરા સંજોટ આદિએ જણાવ્યું હતું.

નામી કલાકારો સાથે સંગત કરનાર આ યુવા ભજનિકના ભજનોની સીડી, ડીવીડી દેશ-વિદેશમાં જનપ્રિય બની છે, તો દૂરદર્શન પર તેમનાં ભજનો પણ વખણાયાં છે.

## સોના-ચાંદીની પ્રતીક ખરીદી સાથે અખાત્રીજનું શુકન સચવાયું

સંસાર માંડણની શુભ મુહૂર્ત સમાન અક્ષય તૃતીયાના દિવસને સોના-ચાંદી ખરીદવા માટે પણ શુકવંતો ગણાય છે. લોકોએ સોના-ચાંદીની અખાત્રીજનું શુકન સાચવતાં દિને કચ્છમાં અઢીથી ત્રણ કરોડ રૂપિયાના સોના-ચાંદીની ખરીદી કરી હતી.

વૈશાત્રી ત્રીજે તાપની પરવા કર્યા વિના સોના-ચાંદી બજારની વાટ પકડનાર ઉત્સવપ્રેમી લોકોની ભીડ જામતાં તહેવારની તાસીર બજારના માહોલમાં ઝિલાઈ હતી.

લગ્નની પૂરબહારમાં ખીલેલી મોસમની મીઠી કમાણી બાદ કિંમતી ધાતુના કારોબારમાં છૂટી-છવાઈ પણ તહેવાર પ્રેરિત તેજી આવતાં સુવર્ણના વેપારી ભાઈઓના ચહેરા પર થોડીક ચમક દેખાઈ હતી.

## વરનોરા ગામના હસ્તકલા કારીગરને નેશનલ મેરિટ સર્ટિ. જાહેર

ભુજ તાલુકાની આહીર-પટ્ટી પંથકના મોટા વરનોરા ગામના હસ્તકલાના કારીગરને કોટન સીલ્ક બેડશીટ માટેનો નેશનલ મેરિટ સર્ટિફિકેટ એવોર્ડ જાહેર થયો છે. હસ્તકલા ક્ષેત્રે આ પંથકને પ્રથમ વખત આ એવોર્ડ મળતાં ગ્રામ્ય

કારીગરોમાં ઉત્સાહ વધ્યો છે. મોટા વરનોરાના માલશી દાના વણકરની હાથવણાટની કોટન સીલ્ક બેડશીટની બનાવટ માટે ભારત સરકારના ટેક્ષ્ટાઈલ મંત્રાલય દ્વારા પસંદગી થઈ છે. આ એવોર્ડમાં ૫૦ હજારનો રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્રનો સમાવેશ થાય છે. ૩૮ વર્ષના આ યુવાન કારીગર નાનપણથી જ હાથવણાટના વંશ પરંપરાગત કામમાં રોકાયેલા છે. તેમણે હસ્તકલાની તાલીમ ભુજોડીના શિલ્પગુરુ એવોર્ડ વિજેતા પ્રેમજીભાઈ વણકર પાસેથી મેળવી છે.

## ૪૮ કલાક પૂર્વે પતિના નિધનના શોક વચ્ચે પત્નીએ મતદાતા ધર્મ બજાવ્યો

ગુજરાત સાથે કચ્છમાં મતદાન પ્રત્યેની જાગૃતિ દર્શાવતા અનેક કિસ્સાઓ ધ્યાનાર્ષક રહ્યા છે ત્યારે ભુજના એક શિક્ષિત પરિવારે એક શોકજનક પ્રસંગમાં નવતર પહેલ કરતાં જેને પ્રબુદ્ધ નાગરિકોએ પણ આવકારી હતી. ભુજના વોર્ડ નં.૧૩ આર.ટી.ઓ.ના રહેવાસી રમેશચંદ્ર અમૃતલાલ ગોર (માજી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ-ભુજ)નું સોમવારે અવસાન થયું હતું. રીતરિવાજ મુજબ પોતાના પત્ની ૧૩ દિવસ સુધી ઘર બહાર ન નીકળે પરંતુ આઝાદીની ચળવળના સાક્ષી એવા ગં.સ્વ.મુક્તાબેને લોકશાહીના આ યજ્ઞમાં આહુતિરૂપ મતદાન કરી નવતર પહેલ કરી લોકોને નવી રાહ ચીંધી હતી. આટલું જ નહીં ગોર પરિવાર દ્વારા સામાજિક નિયમ મુજબ ત્રીજા દિવસે રખાતી પ્રાર્થના સભા પણ મતદાન દિન આવતો હોવાથી એક દિવસ પછી એટલે કે તા.૧/૫ના રખાઈ હોવાનું જીત મોતાએ માહિતી આપી હતી.

## સોના-ચાંદીની પ્રતીક ખરીદી સાથે અખાત્રીજનું શુકન સચવાયું

સંસાર માંડણની શુભ મુહૂર્ત સમાન અક્ષય તૃતીયાના દિવસને સોના-ચાંદી ખરીદવા માટે પણ શુકવંતો ગણાય છે. લોકોએ સોના-ચાંદીની અખાત્રીજનું શુકન સાચવતાં દિને કચ્છમાં અઢીથી ત્રણ કરોડ રૂપિયાના સોના-ચાંદીની ખરીદી કરી હતી. વૈશાત્રી ત્રીજે તાપની પરવા કર્યા વિના સોના-ચાંદી બજારની વાટ પકડનાર ઉત્સવપ્રેમી લોકોની ભીડ જામતાં તહેવારની તાસીર બજારના માહોલમાં ઝિલાઈ હતી. લગ્નની પૂરબહારમાં ખીલેલી મોસમની મીઠી કમાણી બાદ કિંમતી ધાતુના કારોબારમાં છૂટી-છવાઈ પણ તહેવાર પ્રેરિત તેજી આવતાં સુવર્ણના વેપારી ભાઈઓના ચહેરા પર થોડીક ચમક દેખાઈ હતી.

## કચ્છના પીઢ પત્રકારે લીધો કાયમી 'વિરામ'

યુ.એન.આઈ.ના કચ્છ ખાતેના સંવાદદાત અને કચ્છના વરિષ્ઠ પત્રકાર મહેશદાન હરિદાન ગઢવીનું હિમાચલ પર્દેશના ગિરીમથક ડેલહાઉસી ખાતે તા. ૯-૫-૨૦૧૪ના રોજ હૃદયરોગના હુમલાથી અવસાન થથા કચ્છની અખબારી આલમે એક જા'બાઝ પત્રકાર ગુમાવ્યો છે.

'મહેશ ગઢવી'એ નામ કચ્છ અને કચ્છની સરકારી કચેરીઓ તથા માત્ર અખબારી આલમ જ નહીં પણ પ્રિન્ટીંગ પ્રેસ અને હોટલ વ્યવસાય સાથે સંલગ્નો માટે અજાણ્યો નથી. મૂળ માંડવી તાલુકાના જામથડા ગામે ૨૫મી ડિસેમ્બર ૧૯૪૫ના જન્મેલા શ્રી ગઢવી ૬૯વર્ષના હતા અને જીવનના છેલ્લા શ્વાસ સુધી પત્રકારત્વને સમર્પિત રહ્યા હતા.

જામથડામાં જન્મીને સંઘર્ષપૂર્ણ જીવન જીવનારા મહેશભાઈ ગઢવીની અખબારી કારકિર્દીનો પ્રારંભ મુંબઈ ફ્રી પ્રેસ જર્નલથી થયો. તેઓએ ચર્ચગેટ ગવર્નમેન્ટ લો કોલેજમાંથી કાયદાનો અને ભારતીય વિદ્યાપીઠની ભવન્સ કોલેજમાંથી ડિપ્લોમા ઈન જર્નાલિઝમનો એક સાથે અભ્યાસ કર્યો અને ફ્રી પ્રેસ જર્નલ ગુજરાતી આવૃત્તિમાંથી પત્રકારત્વ શરૂ કરી કચ્છ આવ્યા અને 'કચ્છમિત્ર' સાથે જોડાયા હતા અને લાંબો સમય સુધી કચ્છના પ્રશ્નોને વાચા આપી હતી.

૧૯૭૧માં શ્રી ગઢવીએ માતા ડાયાબેનના નામ પરથી ડાયલ પ્રિન્ટીંગ પ્રેસ શરૂ કરી અને બાદમાં ટાઉનહોલ જોડેની જમીન પર કચ્છનું સર્વપ્રથમ ગાર્ડન રેસ્ટોરન્ટ શરૂ કર્યું જે આજે પણ હોટલ વિરામના નામે ઊભું છે. પત્રકારત્વમાં આવ્યા તે પહેલાં મહેશભાઈ આર.ટી.ઓ. અને જંગલ ખાતા સાથે પણ સંકળાયા હતા. પરંતુ સરકારી તંત્રમાં બંધાય તેવું તેમનું વ્યક્તિત્વ નહોતું.

સ્વ. ગઢવીએ કચ્છ અને કચ્છીયતને કેન્દ્રમાં રાખીને કચ્છમિત્રના દીપોત્સવી પર્વના ખાસ અંકોમા અને અભ્યાસપૂર્ણ અને માહિતી પ્રદ લેખો લખ્યા છે. આ વર્ષે તેઓની અંતરની ઈચ્છા કચ્છમાં મેળા પ્રસંગે થતી ગાડા-ઘોડા-રેકડા દોડ પર લખવાની હતી અને તેની તૈયારીમાં પણ તેઓ હતા ત્યાં જ ઉનાળું વેકેશનમાં હિમાચલપ્રદેશના ડેલહાઉસી જવાનો કાર્યક્રમ ઘડાયો જ્યાં તેઓએ અંતિમ શ્વાસ લીધા.

## પ્રકૃતિપ્રેમી મોરજરના સ્વ. ભારતદાન ગઢવીની ચિર વિદાય

મોરજર (વિથોણ) પાંચાળાના મોંકઢા અને મૂઠી ઉંચેરા માનવી ભારતદાન નાગાર્જુન ગઢવીની ગત મંગળવારે ચિરવિદાયથી ચારણ સમાજ અને આ પંથકમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. વાચાળ, હેતાળ અને પ્રેમાળ એવા વિદ્વાન વક્તા ભારતદાન ઇતિહાસવિદ્ સાથે પર્યાવરણ અને પ્રકૃતિ પ્રેમી હતા. જીવનવનના આઠમા દાયકાના ઉત્તરાર્ધમાં પહોંચેલા આ જૈફ અને જાજરમાન આજીવન શિક્ષક હોવા છતાં એક વિદ્યાર્થી જેવા જ્ઞાનપિપાસુ રહ્યા હતા. નોખી માટીના આ ભાતીગળ ભારતદાનની ચિરવિદાયથી મોરજર વિસ્તારના ઇતિહાસના એક સુવર્ણ પ્રકરણની જાણે સમાપ્તિ થઈ ગઈ છે.

'મારા અસ્થિ ભોંયણ નદીમાં આવેલા આ ડેમમાં પધરાવજો' પાંચેક વર્ષ પહેલા એમણે ભડલી માર્ગે ગંગાજી પાસે આવેલા નીલમણી મહાદેવના સાનિધ્યમાં એક નાના ચેક ડેમના ખાતમૂહુર્ત પ્રસંગે આ વાત કરી હતી. આ માત્ર શબ્દો ન હતા પણ એમના અંતરમાં ધરબાયેલી વર્ષો જૂની એક વેદનાની વાચા હતી. આ નદીના વિશાળ અને ઊંડા પટમાં એક મહાકાય પર્પોલેશન ડેમ બને એવી ચાર દાયકા જૂની એમની માંગ હતી. જે આજે મહદ્ અંશે સંતોષાતાં આ ટાંકણે એમણે રાજીપો વ્યક્ત કર્યો હતો. વિદ્વાન ચારણત્વ અને લોકસાહિત્યના મર્મી એવા ભારતદાન સાહેબની ભોંભીતરમાં ભંડારેલી વાતુ એમની તેજતરાર જબાનમાં સાંભળવી અને એમની સાથે રસભરી રયાણની રંગત માણવી એ તો જેણે જોઈ હોય, જાણી હોય, માણી હોય એ જ કહી શકે, પછી ભલેને કોઈપણ વિષય હોય. રાજકારણથી માંડીને રૂઢિચુસ્ત રીત-રીવાજોથી ખેતી, પર્યાવરણ, પક્ષીજગત વિ.ની વાતો વહેતી કરે ત્યારે જાણે સમય ઓછો પડે. આટલી જૈફ વયે દરરોજ પાંચ થી સાત કિમી. તેઓ સહેજે ચાલી નાખતા. ચાલવું તેમનો શોખ હતો, વ્યસન હતું. એ જિંદગીભર સતત ચાલતા જ રહ્યા. જો કે થોડાક સમયથી વૃદ્ધત્વ એમના પર દિન-પ્રતિદિન હાવી થતું જતું હતું. એટલે તેઓ આઈવાનું માં ના આશરે એકલપંડે નિજાનંદથી વાતું કરતા રહેતા હતા.

શરૂઆતમાં કચ્છમિત્ર અને પછી માહિતીખાતામાં ફરજ બજાવી ચૂકેલા એમના સુપુત્ર રાજેન્દ્ર ગઢવીનું ભરયુવાન વયે આકસ્મિક અવસાન થતાં એમના વિશાળ પરિવાર તેમજ આ પંથક અને ચારણ સમાજમાં જાણે આભ ફટ્યો ન લગે થિગરી... બનવાકાળ બની ગયું. આવા હોનહાર સ્વ. રાજેન્દ્રનો કારમી ઘા રૂઝાતાં બહુ જ સમય લાગ્યો. કદાચ ભારતદાન સાહેબને આ ઉંમરના અસ્તાચળે વધારે વસમો લાગ્યો હશે પણ આવા ખમીરધરને કોઈ કળી ન શકે ! આજથી ત્રણેક વર્ષ અગાઉ મોરજર મુકામે પુંજલદાદાના આશ્રમે પૂ. દિલીપરાજાની અધ્યક્ષતામાં માજી સાંસદ પુષ્પદાનભાઈ ગઢવી, કચ્છમિત્રના સલાહકાર તંયત્રી કિર્તીભાઈ ખત્રી, ડૉ. પિંગળશીભાઈ ગઢવી વિ.ની વિશેષ ઉપસ્થિતિમાં એમના હૈયામાં ધરબાયેલી વાતું ને એમના શ્રીમુખેથી અંકે કરી લેવા, વાગોળવા અને એમને જાણવા-સાંભળવા એમનો એક વિશેષ સમારંભ યોજાયો હતો. જેનું આકાશવાણીના મદનકુમાર અંજારીયા 'ખ્વાબ' એ રેકોર્ડીંગ કર્યું હતું. એમની અંતિમયાત્રામાં સમગ્ર મોરજર ગામ, વિથોણ, દેવપર, ભુજ, માધાપર વિ.થી એમના સંબંધી અને સ્નેહીઓ જોડાયા હતા. આવા ભારતદાન સાહેબને એમની અંતવેળાએ ભાવભરી ભાવાંજલિ. **અહેવાલ - પુરુષાર્થ પોમલ-ભુજ**

## જન્મભૂમિ જૂથ-સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી કચ્છની ત્રણ શૈક્ષણિક સંસ્થાને આર્થિક સહાય

જન્મભૂમિ પત્રોનું સંચાલન કરતા સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી કચ્છમાં શિક્ષણક્ષેત્રે જરૂરિયાતમંદ ક્ષેત્રમાં પાયાનું કામ કરતી ત્રણ સંસ્થાઓને દરેકને રૂા. એક-એક લાખની સહાય આપવામાં આવી છે. જન્મભૂમિ ન્યૂઝ પેપર્સ એજ્યુકેશન ફાઉન્ડેશન અંતર્ગત નીલપર રાપર સ્થિત જાણીતી સંસ્થા ગ્રામ સ્વરાજ સંઘ, મોરઝર-નખત્રાણામાં છાત્રાલય ચલાવતી સંસ્થા જીનામ સેવા સંઘ અને ભુજમાં શિક્ષણ પ્રવૃત્તિનાં પથારો ધરાવતી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટીને શૈક્ષણિક પ્રવૃત્તિ માટે આ ભંડોળ આપવામાં આવ્યું છે. તાજેતરમાં કચ્છમિત્ર ભવન ખાતે ત્રણે સંસ્થાના પ્રતિનિધિઓને ચેક એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુસ્લિમ એજ્યુ. સંસ્થાના મોવડી અમીરઅલી લોઢિયા, જીનામ સેવા સંઘના દિલીપરાજા કાપડી, કાનજીભાઈ હરિરામ કાપડી તથા ગ્રામ સ્વરાજ સંઘના દિનેશભાઈ સંઘવી વતી હમીરભાઈ સુથારે કચ્છમિત્ર પરિવારના વરિષ્ઠ સભ્યોના હસ્તે ચેકનો સ્વીકાર કર્યો હતો.

આ પ્રસંગે શ્રી લોઢિયા, શ્રી સંઘવી અને દિલીપરાજાએ લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, કચ્છમિત્રએ એક અખબારથી આગળ વધીને સમાજ ધર્મ હંમેશાં નિભાવ્યો છે. દુષ્કાળ, પૂર, ભૂકંપ, વાવાઝોડા અને કારગિલ યુદ્ધના સંજોગોમાં કચ્છની પ્રજાની પડખે રહેવા ઉપરાંત એક સંસ્થા તરીકે પીડિતોને સીધી મદદે કરી છે. તેમણે સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ચેરમેન દામજીભાઈ એન્કરવાલા, મેનેજિંગ ટ્રસ્ટી પ્રદીપભાઈ ચિનાઈ અને સીઈઓ-મુખ્ય તંત્રી કુંદનભાઈ વ્યાસ પ્રત્યે આભારની લાગણી દર્શાવી હતી.

# કલરવ

● દિનેશ માંકડ ●

## ટોક વિથ ટાબરિયા

દોસ્તો વેકેશનમાં તો જલસા પડી ગયા છે. ને એમાંયે પપ્પા તો ચૂંટણીના પરિણામ અને નવી સરકારની ચર્ચામાં ને ટીવી ચેનલોમાં સમય કાઢે છે - મમ્મીને અથાણાની ચિન્તા છે. એટલે ઘરમાં ખાસ વઢ પડતી નથી. હા ક્યાંક કોઈક સારી વેકેશન પ્રવૃત્તિમાં જોડાયા હોઈએ તો સમય આપવો પડે બાકી તો...જલસા જ જલસા.

દોસ્તો, તમે ક્યારેય મમ્મીને ઓછું વહાલ કર્યું હોય એવું બને ખરૂં ? તમને થશે આવો સવાલ મેં કેમ કર્યો. મમ્મીને તો સૌથી વધારે વહાલ કરવાનું જ હોય ને ! પણ દોસ્તો મમ્મીની ભાષા એટલે માતૃભાષા-ગુજરાતી. જેટલું વહાલ મમ્મીને થાય તેટલું જ વહાલ માતૃભાષા ગુજરાતીને થાય. હમણાં હમણાં અંગ્રેજી માધ્યમમાં ભણવાની હોડ લાગી છે. આમ તો મોટા વિદ્વાનો કહે છે કે બાળકની હોંશિયારી, કૌશલ્યતા અને વિચારશક્તિ - તર્કશક્તિ માતૃભાષામાં જ ખીલે - છતાં ગમે તે કારણોસર અંગ્રેજી માધ્યમમાં ભણવું પડે છે. ભણીએ છીએ. દુઃખની વાત એ છે કે તેમ કરવામાં આપણી માતૃભાષા પ્રત્યેનો પ્રેમ ઘટતો જાય છે. રસ્તે ચાલતા આપણે મમ્મીને કહીએ, 'મમ્મી મારી 'ફીંગર પકડ, સામે 'કાઉ' આવે છે. મિત્રો, વેકેશનમાં બીજા ભલે જલસા કરીએ. પણ માતૃભાષા પ્રત્યે પ્રેમ કેળવીએ. દરરોજ થોડો સમય મમ્મી-પપ્પાની મદદ લઈને સાચી અને શુદ્ધ માતૃભાષા બોલીએ, લખીએ. ને વાંચીએ, મન થાય ને કાલ્પનિક વિચાર આવતા હોય તો જાતે બનાવેલી ટચૂકડી વાર્તા પણ લખીને 'કલરવ' ને મોકલી શકાય.

બીજી બધી બાબતોમાં હોંશિયાર હોઈએ પણ શુદ્ધ માતૃભાષા ગુજરાતી, યોગ્ય રીતે બોલી, લખી કે વાંચી ન શકતા હોઈએ તો 'સોનાની થાળીમાં લોઢાની મેખ' જેવો તાલ કહેવાય. નેહા, ગુજરાતી માધ્યમમાં ભણતા બાળકો પોતાની ગુજરાતી ભાષાતો સુધારે જ. એનેય એટલીજ જરૂર છે.

## ગૌરવ ગાથા

દોસ્તો શાસક ક્યારેક ભક્ષક બને. જ્યારે ત્યારે પ્રજાનું જે સાચું રક્ષણ કરે તેજ સાચો બહાદુર કહેવાય. કચ્છ રાજયને પણ આવો બહાદુર સેનાપતિ મળ્યો. નામ. જમાદાર ફતેહ મહમદ.. ઈસવીની બારમી સદીમાં કચ્છમાં રાયધણજી રાજા હતા. પોતે ધર્મ પરિવર્તન કરીને પ્રજાને હેરાન કરતા અને અયોગ્ય રીતે રાજ્ય કરતા, તેવે વખતે બહાદુર સેનાપતિ જમાદાર ફતેહ મામદે રાજાને કેદ કર્યા. એટલું જ નહીં - ધારત તો પોતે રાજા બની શકત, તેને બદલે સેનાપતિ રહી, પોતે ગાદીની રક્ષા કરી, કચ્છમાં શ્રી સહજાનંદ સ્વામી પધારેલ, ત્યારે જમાદારે તેનો પણ આદર સત્કાર કરેલ અંગ્રેજોને કચ્છમાં આવતા અટકાવી, ટીપુ સુલતાન સાથે સંબંધી વિકસાવી, કચ્છના વિકાસમાં પ્રયત્નશીલ રહેતા. તેમની બહાદુરી માટે કહેવાય છે કે - 'ફતિયા તારી ફોજનો ભય ડંકો ભારી' કચ્છના 'કોમવેલ'નું બિરૂદ પામનાર 'જમાદાર ફતેહ મામદનું ખોરડું' ભુજમાં તેનું સ્મૃતિ ચિન્હુ છે.

## નાની વાત - મોટો બોધ

સંદિપની જન્મદિવસની પાર્ટી હતી. તેના પપ્પા મોટા વેપારી હોઈ, પાર્ટી ખૂબ સુંદર રીતે ગોઠવી હતી, વળી સંદિપ સ્વભાવે મળતાવડો હોઈ, તેના મિત્રો પણ ઘણા હતા - સંદિપે સૌને આવકાર્યા. કેકની પાસે મિણબત્તીઓ ને બદલે સંદિપના વર્ષ જેટલાં કોડીયાં મૂકેલાં હતાં. સંદિપે તેને પ્રગટાવવા શરૂ કર્યા. ત્યાં તો સંદિપના મમ્મીએ શ્લોક શરૂ કર્યા. 'શુભં કરોતું કલ્યાણમ્, આરોગ્યં ધન સમ્પદા, । શત્રુ બુદ્ધિ વિનાશાય, દીપજ્યોતિ નમોસ્તુને ।।' શ્લોક પૂરો થયો, કે બધા બોલ્યો, 'અલ્યા, સંદિપ, ફુંક તો માર.' સંદિપ કહે, 'ના ફુંક નથી મારવાની. ઓલવવું એ તો પશ્ચિમની સંસ્કૃતિ છે. આપણે તો જ્યોતિ રૂપી દેવને પ્રાર્થના કરવાની કે અમારામાં રહેલી શત્રુબુદ્ધિનો નાશ થાય અને આરોગ્ય અને ધન આપ. - અમારા જીવનમાં પ્રકાશ ફેલાવ !' સૌએ તાળી પાડી. ફુગ્ગા ફોડ્યા. આખો રૂમ 'હેપ્પી બર્થડે'ના ગુંજારવથી ગાજી ઊઠ્યો. સંદિપે 'કેક' કાપી, - સૌના મોંઢામાં મૂકી - સહુ ખુશ થયા. આમ તો સંદિપે સૌને ભેટ લાવવાની ના જ પાડી હતી. છતાં સહુ લાવ્યા હતા. વારા ફરતી સંદિપને ભેટ આપતા જાય - સંદિપ આભાર માનતો જાય. રાજેશ સંદિપનો ખાસ મિત્ર હતો. તે તેજસ્વી હોવાને લીધે સંદિપ સાથે તેને વધારે બનતું. આજે રાજેશ પાર્ટીમાં આવ્યો તો હતી - પણ જરા સંકોચ સાથે. કારણકે તેની ભેટ

બીજાની મોટી ભેટો જેવી નહોતી. તે પોતાની ભેટ છુપાવીને ઊભો હતો - સૌની વચ્ચે 'આપવી કે ન આપવી' તેની અવઢવમાં હતો. સંદિપની મમ્મીનું ધ્યાન રાજેશ તરફ ગયું, તેઓ સમજી ગયાં - 'અરે, રાજેશ તારી ભેટ તો બતાવ' - રાજેશે પાણી પહેલાં પાળ બાંધી, ને કડે કહે; મારી મમ્મી કહે છે, કે નાનપણમાં મોટી ભેટ લેવા ખોટો ખર્ચ ન કરવો જોઈએ. એટલે...આ.' સંદિપની મમ્મીએ ભેટ તેના હાથમાંથી લઈને ખોલી. તો એક પક્ષી ! બીજાઓને તો કૌતુક થયું, રાજેશે તેમાંથી વાયર ખેંચીને પ્લગમાં ભરાવ્યો - પક્ષીની બે આંખમાં લાઈટ થઈ - રાજેશ તરત બોલ્યો, 'આ નાઈટ લેમ્પ મેં જાતે બનાવ્યો છે.' સંદિપના મમ્મી કહે, 'શાબાશ, તારી જાતે બનાવેલી ભેટ તો સૌથી કીંમતી છે.' સૌએ તાળી પાડી ! સંદિપ રાજેશને ભેટ્યો !

## Health is wealth

મિત્રો, ભગવાન તરફથી આપણને એક અમૂલ્ય ભેટ મળી છે, ને તે એટલે 'રોગ પ્રતિકારક શક્તિ.' આપણા શરીરની અંદર અને આસપાસના પર્યાવરણમાં, અનેક રોગના જંતુઓ ફરતાં, રહે છે. પરંતુ આપણી રોગ પ્રતિકારક શક્તિ' આપણને 'રોગો'થી બચાવે છે. પણ આપણી કેટલીક અયોગ્ય ટેવોને લીધે આપણી રોગનો પ્રતિકાર કરવાની શક્તિ ઘટાડી દે. અને આપણે બિમાર પડીએ. ઊનાળો છે એટલી એક-બે ખાસ વાત. બહાર તડકામાં વધારે ન ફરશો - કદાચ જવાનું થાય તો ખૂલ્લે માથે તો નહીંજ બહારથી ઘરમાં આવીને તુરત જ પાણી ન જ પીવું. ફ્રીજનું તો નહીં જ-બહાર મળતા બરફ ગોળામાં વપરાતો રંગ ઘણીવાર ખૂબજ નુકશાન કારક હોય છે. ગરમીમાં પકોડી કે ચિપ્સ જેવા ચટપટા સ્વાદ ઓછા કરીને મમ્મી આપે તે કાચી કેરીના કચુંબર તમારાં શરીરનું વધારે રક્ષણ કરશે. ભૂલતા નહીં પહેલું સુખ તે - જાતે નર્યા.

## શું તમે જાણો છો ?

દોસ્તો, હમણાં જ ચૂંટણીઓ ગઈ. આ અંક મળશે ત્યારે કદાચ નવી સરકારની રચના થતી હશે. વિશ્વની સૌથી મોટી લોકશાહી આપણા દેશમાં છે. આ વખતે ૮૧ કરોડથી પણ વધારે મતદાતા હતા. આપણા દેશમાં લોકશાહી તંત્રના સૌથી વડા તે રાષ્ટ્રપ્રમુખ. દેશની સંસદ કાયદો ઘડે ને રાષ્ટ્રપ્રમુખ તેને મંજુરી આપે. સંસદ એટલે લોકસભા અને રાજસભા. લોકસભાના ૫૪૩ સભ્યોને આપણે એટલે કે પ્રજા ચૂંટે છે. લોકસભાની ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે. જ્યારે રાજસભાની ૨૩૮ બેઠકો માટે દર બે વર્ષે ત્રીજા ભાગના સભ્યો ચૂંટાય છે. તેમની મુદત છ વર્ષની હોય છે. તેમને માટે મતદાન આપણે નથી કરવાનું હોતું પણ દરેક રાજ્યની ધારાસભાના સભ્યો તેઓને ચૂંટે છે. રાજસભામાં ૧૨ સભ્યો ખાસ રાષ્ટ્રપ્રમુખ નિયુક્ત કરે - જેમણે દેશમાં કલા, સાહિત્ય, વિજ્ઞાન કે અર્થશાસ્ત્ર જેવા વિષયોમાં શ્રેષ્ઠ પ્રદાન કર્યું, તેવા લોકોને નિયુક્ત કરે. જે પક્ષને બહુમત મળે તે વડાપ્રધાન નિયુક્ત કરે. અને તેનું પ્રધાન - મંડળ દેશનું શાસન ચલાવે. આપણા દેશમાં ૧૮ વર્ષની ઉંમરથી મત આપવાનો અધિકાર છે, આ તો ખબર છે ને ?

## મગજ કસો નહીં તો ખસો :-

● શાન્તિલાલના પરિવારમાં બે પિતા, બે માતા, એક દાદા, એક દાદી, બે દિકરા, એક દિકરી, એક ભાઈ અને એક બહેન છે. તો તે પરિવારમાં ઓછામાં ઓછા કેટલા સભ્યો હોઈ શકે ?

● ૨, ૫, ૧૦, ૧૭, ૨૬ - ?

● રમેશે પોતાના વર્ગમાં તમામ વિદ્યાર્થીઓને એક સરખી સંખ્યામાં નોટબૂકો વહેંચી..તેણે કુલ એકસો એકવીસ નોટબુક વહેંચી, તો નોટબૂકો કેટલા વિદ્યાર્થીઓ વચ્ચે વહેંચાઈ હશે અને દરેક વિદ્યાર્થીઓને કેટલી નોટબૂકો મળી હશે ?

● અમર વિનય કરતાં ચાર સેમી ઊંચો છે. કમલેશ અમર કરતાં ચાર સેમી. નીચો છે. તો વિનય અને કમલેશની ઊંચાઈમાં કેટલા સેમી.નો તફાવત હશે ?

## હસ્યા તો ફસ્યા

● રાજુ એના મિત્ર મનીયાને : જ્યારે હું જંગલમાં નીકળ્યો ત્યારે મને થોડા ડાકુ મળી ગયા, અને મારી ઘડીયાળ, વિંટી રૂપિયા લઈ ગયા.

મનીયો : પણ તારી પાસે તો પિસ્તોલ તો હતી.

રાજુ : હા, હતી, પણ સદ્‌નસીબે પિસ્તોલ પર એ લોકોની નજર ન પડી, ને એ બચી ગઈ !

● અમથાલાલ : અલ્યા ગાંડાલાલ, આ નવી ગાડી તમે એક લીટરમાં કેટલા કીલોમીટર ચલાવો છો ?

ગાંડાલાલ : એક કીલોમીટર.

અમથાલાલ : ગાંડાલાલ, ગાંડા થયા છો કે શું ? એક લીટરમાં તમે એક જ કીલોમીટર ચલાવો છો ?

ગાંડાલાલ : હા, બાકીના પંદર કીલોમીટર. મારી પત્ની ચલાવે છે.

# મહિલા વિશ્વ

● રેખાબેન શુક્લ-અમદાવાદ ●

## ગૃહિણીઓની રોજીંદી ઘરગથ્થુ સમસ્યાઓનું સમાધાન

### સ્ટેશનરી

- બાળકોનાં કંપાસ બોક્ષની અંદરની બાજુએ કાચ કાગળનો એક નાનો ટૂકડો ચોંટાડી દેવાથી રબ્બર (ઈરેઝર) ખરાબ થાય ત્યારે તરતજ બાળક કાચ પેપર પર રબ્બર ઘસીને સાફ કરી શકાશે.
- નેલ પોલિશ રિમુવર ખલાસ થઈ જાય ત્યારે મૂંઝાયા વગર નખ પરથી નેલ પોલિશ કાઢી નાખવા માટે નખ પર થોડું પરફ્યુમ છાંટી દઈ થોડીવાર રહેવા દઈ નખને કપડાથી સાફ કરી નાખો.
- ઉનાળાની ગરમીમાં રબ્બર બેલ્ટ એક બીજા સાથે ચોંટી જવાની તકલીફથી બચવા થોડો ટેલ્કમ પાવડર છાંટી રબ્બર બેલ્ટ મૂકવાથી ગરમીમાં એકબીજા સાથે ચોંટશે નહીં.
- પુસ્તકનાં ખાનામાં લીમડાનાં પાન મૂકવાથી પુસ્તકમાં જીવાત નહીં પડે.
- બોલપેનની રિફિલ સૂકાઈ જાય તો તેને હુંફાળા પાણીમાં રાખી રાત રહેવા દો બીજા દિવેસ રિફિલ ઉપયોગમાં લઈ શકાશે.
- દાંતિયા કે કાંસકામાં જમા થઈ ગયેલો મેલ દૂર કરવા દાંતિયાને સાબુના પાણીમાં ભીંજવી રાખો.
- પ્રગટેલી મિણબત્તીની આવરદા વધારવા તેને પાણી ભરેલા ગ્લાસમાં મૂકો.
- મિણબત્તીને લાંબા સમય સુધી પ્રગટેલી રાખવા માટે તેની આજુબાજુ મીઠું ભભરાવો.
- મિણબત્તીનો પ્રકાશ વધારે મેળવવા માટે તેનું પ્રતિબિંબ અરીસામા પડે તે રીતે મૂકો.
- પરફ્યુમની બોટલમાંથી પરફ્યુમ ઉડી ન જાય તે માટે પરફ્યુમની બોટલને ગરમ જગ્યાએ ન મૂકતાં ઠંડી અને અંધારી જગ્યાએ મૂકો.
- ચોમાસામાં કવર પર લખેલું સરનામું ભીંજાઈને પ્રસરી ખરડાઈ ન જાય તે માટે તેના પર મિણબત્તી ઘસી નાખો આ ઉપરાંત એડ્રેસ પર ટ્રાન્સપરંટ સેલોટેપ પણ લગાડી શકાય.
- અગરબત્તી વધારે વખત ચાલે તેમજ તેની સુગંધ પણ વધારે આવે તે માટે અગરબત્તીને થોડી ભીની કરીને પેટાવો.
- ઝિપર સરળતાથી ખોલવા માટે ઝિપર પર મિણબત્તી ઘસો.
- ગુંદર સૂકાઈ ગયો હોય તો તેમાં થોડો સરકો નાખો, ગુંદર ઉપયોગમાં લઈ શકાશે.
- આછા રંગના ટેલિફોન ઈન્સ્ટ્રુમેન્ટ પર ડાઘા પડી જાય ત્યારે તે ડાઘાને નેઈલ પોલિશ રિમૂવરથી દૂર કરો.
- ભગવાનનો દીવો પ્રગટાવતી વખતે તેમાં એકાદ ટીપું પરફ્યુમ નાખવાથી વાતાવરણ મહેંકી ઉઠશે.
- થર્મોકોલની શીટને ઉચિત વ્યવસ્થિત રીતે કાપવા માટે ચપ્પુને મિણબત્તીની જ્યોતમાં હળવું ગરમ કરીને થર્મોકોલશીટ કાપવાથી તેનો આકાર બગડશે નહી.
- જૂના ફોટોગ્રાફસ આલ્બંબમમાં ચોંટી જવાથી ડાઘા પડી જાય તે દૂર કરવા માટે સ્પન્જ ઉપર થોડું પેટ્રોલ છાંટી ફોટોગ્રાફસ લૂછી નાખો ફોટાની ચમક ફરીથી આવી જશે.
- ઓઈલ પેન્ટિંગ સાફ રાખવા માટે પેન્ટિંગ પર બટાટાની સ્લાઈસ ઘસો.
- કડવી દવા પીવી ન ગમતી હોય તો કડવી દવા પીતા પહેલાં મોંઢામાં બરફનો નાનો ટૂકડો મૂકી દો. દવા કડવી નહીં લાગે.
- વોલ પેપર પર પડેલા ડાઘા દૂર કરવા બેકીંગ સોડામાં થોડું પાણી ભેળવી પેસ્ટ બનાવી ડાઘ પર લગાડી સૂકાવા દઈ તેને હળવેથી ખંખેરી નાખો.
- લખતી વખતે બોલપેન અટકતી હોય તો તેને બારીનાં કાચની સપાટી પર ઘસવાથી પ્લાસ્ટીકની બોલપેન ફરીથી ચાલવા લાગશે.

### ફૂલ

- ફલાવર વાઝમાં એક-બે કોલસા રાખવાથી ફૂલો લાંબા સમય સુધી તાજા રહેશે.
- ઉનાળાની ઋતુમાં ફૂલોને લાંબા સમય સુધી તાજા રાખવા ફૂલોને કાચનાં ગ્લાસને બદલે મેટલની ફૂલદાનીમાં મૂકો.
- ફૂલોને લાંબા સમય સુધી ફલાવર વાઝમાં તાજા રાખવા પાણીમાં એક એસ્પરિનની ગોળી નાંખી દો.

- ફુલદાનીના પાણીમાં લીંબુનો રસ ભેળવવાથી ફૂલો સપ્તાહ સુધી તાજા રહેશે.
- ઉપયોગમાં લેવાયેલી ચાની ભૂકીને ફૂલછોડનાં કૂંડામાં નાખવાથી તે ખાતરની ગરજ સારશે.
- ગુલાબનાં છોડમાં કાજુનાં ફોતરાં નાખવાથી તે ઉત્તમ ખાતરનું કામ કરશે.
- પાણીમાં એક-બે ચમચી સોડા ભેળવી ફૂલ ઝાડને પાણી પીવડાવાથી ઉત્તમ ખાતર સાબિત થશે.
- પાણીમાં એકાદ બે ટીપાં વિનેગાર નાખી તેમાં ૧૫ મિનિટ સુધી ફૂલોને ડૂબાડી રાખવાથી ફૂલોમાંથી નાની જીવાત તથા ધૂળ નીકળી જશે.
- ફૂલ-છોડ રોપતી વખતે ખાતર નખમાં ચોંટી ન જાય તે માટે નખ પર થોડો સાબુ લગાવી દો, માટી નખ પર નહીં ચોંટે.
- કૃત્રિમ ફૂલો પર જામી ગયેલી ધૂળ દૂર કરવા માટે કાગળની થેલીમાં ફૂલ રાખી તેમાં એક મુઠ્ઠી મીઠું નાખી થેલી હલાવી નાખો, પૂલ નવા જેવા લાગશે.
- ઘરમાં સુશોભન માટે રાખેલા મનીપ્લાન્ટમાં બરફ નાખવાથી તે ઝડપથી વધશે અને તાજા પણ રહેશે.
- ગુલાબની વચ્ચે કોપરેલનું એક ટીપું રેડવાથી પાંખડીઓ લાંબા સમય સુધી તાજી રહેશે.
- ફલાવર વાઝમાં ગુલાબનાં ફૂલને તાજા રાખવા માટે તેની દાંડીને મૂળિયેથી ત્રાંસી કાપી બાળી નાખીને ફુલદાનીમાં ગોઠવો.
- થોડા દિવસ ઘર બંધ કરી બહારગામ જવાનું હોય ત્યારે ઈન્ડોર પ્લોટમાં કૂંડામાં ભીના સ્પંજના ટૂકડા મૂકી દો જેથી પાછા આવશો ત્યારે છોડ સૂકાયા વગર રહે.

## અરિસા

- અરિસો તથા બારીનાં કાચ સાફ કરતી વખતે તેના પર લીંબુ ઘસી મૂલાયમ કપડાથી લૂછી નાખો.
- અરિસા-બારીનાં કાચ એમોનિયાનાં ઘોળથી ધોવાથી કાચ ચકચકિત થઈ જશે.
- અરિસાને એરફ્રેશનર વડે સાફ કરવાથી તેમાં ચકચકિત થવાની સાથે સાથે સુગંધ પણ આવશે.
- અરિસા પર ભીનો ચોક લગાડી સૂકાઈ ગયા પછી સ્વચ્છ ભીનાં કપડાં વડે લૂછી નાખો દર્પણ ચકચકિત થઈ જશે.
- અરિસો સાફ કરવા સ્પિરીટ અને ઘાસતેલનું મિશ્રણ કરી તેનાથી સાફ કરવાથી અરિસો ચકચકિત થઇ જશે.
- ભીના છાપાં પર થોડી ટૂથપેસ્ટ કાઢી એનાથી અરિસો સાફ કરવાથી અરિસો ચકચકિત થઈ જશે.

**(અનુસંધાન પાન-૨૫નું ચાલુ)**

ગામમાં જૈન, પટેલ, જાડેજા, હરિજન અને મુસ્લિમ જ્ઞાતિઓની પ્રમુખ વસતી છે તે સિવાય વાળંદ, સુતાર, લુહાર, દરજી, લોહાણા, સોની, ગોસ્વામી, બ્રાહ્મણ વગેરે જ્ઞાતિઓની પણ છૂટી છવાઈ વસતી છે. ગામના જૈન પરિવારો સમૃદ્ધ છે. મુંબઈ અને ભારતના અન્ય નગરોમાં સારો કારોબાર ધરાવે છે. રાજ્યના પૂર્વ પ્રધાન અને કચ્છના પૂર્વ સાંસદ શ્રી હરિભાઈ પટેલ પણ આધોઈ ગામના વતની છે.

આધોઈ આઝાદી પછી કચ્છમાં સમાવવામાં આવ્યું એ દ્રષ્ટિએ એક વિશિષ્ટ અને પોતાનો આગવો ઇતિહાસ ધરાવતું કચ્છનું નગર છે. તે કચ્છના પ્રવેશદ્વાર સમા વિસ્તારમાં આવેલું હોઈ તેને જીવંત સંગ્રહાલય તરીકે વિકસાવવાનો નિર્ણય સમયસરનો છે.

આ નગરનો સંગ્રહાલય તરીકે વિકાસ કરવામાં આવશે તો આધોઈ અને તેની આસપાસ આવેલ ઐતિહાસીક અને હડપ્પીય સભ્યતાના સ્થળો કંથકોટ, ધોળાવીરા, કાનમેર, સુર કોટડા, શિકાપરુ વગેરેનો પણ આપોઆપ વિકાસ કરી શકાશે.

## બાળકો

તમારા બાળકો તે તમારા બાળકો નથી.
પણ, જગજજીવનની પોતા માટેની જ કામનાનાં
તે સંતાનો છે. તે તમારા દ્વારા આવે છે,
પણ તમારામાંથી આવતાં નથી.
અને તે તમારી સોડમાં રહે છે, છતાં તે તમારાં નથી.
તમે એમને તમારો પ્રેમ ભલે આપો,
પણ તમારી કલ્પનાઓ નહીં;
કારણ, તેમને એમની પોતાની કલ્પનાઓ છે.
તમે ભલે એમના દેહને ઘર આપો,
પણ એમના આત્માને નહીં;
કારણ, તેમના આત્મા તો ભવિષ્યના ઘરમાં રહે છે,
જેની તમે કદી સ્વપ્નામાંયે ઝાંખી કરી શકવાના નથી.
બાળકોરૂપી સજીવ બાણો છોડવાનાં તમે ધનુષ્યો છો.
અનંતના માર્ગ પર રહેલું કોઈ લક્ષ્ય તાકી
ધનુર્ધર તમને નમાવે છે.
જેથી એના બાણો ઝડપથી અને દૂર જાય.
એ ધનુર્ધરના હાથમાં તમારું નમવું આનંદમય હો;
કારણ, જેમ ઊડીને જનારું બાણ એને પ્રિય છે,
તેમ સ્થિર રહેનારું ધનુષ્ય પણ એને વહાલું છે.

# ગાંધીનગર ગાથા

● શ્રીમતી વર્ષા જે. મહેતા ●

## સ્પર્ધાત્મક, પરીક્ષાઓનો તાલીમ વર્ગ

શ્રી સૌરાષ્ટ્ર - કચ્છ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગો શરૂ કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર હસ્તકની ખાલી પડેલી જગ્યાઓ માટે સરકાર દ્વારા તબક્કાવાર ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. તે સંદર્ભે શહેરના યુવાન ભાઈ-બ્હેનો વિવિધ ભરની પ્રક્રિયા માટેની તાલીમ આપતા વર્ગો શરૂ કરાયા છે. તાલીમ વર્ગોની બેચ હવે પછી જૂનના પ્રથમ સપ્તાહમાં શરૂ થશે. આ વર્ગો ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં શરૂ થશે. આવા પ્રવેશફોર્મ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી, સે-૭ તેમજ ઈન્ફોસીટી જુનીયર સાયન્સ કોલેજ ખાતેથી મેળવી શકાશે.

## શક્તિ-૨૦૧૪ કાર્યક્રમ

શક્તિ-૨૦૧૪ મહિલા સશિકતકરણનો વર્કશોપ તાજેતરમાં રોટરી ક્લબ ઓફ ગાંધીનગર તરફથી યોજવામાં આવ્યો હતો. જેમાં ૭૦૦ થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો. જેમાં લેખિકા કાજલ ઓઝા વૈદ્ય, તે ભદ્રાયુ વચ્છ રાજાની, રેડિયોમીર્ચી આર.જે ધ્વનિલ ઉપસ્થિત રહી મહિલાઓના સર્વાંગી વિકાસ માટે પ્રેરક પ્રવચનો અને રસપ્રદ માહિતી પૂરી પાડી હતી.

## ડભોડિયા હનુમાનજી

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે પૌરાણિક મહત્ત્વ ધરાવતા શ્રી ડભોડિયા હનુમાનજીનું મંદિર આવેલું છે. આ મંદિર અતિ પ્રાચિન અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. દર શનિવારે સવારની આરતીમાં અનેક ભક્તો ઉપસ્થિત રહે છે. આ આરતીનું ખૂબજ મહત્ત્વ છે. હનુમાન જયંતિ નિમિત્તે ત્યાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. ૭૦૧ તેલના ડબ્બાથી અભિષેક કરાયો હતો. સને ૧૫૧ કિલોની કેક કાપવામાં આવી હતી. આ સ્થળની મુલાકાત ખરેખર અવિસ્મરણીય છે.

## અભિનંદન

આંતર રાષ્ટ્રીય બ્રાહ્મણ સાંસદના રાષ્ટ્રીય સચિવ અને ગાંધીનગરના જાણીતા ધારાશાસ્ત્રી શ્રી અશ્વિન ત્રિવેદીને શ્રી ચાણક્ય સમસ્ત બ્રાહ્મણ ઉત્કર્ષ સેવા ટ્રષ્ટ દ્વારા શ્રી ચાણક્ય એવોર્ડ-૨૦૧૪ એનાયત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અમદાવાદ ખાતે કીડની ઇન્સ્ટીટ્યુટ ઓડિટોરિયમ હોલમાં યોજાયો હતો. શહેરના જાણીતા કથાકાર કનૈયાલાલ પંડ્યા, કે.બી.વ્યાસ અને ડી.કે.વ્યાસનું પણ ચાણક્ય એવોર્ડ એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર કચ્છ મિત્ર મંડળ તેમને અભિનંદન સહ શુભેચ્છા પાઠવે છે.

## ભોલામણ પ્રસંગનું પ્રયોજન

ગાંધીનગર કચ્છમિત્ર મંડળના પ્રમુખશ્રી માવજીભાઈ રંગાણીના પુત્ર જય અને પુત્રી મહિમાના મોસાળ પક્ષ તરફથી 'ભોલામણ' પ્રસંગનું પ્રયોજન કરવામાં આવ્યું હતું. જે તે અંતર્ગત શ્રી કરશનભાઈ પ્રેમજીભાઈ રંગાણી પરિવાર તરફથી આશીર્વાદ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં કચ્છી પટેલ સમાજ ઉપસ્થિત રહ્યો હતો. લગભગ ૧૨૦૦ જણા ઉપસ્થિત રહ્યા હતાં અને જય અને મહિમો આશીર્વાદ-આપ્યા હતા. શ્રીમતી વર્ષાબેન મહેતાના ગ્રુપ તરફથી પ્રસંગને અનુરૂપ વાનો એતો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. કરશી પટેલ સમાજના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## અભિનંદન

ગાંધીનગર કચ્છ મિત્ર મંડળના ભૂતપૂર્વ પ્રમુખશ્રી મનોજભાઈ લીંબાણીની સુપુત્રી ચિ.શીતલના શુભ લગ્ન ઉમિયા ફાર્મ, દહેગામ નિવાસી શ્રી નવીનભાઈ મુ. રૂડાલીના સુપુત્ર શાથે યોજાયા હતા. જેમાં મોટી સંખ્યામાં ગાંધીનગર પટેલ સમાજ તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને નવદંપતિને આશીર્વાદ પાઠવ્યા હતા. ગાંધીનગર કચ્છ મિત્ર મંડળ અભિનંદન સહ શુભેચ્છા પાઠવે છે. ચિ. શીતલે અમદાવાદ કચ્છી સમાજ અને ગાંધીનગર કચ્છ મિત્ર મંડળના અનેક કાર્યક્રમમાં ભાગ લીધેલ છે.

# શબ્દશોધ નં. ૨૫

● પ્રદિપ જોશી-આદિપુર ●

### આડી ચાવી

૧ બજરંગબલી, મારુતિ (૪)

૪ વર્ધમાન સ્વામી, જૈન ધર્મના ૨૪માં તીર્થંકર (૪)

૭ દરિયો, સમુદ્ર (૫)

૯ વેલ (૨)

૧૧ જૂઠું બોલનારી સ્ત્રી (૩)

૧૨ નીર, જળ (૨)

૧૩ એક તેલીબિયું (૨)

૧૫ રમત, ખેલ, સોકઠાં પાસા પત્તાં વગેરેની રમત (૨)

૧૭ સમુદ્ર, દરિયો (૫)

૨૦ જમણી બાજુનું (૩)

૨૨ પ્રશ્ન (૩)

૨૪ સુંદર, મનહર (૩)

૨૬ જશરેખાવાળું, કીર્તિ મેળવવાનું ભાગ્ય ધરાવનારું (૪)

૨૮ ધનરહિત, નિર્ધન, રંક, ગરીબ (૪)

૨૧ બાણ, ધાર્મિક કાયદો, શરિયત (૨)

૨૨. '________ ચલાવવી' એટલે નવો પ્રસંગ શરૂ કરવો, વાર્તા, કથની, કથા (૨)

### ઊભી ચાવી

૧ બોજો ઉપાજનાર મજૂર, કૂલી (૩)

૨ અસ્મિતા, ગૌરવ, અહંભાવ (૨)

૩ કોઈપણ ક્રિયાનું અનુકરણ, '________માં અક્કલ ન હોય' (૩)

૪ માછલી, વહાણમાં થાંભલા વગેરેને લગાડાતો લાકડાનો કે લોખંડનો ચોરસ ટુકડો (૩)

૫ પરાજય, પરાભવ, ગળામાં પહેરવાનું એક આભૂષણ (૨)

૬ સુંદર સ્ત્રી (૩)

૮ ઘેંશ, કાંજી, ભરડકું (૨)

૧૦ પિતા, ખેડૂતને જગતનો ________ કહેવાય છે. (૨)

૧૨ લુચ્ચું, તોફાની, હરામખોર (૨)

૧૪ ગંડસ્થળ, કાનની આગળનો આંખ સુધીનો પોચો ભાગ (૩)

૧૫ બારમી તિથિ (૩)

૧૬ કચ્છ જિલ્લાનું મુખ્ય મથક (૨)

૧૮ સમુદ્ર, દરિયો (૩)

૧૯ એક ચોઘડિયું (૨)

૨૧ 'બ્રહ્મા, વિષ્ણુ, ________' (૩)

૨૩ વેરાઈમાતા, દુર્ગામાતાનું એક સ્વરૂપ (૩)

૨૪ પવન, વાયુ (૩)

૨૫ સૌભાગ્યવતી સ્ત્રી, સુહાગણ (૩)

૨૬ પાણી, નીર (૨)

૨૭ "નામ છે તેનો ________ " (૨)

૨૯ નમેલું (૨)

૩૦ પર્વત (૨)

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | | ૬ |
| | | ■ | ૭ | | ૮ | | ■ | |
| ૯ | ૧૦ | ■ | ૧૧ | | | ■ | ૧૨ | |
| ■ | ૧૩ | ૧૪ | ■ | ■ | ■ | ૧૫ | | ■ |
| ૧૬ | ■ | ૧૭ | | ૧૮ | | | ■ | ૧૯ |
| ૨૦ | ૨૧ | | ■ | | ■ | ૨૨ | ૨૩ | |
| ■ | | ■ | ૨૪ | | ૨૫ | ■ | | ■ |
| ૨૬ | | ૨૭ | | ■ | ૨૮ | ૨૯ | | ૩૦ |
| | ■ | ૩૧ | | ■ | ૩૨ | | ■ | |

### શબ્દશોધ-૨૪ના જવાબો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| હ | નુ | મા | ન | ■ | મ | હા | વી | ર |
| મા | ■ | મ | ક | રા | ક | ર | ■ | મ |
| લ | તા | ■ | લ | બ | રી | ■ | પા | ણી |
| ■ | ત | લ | ■ | ■ | ■ | બા | જી | ■ |
| ભુ | ■ | મ | હા | સા | ગ | ર | ■ | ચ |
| જ | મ | ણું | ■ | ગ | ■ | સ | વા | લ |
| ■ | હે | ■ | સ | ર | સ | ■ | રા | ■ |
| જ | શ | ના | મી | ■ | ધ | ન | હી | ન |
| ળ | ■ | શ | ર | ■ | વા | ત | ■ | ગ |

# શ્રી કચ્છી સમાજ-અમદાવાદ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્નેહમિલન પ્રસંગે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન થશે. (૧) 'શ્રી શિવલાલભાઈ નાનજીભાઈ પટેલ ખોંભડીવાળા' શ્રેષ્ઠતા પારિતોષિક : ધો.૧૦ની પરીક્ષામાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંક આવેલ વિદ્યાર્થીઓને. (૨) 'શ્રી હીરજીભાઈ જેઠાભાઈ પટેલ 'સરસ્વતી' કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક' ધો.૧૦ અને ધો.૧૨ હાયર સેકન્ડરી સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીનીને. (૩) 'નવનીત' શ્રેષ્ઠતા પારિતોષિક : ધો.૧૨ હાયર સેકન્ડરી સામાન્ય પ્રવાહમાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલા વિદ્યાર્થીઓને. (૪) શ્રીમતી ઝવેરબેન રંગવાલા શ્રેષ્ઠતા પારિતોષિક ધો.૧૨ હાયર સેકન્ડરી વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલા વિદ્યાર્થીઓને.

**શ્રી કચ્છી સમાજ-અમદાવાદ હેઠળ આવરાયેલા અમદાવાદ અને ગાંધીનગર આજુબાજુના વિસ્તારોમાં વસતા મૂળ કચ્છના વતની એવા વિદ્યાર્થીઓ કે જેઓ અમદાવાદ અને ગાંધીનગરના વિસ્તારોનાં કેન્દ્રોમાંથી માર્ચ-૨૦૧૩માં ગુજરાત સેકન્ડરી તેમજ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ દ્વારા લેવાયેલી ઉક્ત ત્રણ પરીક્ષામાં ૭૦% કે તેથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયા હોય, તેઓ નીચેની વિગતો** તા.૨૫ જૂન ૨૦૧૪ **સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલી આપવા વિનંતી.**

## વિશિષ્ટ સન્માન

શ્રી કચ્છી સમાજ-અમદાવાદ દ્વારા વિશિષ્ટ ક્ષેત્રો જેવા કે આર્કીટિક, ફેશન ડિઝાઇન, મેડીકલ, ઇજનેરી, સી.એ., સી.એસ., હોટલ મેનેજમેન્ટ, એવીએશન, પીએચ.ડી. વિગેરે ક્ષેત્રોમાં પણ ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાએ ગત વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન મેળવેલ સિદ્ધિઓ ધરાવતા આપણા સમાજના તેજસ્વી સભ્યોનું સન્માન કરાશે. ઉપરાંત સ્પોર્ટ્સ ક્ષેત્રે ગત વર્ષ દરમ્યાન વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરેલ હોય તેમને પણ સન્માનિત કરવામાં આવશે.

ઉપરોક્ત વિશિષ્ટ સન્માન માટે સ્પોન્સરશીપ આવકાર્ય છે.

આ નવા પ્રકારના અભિગમમાં આપનો સહકાર આપી અમને ચોક્કસ પ્રોત્સાહિત કરશો.

## શ્રી કચ્છી સમાજ-અમદાવાદ કાર્યાલય

૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે, એલિસબ્રીજ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬. ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪ (સમય : બપોરે ૧૨ થી ૫)

(૧) (અ) વિદ્યાર્થીનું નામ
(બ) પિતાનું નામ
(ક) દાદાનું નામ
(ડ) અટક

(૨) સરનામું (પીનકોડ તથા ફોન નંબર સાથે)

(૩) જાતિ : સ્ત્રી / પુરૂષ

(૪) જન્મતારીખ / ઉંમર

(૫) કચ્છમાં મૂળ નામ અને તાલુકો

(૬) ઉત્તીર્ણ કરેલી પરીક્ષા

(૭) (અ) મેળવેલ માર્ક્સ
(બ) કુલ માર્ક્સ અને
(ક) ટકા

(૮) (અ) પરીક્ષાના કેન્દ્રના સ્થળનું નામ
(બ) ક્રમાંક નંબર (માર્કશીટ ઝેરોક્ષ જોડવી)

(૯) પરીક્ષામાં મેળવેલી વિશિષ્ટતા

(માર્કશીટ અને પુરાવાની અધિકૃત ઝેરોક્ષ નકલો જોડવી.)

(૧૦) આપને ત્યાં 'કચ્છશ્રુતિ' આવે છે ? હા / ના

(૧૧) આપશ્રી કચ્છી સમાજના સભ્ય છો ? હા / ના

(૧૨) વાલી તથા વિદ્યાર્થીનું નામ, સહી અને તારીખ

**દીપકભાઈ ચૌહાણ (કન્વીનર)** **સંજય રાઠોડ (સહમંત્રી)**
**મો. ૯૮૭૯૫૪૯૭૬૫** **મો.૯૮૯૮૯૧૪૯૮૪**

**સરસ્વતી સન્માન સમિતિ**

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

(ટ્રસ્ટ રજી. નં. ઈ/૬૯૬૬ અમદાવાદ તા.૧૭-૫-૧૯૮૮)

૯૦૫, સ્થાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે, પાલડી-અમદાવાદ. ફોન : ૨૬૫૭ ૬૧૮૪

## સભ્યપદ માટે અરજી પત્રક

૧. નામ : અટક ________ નામ ________ પિતા/પતિનું નામ ________

૨. સરનામું : ________

________

________ પીન ________

૩. ટેલીફોન (મો) ________ (રહે) ________ (ઓ) ________

૪. **Email Id :** ________

૫. કચ્છમાં મૂળ વતન : ________

૬. વ્યવસાયનું સરનામું : ________

________

________ પીન ________

૭. ફોન નં. (ઓ) ________ (મો) ________

૮. જ્ઞાતિ / પેટા જ્ઞાતિ

૯. સમાજના સભ્યના પ્રકાર :

(૧) પેટ્રન સભ્ય (સભ્ય પદ ફી રૂા.૫,૦૦,૦૦૦) - ☐

(૨) દાતા સભ્ય (સભ્ય પદ ફી રૂા.૧,૦૦,૦૦૦) - ☐

(૩) માનદ્ સભ્ય (સભ્યપદ ફી રૂા.૧૦,૦૦૦) - ☐

(૪) આજીવન સભ્ય (સભ્યપદ ફી રૂા.૧,૦૦૦) - ☐

(૫) સામાન્ય સભ્ય (સભ્યપદ ફી રૂ.૨૫૦) - ☐

**નોંધ : દરેક પ્રકારના સભ્ય જીવનપર્યંતના સભ્ય રહેશે, પરંતુ બંધારણ અનુસાર સામાન્ય સભ્યને અન્ય સભ્ય જેટલા હક આપેલ નથી.**

ઉપરોક્ત પૈકી મને ________ પ્રકારનો સભ્યપદ આપવા વિનંતી.

(૧૦) સભ્ય ફીની રૂા. ________ રોકડા / ચેક / ડ્રાફ્ટ

ચેક / ડ્રાફ્ટ નં. ________ બેન્ક ________

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

## કાર્યાલય માટે

શ્રી / શ્રીમતિ ________ નું ________ પ્રકારના સભ્ય પદ ટ્રસ્ટ મંડળના ઠરાવ નં. ________ તા. ________ થી મંજુર કરવામાં આવેલ છે. તેમનો સભ્યપદ નંબર ________ છે.

-માનદ્ મંત્રી / ખજાનચી

★ **ચેક 'શ્રી કચ્છી સમાજ - અમદાવાદ' ના નામનો લખવો.**

# લવાજમ ફોર્મ

કચ્છશ્રુતિ

આપના માસિક પ્રકાશન 'કચ્છશ્રુતિ' માટે અમારું / મારું લવાજમ નીચે પ્રમાણે ટીક કર્યા મુજબના સમય માટે સ્વીકારશો.

| વર્ષ | રૂા. | |
|---|---|---|
| ૨ વર્ષ | ૫૦૦ | ☐ |
| ૫ વર્ષ | ૧૦૦૦ | ☐ |
| આજીવન | ૧૫૦૦ | ☐ |

બહારગામના ચેકોમાં રૂા. ૫૦ અલગ ઉમેરશો.

આ ફોર્મ સાથે બિઝનેશ કાર્ડ મોકલવા વિનંતી.

નામ : ________ મો. ________

કંપની : ________

સરનામું : ________

શહેર : ________ રાજ્ય : ________ પીનકોડ : ________

ટેલીફોન : ________ ફેક્સ : (એસટીડી કોડ) ________

ઈ-મેલ : ________

હું ચેક/ડીડી નં. ________ તા. ________ રૂા. ________ અંકે ________

નો બેન્ક ________ બ્રાન્ચનો ________

'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો આ ફોર્મ સાથે મોકલું છું.

(૧) એડવર્ટાઈઝમેન્ટ આપવામાં રસ છે. પ્રાસંગિક ☐ વ્યવસાયિક ☐

અમદાવાદ

તારીખ : ............................ સહી : ............................

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.**
ફોન : (કચ્છી સમાજ) ૦૭૯-૨૬૫૭૬૧૮૪ Email : kutchshruti@yahoo.com

## કચ્છશ્રુતિ - અષાઢીબીજ વિશેષાંક - જુલાઈ-૨૦૧૪
### 'કચ્છી-કંપા વિશેષાંક'

શ્રી કચ્છી સમાજ-અમદાવાદના મુખપત્ર કચ્છશ્રુતિનો આ વર્ષનો **કચ્છી નૂતન વર્ષ અષાઢી બીજ વિશેષાંક, જુલાઈ-૨૦૧૪**માં પ્રસિદ્ધ કરવામાં આવશે. આ વર્ષના વિશેષાંકમાં સાબરકાંઠા ખાતે વર્ષોથી સ્થાયી થયેલા અને કંપોમાં વસવાટ કરતા કચ્છીઓ વિશેની રસપ્રદ માહિતી આપવામાં આવશે. મોટાભાગે આ કંપાઓમાં કચ્છથી વર્ષો પહેલા સ્થળાંતર કરી ગયેલા કચ્છી પાટીદારો કે જેઓ મહદ્ અંશે ખેતીના વ્યવસાયમાં જોડાયેલા તેઓની માહિતી આપવામાં આવશે. આપની પાસે પણ આ અંગે કોઈ વિશેષ માહિતી હોય તો લેખકે માહિતી સ્વરૂપે શ્રી કચ્છી સમાજ-અમદાવાદના કાર્યાલય પર તા. ૧૦-૬-૨૦૧૪ સુધીમાં મોકલી શકો છો.

આ વિશેષાંકમાં આપ આપના વ્યવસાયની કે શુભેચ્છા જાહેરાત આપી શકો છો. જાહેરાતના દરો નીચે મુજબના રહેશે.

| | |
|---|---|
| **ટાઈટલ પેજ-૨ મલ્ટીકલર** | **રૂ. ૧૫,૦૦૦/-** |
| **ટાઈટલ પેજ-૩ મલ્ટીકલર** | **રૂ. ૧૫,૦૦૦/-** |
| **ટાઈટલ પેજ-૪ છેલ્લુ મલ્ટીકલર** | **રૂ. ૨૫,૦૦૦/-** |
| **અંદરનું પેજ ફુલ મલ્ટીકલર** | **રૂ. ૭,૦૦૦/-** |
| **અંદરનું અડધુ પેજ ફુલ મલ્ટીકલર** | **રૂ. ૩,૫૦૦/-** |
| **અંદરનું આખું પેજ બ્લેક/વ્હાઈટ** | **રૂ. ૨,૦૦૦/-** |

**આપની જાહેરાત વિગત સાથે શ્રી કચ્છી સમાજના કાર્યાલય પર તા. ૧૫-૬-૨૦૧૪ સુધીમાં મોકલી આપશો. આપની જાહેરાત ઈ-મેઈલ દ્વારા PDF, CDR, JPG ફોર્મેટમાં પણ મોકલી શકો છો.**

ઈ-મેઈલ : **kutchshruti@yahoo.com & ozabvo@gmail.com** પર મોકલી આપવા વિનંતી. આપના સહકારની અપેક્ષા - તંત્રી.

## શ્રી કચ્છી સમાજ અમદાવાદ - શૈક્ષણિક હેલ્પલાઈન

વ્હાલા સભ્યો, આગામી સમય એ એડમિશનનો સમય છે આજે જ્યારે શિક્ષણની વિપુલ તકો ઉપલબ્ધ છે ત્યારે કચ્છમાંથી ઉચ્ચ અભ્યાસ માટે અમદાવાદ તથા અન્યત્ર જતાં વિદ્યાર્થીઓને શિક્ષણ/કારકિર્દીને લગતા કોઈપણ પ્રકારની સમસ્યાઓના સમાધાન માટે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. આ હેલ્પલાઈન દ્વારા કોર્સની પસંદગી, કોલેજોની પસંદગી, સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ તથા અન્ય ખાનગી કોર્સ વિશે શક્ય તેટલી માહિતી પુરી પાડી માતા-પિતાની મુંઝવણોનો મહદ્ અંશે નિરાકરણ કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવશે.

અત્રેથી આપવામાં આવનાર માહિતી એક સુચન પ્રકારની હશે. એડમીશન તથા ઉચ્ચ શિક્ષણ બાબત અંતિમ નિર્ણય વિદ્યાર્થી તથા વાલીઓએ જાતે સમજી વિચારીને લેવા વિનંતી છે.

**શૈક્ષણિક હેલ્પ લાઈન નં. ૦૮૪૦૧૭૩૫૮૯૯**

**હિમાંશુ ઠક્કર**

બી-૩૦૨, મિલેનિયમ પ્લાઝા, સ્વામીનારાયણ મંદિર સામે,
માનસી ટાવર ચાર રસ્તા, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫.

# કામણગારા કચ્છને સલામ...!




*ઈ.સ. પૂર્વે 5000થી આજ સુધીના કચ્છના વિકાસની તેજસ્વી તવારીખનો દસ્તાવેજ આપતાં અનોખાં બે પુસ્તકો –*

*ત્રીસ જેટલા સર્જકો-પત્રકારોના પરિશ્રમ અને અભ્યાસલેખોથી સમૃદ્ધ આ ગ્રંથમાં એવું ઘણું બધું છે જે તમને વિસ્મયમુગ્ધ કરી દેશે...*

**આજે જ વસાવો...**

## કચ્છનો સર્વાંગી ઇતિહાસ (ખંડ : 1-2)

સંપાદકો :
હંસરાજ કંસારા, ઉમિયાશંકર અજાણી, નરેશ અંતાણી, દિલીપ વૈદ્ય

**કિંમત : રૂ. 700 (બંને ખંડના)**

## આ ઉપરાંત અન્ય પુસ્તકો

| | | |
|---|---|---|
| કચ્છ વિહંગાવલોકન | હરેશ ધોળકિયા | 75 |
| જયંત ખત્રીનો વાર્તાવૈભવ | સંપા. શરીફા વીજળીવાળા | 160 |
| કચ્છની રસધાર ભા. 1થી 5 | દુલેરામ કારાણી | 375 |
| છાવણી (ઇનામી નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 150 |
| અંગદનો પગ (નવલકથા) | હરેશ ધોળકિયા | 150 |
| કચ્છી કથાઓ | સ્વામી સચ્ચિદાનંદ | 90 |




- વિવિધ પ્રસંગોને યાદગાર અને સુગંધમય બનાવવા માટે ભેટ આપી શકાય તેવાં સેંકડો પુસ્તકો
- સાહિત્યિક ઉપરાંત શૈક્ષણિક પ્રકાશનો
- આરોગ્ય વિષયક, પ્રવાસ વિષયક, મહિલા-વિષયક અને હાસ્યરસનાં પુસ્તકો –

વિનામૂલ્યે અમારું સૂચિપત્ર મેળવવા સંપર્ક કરો

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૪૪૬૬૩ ફેક્સ : ૨૨૧૪૪૬૬૩ ઈ-મેઇલ : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર :**
5, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે, અમદાવાદ-380015 ■ ફોન : 26304259

REGD. NO. GAMC/1028/2012-14 VALID UPTO 31-12-2014, R.N.I. 46515/87, DATE : 16-3-88
POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

*Let's Do the Best Furniture With.....*

**-: AUTHORISED DISTRIBUTOR & DEALER :-**

JEWEL PLY — M. R. GRADE, BWP GRADE, PHENOL BONDED PLYWOOD, The Group of Quality

ASSAM Status

Durian — DECORATIVE LAMINATES

SUNDEK INTERNATIONAL — DECORATIVE LAMINATES

iPL — INTERNATIONAL PREMIUM LAMINATES — Playground for Creativity

Warrior — Plywood - Block Board - Flush Door

Cedar lam — GORGEOUS LAMINATES

POSITIVE — PLY & BOARD

**-: Also Available :-**

- Teak Wood
- MDF
- Liner Laminate
- Flush Door
- Veneer
- Door Skin

**Amit Surani (Patel)**
98244 79923

**Brijesh Patel**
96240 30203

RAVI ENTERPRISE

# RAVI ENTERPRISE

Sahakari Lati Bazar, Zone-2, B/h. Gita Mandir, Nr. S.T.Stand, Ahmedabad-22. Gujarat, INDIA.
**Telefax : (O)** + 91-79-25399423
**E-mail : ravienterprise_004@yahoo.co.in**

Printed & Published by Shri Kailasdan K. Gadhvi, President, Shri Kutchhi Samaj – Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. Printed at Madhavi Offset, Khokhara, Ahmedabad. Published at Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trader Centre, Opp. Kocharab Ashram, Ellisbridge, Paldi, Ahmedabad-380 006
Editor : Shri Bharat Oza. Price : Rs. 3.00 Lifetime Subscription : Rs.1500/-